# ગુણાતીત જ્યોત




વર્ષ ૫૬, અંક : ૯, તા.૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬, સંવત - ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૦, સોમવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦




તા.૧૫.૮.૨૦૨૬ : ચૈતન્ય જનની સોનાબાના પ્રાગટ્યદિનની ઉજવણી...









ભાવાર્પણ અને માહાત્મ્ય વંદના...









## તા.૨૬.૮.૨૦૨૬ : પ.પૂ.દેવીબેનનો ૯૦મો પ્રાગટ્યદિન
## ‘બ્રહ્માનંદી તેજ પર્વ’ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ...



# બ્રહ્મતેજનું અમૃત









































તેજ ઝબકારા



















'બ્રહ્મતેજનું અમૃત' સાંસ્કૃતિક કાર્યક્રમનું કલાકાર વૃંદ...








ભાવવંદના માણતું ભક્તવૃંદ...










## તા.૨૭.૮.૨૦૨૬ : પ.પૂ.દેવીબેનનો ૯૦મો પ્રાગટ્યદિન
## 'બ્રહ્માનંદી તેજ પર્વ'ની ઉજવણી...















તા.૨૭.૮.૨૦૨૬ : પ્રભુકૃપા તીર્થધામેથી શોભાયાત્રાનો પ્રારંભ...



ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દેવીબેનનું બેન્ડવાજાંથી સ્વાગત...










પુષ્પવૃષ્ટિ અને હૈયાના હરખભાવોથી વધામણાં...







આનંદે વધાવતો ભક્ત સમુદાય...





'બ્રહ્માનંદી તેજ પર્વે' બ્રહ્માનંદની રસલ્હાણ...







પ.પૂ.દેવીબેનનાં જીવનનાં પ્રેરણાદાયી પ્રસંગોની સ્મૃતિ સાથે સ્વાગત વધામણાં...














ઉત્સવના સ્મૃતિ સંભારણાં...











પુષ્પવંદના...





























પ.પૂ.દેવીબેનના 'બ્રહ્માનંદી તેજ પર્વ'ની જય જય જય...



# ગુણાતીત જ્યોત

જાગ્રત રહી સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.

– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'... જેને કલ્યાણને ઈચ્છવું તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને તેનો આશ્રય દ્રઢ રાખવો. ભગવાનના સ્વરૂપનો નિશ્ચયરૂપ ગર્ભ હોય તેને ભગવાનનું જે અક્ષરધામ તે રૂપ ફળની પ્રાપ્તિ થાય છે.' (વચ.ગ.મ.૯)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

ભગવાન તથા સાધુના શબ્દથી દેહ બંધાય છે તે દેહે કરીને ભગવાન ભજાય છે ને પોતાની સમજણ મૂકીને ભગવાન તથા સાધુની સમજણ પ્રમાણે ચાલવું. (સ્વામીની વાતુ પ્રક.૫ની ૧૮૨મી વાત)



### દિવ્યામૃત

આપણે કોઈનું ભૂંડું થાય તે માટે મૂર્તિ ન વપરાય તેનું ધ્યાન રાખવું તે ગુણાતીત જ્ઞાન. અને સૌનું ભલું ઈચ્છતા થઈ જઈએ એ આધ્યાત્મિક પરિવર્તન. (તા.૨૦.૧૧.૧૯૫૯)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૧૫ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૪૧ |
| પપ્પાજીની પરાવાણી... | ૧૬ | પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા... | ૪૩ |
| પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિને... | ૧૭ | Report on the Felicitation Programme... | ૪૮ |
| સત્સંગ સમાચાર... | ૧૮ | Report of Blood Donation Camp... | ૫૦ |



# પપ્પાજીની પરાવાણી...

પ્રભુથી પળેપળ ભરેલી રાખવી છે. વિચારે ચઢીએ, ભૂલીએ ત્યાં જાગ્રત રહો. પ્રભુમાં મન લઈ જઈએ. લહોટાઈ ના જાય તેનું ધ્યાન રાખવું. પ્રભુથી ભર્યા રહેવું એ આજ્ઞા છે. આપણે પ્રભુથી ભર્યાં રહીશું એટલે મન ખાલી રહે. નીરવ મન એ બ્રાહ્મીસ્થિતિનું લક્ષણ છે. મળ્યા છે તેમને ભજ્યા કરીએ એ એમની ઉપાસના છે. નીરવ મનમાં કદાચ જપયજ્ઞ કરીએ. પણ જ્યાં સુધી મનમાં બીજા ત્રીજા વિચાર ચાલે છે ત્યાં સુધી બ્રહ્મયજ્ઞ નથી. આપણી ફેલાયેલી વૃત્તિઓ હોય ત્યાં સુધી બ્રહ્મયજ્ઞ નથી. નિષ્કામ જીવન નથી.

શ્રીજી મહારાજના બે આદેશ છે. આજ્ઞા ને ઉપાસના. આજ્ઞા એટલે પ્રભુ અને તેમના સંબંધવાળાને બ્રહ્મરૂપ માનો. દેહ તો એક દિવસ પડી જ જવાનો છે. મન પણ સાથે જવાનું છે. ઈન્દ્રિયો, અંતઃકરણ પણ સાથે જશે. રખિયા જ થવાની છે. એનું ચિંતવન ન હોય. એ સાધન તરીકે વપરાય એટલા માટે મનને નીરવ રાખીએ.

મન નીરવ એટલે રાખવાનું કે જેથી કરીને પ્રભુનો આદેશ આવે ત્યારે તરત જ એ પ્રમાણે વર્તાય. મન ફેલાયેલું હોય તો પ્રભુનો આદેશ હંભળાય નહીં. જેમ કે ચારે બાજુ વાજીંત્રો વાગતા હોય ને આપણે ગમે તેટલા મનમાં ન જાય તેવા પ્રયત્ન કરીએ પણ તે જશે. પણ જો પ્રભુ સાથે લયલીન રહેવાની ટેવ પાડી હશે તો ઢોલ નગારા વાગતા હોય ને તેની વચ્ચે આપણે બેઠા હોઈશું તો પણ તેની અસર નહીં થાય. આપણી સમાધિ નહીં તૂટે. વિચારો બંધ કરવા પ્રેક્ટીસ કરવી પડે.

આપણે વર્ષોથી બોલીએ છીએ કે આ પળ ધામરૂપ રહેવું છે, નીરવ રહેવું છે. એમાં પોતાની જાતે અંતર્દ્રષ્ટિ કરતા જઈએ. જોતા જઈએ એ સાધક. આપણે પળેપળ સાધક અવસ્થામાં નીરવ રહી જપયજ્ઞ કરવા પ્રયત્ન કરવો. જ્યારે જપયજ્ઞ કરીએ ત્યારે તેમાં મન રાખીએ ને જ્યારે સેવા કરીએ ત્યારે સેવામાં મન રાખીએ તો આપોઆપ એકાગ્રતા વધશે. ઘણા સાધકોએ પ્રભુને ઉપાયભૂત કર્યા હોય ને પાર પડ્યા હોય તેવા અનુભવ્યા છે. તો આપણે આળસ, પ્રમાદ છોડી ખપ જગાડીએ. સતત જપયજ્ઞ કર્યા કરીએ તો પ્રસંગ એ પ્રસંગ લાગશે જ નહીં. આપણી પ્રભુમય મસ્તી જશે નહીં.

આ વીણાબેન ! જ્યારે હૉસ્પિટલમાં પેશન્ટનું ઑપરેશન કરતાં હશે ત્યારે એ કેવા એકાગ્ર થતાં હશે. જો એકાગ્ર ના રહે તો આડુઅવળું કપાઈ જાય. એણે ભગવાનને પળેપળ સંભારવા જ પડે. તો વહેલી ભગવાન ધારતી થઈ જાય કે નહીં ! એટલે એકાગ્રતાથી પ્રભુમાં લય રહીએ.

આપણા નસીબ તો જુઓ ! એણે આપણને એના ઘેર બેસાડ્યા. ખાધા-પીધાની ચિંતા ના રાખી. કથાવાર્તાથી સમજ પાડે એવા સ્વરૂપો આપી દીધા. જે દોરવણી આપ્યા જ કરે છે. જેને કરવું હોય તે બધા જ કરી શકે તેવું મેદાનમાં મૂક્યું છે. જે કરીએ તે દેખાડા માટે નહીં પ્રભુને રાજી કરવા કરવું. બસ, આ પળ ધામરૂપ રહેવું જ છે. પ્રભુથી ભર્યા રહેવું જ છે.

(તા.૨૪.૯.૧૯૮૭)



## તા.૨૮.૯.૨૦૨૬ : પરમ પૂજ્ય મમ્મીજીના પ્રાગટ્યદિને...

મમ્મીજી પ્રબુદ્ધ આત્મા. પ્રબુદ્ધ આત્માનું જીવન એટલે જીવવા છતાં પ્રત્યેક પળે વિરમવું ને વિરમી ગયા છતાં પ્રત્યેક પળે જીવવું. મમ્મીજી આવું જીવ્યા છે. એમના જીવનની પ્રત્યેક પળ ગુરુહરિ પપ્પાજી મહારાજના અભિપ્રાયની ભક્તિ અર્થે હતી. અદ્વૈત છતાં સંપૂર્ણપણે દાસત્વભાવે અખંડ વર્ત્યા. પ્રભુ સેવા માટે પળેપળ વિરમતા રહ્યાં.

હર્ષ, શોક, જ્ઞાનની અસ્મિતાને એક અજ્ઞાની બની, ભક્તો ને ભગવાનને ચરણે વિલીન કરતાં રહ્યાં. મમ્મીજીનું વાત્સલ્ય વહેતી સરિતા જેવું તો સૌ કોઈ સંબંધીઓને આદરથી આવકાર્યા. તેમનું મમતાથી જતન કર્યું ને પ્રભુમય બનાવ્યા.

મમ્મીજીનો હૃદયસંદેશ સંપ, સુહૃદભાવ ને એકતા ને માહાત્મ્યેયુક્ત સેવા એ તેમનો જીવન સંદેશ. તેમના જીવનમાં પ્રભુ પ્રત્યે ૧૦૦% સમર્પણ અને સર્વોપરી નિષ્ઠા હતી. એમની ગરવાઈમાં પ્રભુપ્રાપ્તિનો કેફ ગૂંજતો હતો. એમના મૌનમાં આધ્યાત્મિક દ્રષ્ટિ હતી. એમના વર્તનમાં પ્રભુ સાક્ષાત્કારની ખુમારી હતી. આવા મમ્મીજીની પ્રાપ્તિ આપણને થઈ એ જ મહાભાગ્ય.

તેઓએ સમર્પણનો આદર્શ પ્રસ્થાપિત કર્યો. પારલૌકિક પ્રેમનું દર્શન કરાવ્યું. સ્વરહિત, અહમ્‌શૂન્ય બની કેવી રીતે જીવાય તે આદર્શ આપ્યો. સમદ્રષ્ટિભર્યું જીવન, સેવકભાવમાં અવ્વલ. મમ્મીજીએ મુક્તોને સ્નેહે સ્વીકાર્યા તેમ પ્રસંગોને પણ સ્નેહથી આવકાર્યા છે. પ્રભુની મરજી જાણીને અભિપ્રાયની ભક્તિ કરીને જીવ્યા છે. કોઈ ઠરાવ નહીં, આગ્રહ નહીં. બસ મારા પ્રભુની શી ઈચ્છા છે ? તે જ જીવન.

વિચારમાં વ્યભિચાર કર્યો નથી.
કદીય વાણીને વ્યર્થ વાપરી નથી.
વર્તનથી સ્વધર્મ ચૂક્યા નથી.

એવાં મમ્મીજી...

સ્વધર્મમાં – અચલ, કર્તવ્યપરાયણ, સમતાથી રહ્યાં.
સેવામાં – ખંત, ધગશ એકાગ્રતા રાખ્યાં.
ભક્તિમાં – શૂરવીરતા, દિવ્યતા, પ્રભુતા રાખી.
પ્રાર્થનામાં – શુભ સંકલ્પ, સુહૃદભાવ ને ભલાઈ ઈચ્છી.
ભજનમાં – લયતા, ભક્તિ ને પ્રભુ અનુરાગી રહ્યાં.
વર્તનમાં – વિવેક, વિનમ્રતા, સહજતા રાખ્યાં.
ક્રિયામાં – ચોકસાઈ, ચીવટાઈ ને સ્પષ્ટતાથી વર્ત્યા.
સાધનામાં – વચન, વફાદારી ને સરળતાથી જીવ્યાં.
દિવ્ય જીવનમાં – ધીરજ, ધર્મ ને જ્ઞાન રાખ્યાં.
પ્રસંગમાં – દિવ્યભાવ, સાક્ષીભાવ, નિર્દોષભાવ રાખ્યાં.

આવા ગુણનિધિ મમ્મીજીએ મારા પ્રભુના એ બધા મારા એવા માતૃભાવે સૌનું જતન કર્યું ને ગુણાતીત સમાજની ચૈતન્ય જનની બની ગયાં.

મમ્મીજીને તેમના પ્રાગટ્યદિને કોટિ કોટિ વંદન સાથે પ્રાર્થના છે કે, હે મમ્મીજી ! તમે સ્વનું સમર્પણ કરીને પ્રભુને રાજી કરી લીધાં તેમ અમે સૌ અમારાં અંગે સ્વધર્મમાં અચલ રહી, વફાદાર રહી, પ્રભુના ગમતામાં જીવી, પ્રભુની સેવા અહમ્ શૂન્ય બની, પ્રભુની રીતે કરીએ તેવા આશીર્વાદ આપી ધન્ય કરશોજી.

## સત્સંગ સમાચાર

### તા.૧૭.૮.૨૦૨૭ : ચૈતન્ય જનની સોનાબાના પ્રાગટ્યદિનની ઉજવણી...

આવાહ્ન શ્લોક અને પ.પૂ.સોનાબાના શ્લોક સાથે બાને વંદન કરી સભાનો પ્રારંભ કર્યો. સૌ પ્રથમ પૂ.સ્મૃતિબેન દવે માટે અડધો કલાક ધૂન કરી. સભા સંચાલક પૂ.હર્ષાબેન પટેલે સોનાબાના મહિમામાં સૌને રત કર્યા. વાત્સલ્યભાવનું અસ્ખલિત વહેતું ઝરણું એ બા. શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજની પ્રેમલ પરછાંઈ એ બા. ગુણાતીત સમાજના પાયામાં ખપી ગયાં એ બા. પ્રભુ પ્રેરિત અક્ષરધામની યોજના પ્રમાણે જંગ ખેલ્યો એ બા. અનંત દીકરાઓની ચૈતન્ય મા એ બા. સમજણેયુક્ત અસાધારણ પ્રીતિ એ બા. આદર્શ ગુણાતીત સાધક, ગુણાતીત ગુરુ, ગુણાતીત સ્વરૂપ એ બા. કોઈનાય દોષ, ક્રિયા જોયા વગર કરુણા અને આશિષ વરસાવ્યા જ કરે એ બા. શૂરવીરતાની મૂર્તિ એ બા. પપ્પાજીનું માહાત્મ્ય સમજાવનાર બા. બળ્યો ઝળ્યો આત્મા સંત સરોવરે જાય ને ટાઢો થઈ જાય તે બા. આ મહિમાભાવો સાથે શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.સોનાબાને હાર અર્પણ કર્યા. અને સ્વરૂપો તથા વડીલ ભાઈઓને કલગી અર્પણ કરી. ત્યારબાદ બાના મહિમાની વાતો થઈ તેનો સાર માણીએ.

**પૂ.નીમુબેન સાકરિયા :** બાએ કોઈ પર કાંઈ આગ્રહ નથી રાખ્યો. પોતે જ રસબસ થઈ ખૂબ સેવા કરી ને ભજન, પ્રાર્થના પણ કર્યા. કર્મયોગી બહેનોનું પણ ભજનથી જતન કરતાં.

૧૯૬૩માં બેન સાથે અમે ઈંડિયા આવેલા ત્યારે બા અમને તારદેવ લઈ ગયા ને ખૂબ આત્મીયતાથી રાખ્યા. આ સત્પુરુષોએ વચનરૂપી ઘણી મૂર્તિ આપી છે. તેની સ્મૃતિ કર્યા કરવી નહીં તો વિસરાઈ જાય. ને વાગોળીએ તો જીવનમાં સુખ, શાંતિ ને આનંદ વધતા જાય. એવું અમારા સૌના જીવનમાં થાય તે જ પ્રાર્થના.

**પૂ.હરણાબેન :** જ્યોતિબેન, તારાબેને ભગવાન ભજવાની શરૂઆત કરી. દીદીને પણ કહ્યું કે ભગવાન ભજ. મહેન્દ્રભાઈ ગાંધીને તારદેવનો જોગ હતો. પણ ઘરના સત્સંગી નહોતા. તેમણે બાપાને વાત કરી. બાપાએ કહ્યું તમારા ઘરનાને સોનાબા પાસે મોકલજો ને ગયા. આજે એ આખું કુટુંબ ભગવાન ભજે છે. બાની શક્તિ, ભક્તિ ખૂબ. શાસ્ત્રીજીમહારાજ, યોગીજી મહારાજ ને પપ્પાજીના કાર્યમાં યાહોમ થઈ ગયા. ભાઈઓનું કાર્ય સોંપ્યું તો એમાં પણ યાહોમ થઈ ગયા. એમને પણ ખૂબ મહિમા ગાયો.

હું ભણતી ત્યારે પ્રવચન લખવાની સેવા સોંપી. તેમાં બાના પ્રવચન લખવાની સેવા મળી. એ પ્રવચન હું ટાઈપ કરતી હતી ત્યારે એક વાર બા ત્યાં પધાર્યા. ને બાએ જાતે અક્ષર શોધી શોધીને મને આશીર્વાદ ટાઈપ કરી આપેલા. આમ બાએ નાની નાની વાતોમાં રસ લઈને બળિયા બનાવ્યા તો ભગવાન ભજવાનો ખૂબ આનંદ છે. બા તમારા જેવી સ્વરૂપનિષ્ઠા, ધ્યેય નિષ્ઠા, વાત્સલ્યભાવ બધા મુક્તો માટે થઈ જાય એ જ પ્રાર્થના.

**પૂ.મંજુબેન ઝાટકિયા :** હું શરૂઆતમાં જ્યોતમાં સમૈયો કરવા આવી હતી ને પપ્પાજી, દીદીએ રોકી લીધી. શરૂઆતમાં ખૂબ અઘરું લાગતું. ઘણી સેવાઓ કરી પછી છેલ્લે નાસ્તાની સેવા સોંપી. મેં ના પાડી પણ પપ્પાજી અને બા કહે તું કર. આમળાનું જીવણ બનાવવાનું હોય, અથાણા બનાવવાના હોય, પાપડ, મઠિયા બનાવીએ તે બધામાં બા હાજર હોય ને બધું શીખવાડે. સેન્ટર પર કંઈ મોકલવાનું હોય તો તેનું પેકીંગ કરીને બગડે નહીં તેવી રીતે તૈયાર કરવાનું એ બધું બા ને માસીબા શીખવાડે. રોજ બા આવે ને કહે થડકો નહીં રાખતી. પપ્પાજીને યાદ કરવાના. તેમના વચને સેવા સ્વીકારી તો બળ પણ ખૂબ આપ્યું. બા બ્રહ્મજ્યોતિ જાય તો ગરમ સુખડી લઈને જાય. ભાઈઓ પણ રાહ જોતા હોય. દરેક કેન્દ્રના સંતો, ભાઈઓનું બાએ ખૂબ જતન કર્યું છે. બા તમે જે આજ્ઞા – સેવા આપી છે તે તમે રાજી થાવ તેવી કરી શકું તેવી પ્રાર્થના.

ત્યાર બાદ પ.પૂ.જસુબેન રચિત **'બાના પ્રેમનો પ્રવાહ ઓછો થાય નહીં...'** ભજન ગવાયું.

**ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ :** બાના પ્રાગટ્યદિને બધી સ્મૃતિઓ તાજી થઈ જાય. બાએ અપાર પ્રેમ આપ્યો છે. બધાને હૃદયથી પ્રેમ કરતા'તા. ને તેનાથી પર ઉઠીને સહૃદયી સૌનાય બન્યા છે. ફેક્ટરી પર અમે સેવા કરતા ત્યારે ખરેખર બાની રાહ જોતા. બા પ્રસાદ લઈને આવતા. સાધનામાંથી પસાર થતા હોઈએ ત્યારે જે હૂંફ અને પ્રેમ બાએ આપ્યા તેને લીધે આપણે બધા બચી ગયા.

બાને એક જ ધખણા કે આ પપ્પાને ઓળખી લેજો. ગુણાતીત સમાજના પાયામાં આ સ્વરૂપો છે. બાએ શાસ્ત્રીજી મહારાજથી માંડી પપ્પાજી મહારાજ સુધીના સ્વરૂપોને સેવ્યાં. કેટલી પરની સ્થિતિમાં બા જીવતાં હશે ! આપણા બધાની યાત્રા પપ્પાજી સુધી પહોંચવાની છે. તેમાં જે પ્રસંગો આવે તેનો સ્વીકાર કરીએ. બાએ સૌના જીવનમાં પાયાનું કામ કર્યું છે. બાને કોઈ સાધક પાસે કાંઈ અપેક્ષા નહોતી.

આપણી આવડત, બુદ્ધિથી કાંઈ થવાનું નથી. આ સ્વરૂપોની ચેતના પ્રત્યક્ષ છે જ. તેમને ઉપાયભૂત કરીએ. અમેય તમારું સાચું કાર્ય બનીને રહીએ, કેવળ નિર્દોષબુદ્ધિ રાખીએ એ જ પ્રાર્થના.

**ત્યાર બાદ વિદ્યાનગરના મહિલામંડળે બાનું માહાત્મ્ય સંવાદ દ્વારા રજૂ કર્યું.**

મુંબઈ બાળમંડળના **પૂ.જૈવીનભાઈ ધવલભાઈ દત્તાણીએ** પોતે ૩૦૦ શ્લોક મોઢે કર્યા. તેઓએ 'હે અક્ષરપુરુષોત્તમ પ્યારા, મંગલ કરનારા...' પ્રાર્થના ભજન ગાઈને પોતાનો ભાવ પ્રભુને ધર્યો.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આટલા બધા વર્ષો આ સ્વરૂપો સાથે રહેવા મળ્યું ! એ જમાનામાં વિધવા થયેલા બાએ બાળકોનું શૂરવીરતાથી જતન કર્યું. મારી પાસે શાસ્ત્રીજી મહારાજ છે એ કેટલી શૂરવીરતા ! તેમની નિષ્ઠા, શ્રદ્ધા ને વિશ્વાસ દ્રઢ હતા. તો શાસ્ત્રી મહારાજ તેમના ઘરે ટાણે ટાણે જઈને ઊભા રહેતાં. ભગવાન ભક્ત પાછળ જાય એ બા કેવા ! એ પછી યોગીબાપા, કાકાજી, પપ્પાજીને સ્વીકાર્યા એ કેવી નિષ્ઠા ! બાએ દરેક સ્વરૂપની રીત સ્વીકારી એ બાનું આધ્યાત્મિક લેવલ કેવું હશે ? કેસ વખતે સોનું, દાગીના ઓગાળાવ્યું. એ સમયે એવું સમર્પણ કરવું એ કેવા તેમણે કાકા-પપ્પાને માન્યા હશે !

અડધો કલાકનું ભજન ને સામામાંથી ગુણ શોધતા શીખી જાવ તે બાએ શીખવ્યું. ગુણ લેવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય. માટે ગુણ જોતાં ને લેતા શીખી જ જવું છે. ટાણે ગુણ લઈએ ને મહારાજ જોતાં થઈ જઈએ. બાનું મહિમાસભર જીવન હતું તો બાળકો પાસે મહિમા ગાયા પછી જ સૂવે. જ્યોતિબેન, તારાબેન, લલિતાભાભીને કેવી ટ્રેનીંગ આપી !

બાના શ્વાસોશ્વાસે જે પ્રત્યક્ષની નિષ્ઠા હતી તો ક્યારેય મનુષ્યભાવ નથી આવ્યો. બાના જીવનમાં એક ડીસીપ્લીન હતી ક્યારેય દિવ્યતા વિના વાત જ નહીં. મર્યાદામાં રહ્યાં છે. પોતાના સત્યો, માન્યતાનો ભૂક્કો બોલાય તો પણ એ જ નિષ્ઠા. પપ્પાજી ને ભક્તોની લીલામાં રાચ્યાં તો સમાજમાં, જીવનમાં પ્રસંગો બન્યા તેનો સામનો કરી શક્યાં. એટલે જ પપ્પાજીના મુખમાંથી શબ્દો સરી પડ્યાં કે 'હજારો જન્મેય આવી બા ના મળે.' પપ્પાજી કહેતાં કે, બા મને મિનિટે મિનિટે મીસ કરે છે. એવા બા. પ્રત્યક્ષ સ્વરૂપ સાથે જીવ જોડી દીધો. તેમની મરજી વગર જીવ્યા જ નથી. સોનાબાને ક્યારેય જનરેશન ગેપ નડી નથી. જ્યારે જે સ્વરૂપની જે રીત અને જે પરિસ્થિતિ સર્જાઈ તેમાં ભળી ગયાં. તો બાને કોઈ માન્યતા મૂકવામાં પ્રશ્ન નડ્યો નથી. એ અસાધારણ પ્યોર સ્વરૂપનિષ્ઠા. આજે નિશ્ચય કરીએ કે જીવવું તો બા જેવું ટોપ જીવવું. આપણે બધા બળિયા બનીએ. હું ને મારો ભગવાન બે જ. મહિમા વિચારીએ, ભૂલો થઈ હોય ત્યાં માફી માંગીએ. એવો સૌ સ્વરૂપો બુદ્ધિયોગ આપે તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.સોનાબા :** અંતરનો રાજીપો શી રીતે મળે ? માહાત્મ્ય ને સ્મૃતિસહ સેવા કરીએ તો રાજીપો મળે. આપણે પ્રભુને રાજી જ કરવા છે. એકબીજા માટે પ્રાર્થના કરીએ તે આધ્યાત્મિક સુહૃદભાવ છે. ધૂન કરીએ, એકબીજાની સેવા કરીએ તે મહિમાસહિત કરવી. તો અંતરના દોષ ટળી જશે ને

સુખ આવ્યા વગર રહેશે નહીં. તેમના વચનમાં શંકા ના કરીએ. આપણા ચૈતન્યના ડાઘા કાઢવા છે તો નાનું વચન પાળવા તાન રાખવું. આવું કરીશું તો તે કરી જ આપશે. તેમનો સંકલ્પ છે. સૌ જ્યાં છે ત્યાંથી આગળ જાય એવું જીવવાનું બળ મળે તે જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંનેનું સ્વરૂપ બા છે. કૌટુંબિક ભાવનાવાળા ગુણાતીત સમાજમાં બધાય બ્રહ્મનિયંત્રિત જ વર્તે છે. તો શાસ્ત્રી મહારાજ યોગીજી મહારાજે પોષ્યું તેને બાએ પાણી પાયા. હજાર મા જેટલું વાત્સલ્ય બાનું. તો માહાત્મ્યસભર સમાજ થઈ ગયો. બા ના અખંડ પ્રેમ ને આશીર્વાદ મળ્યા કરે છે.

વીજળી જેવા સંતો પકવવા બાની જરૂર પડે. તેમના પ્રતાપે આગળ વધી રહ્યા છીએ. અડધો કલાકનું ભજન એટલે બાની સ્મૃતિ. આપણે બધાએ આધ્યાત્મિક પ્રગતિ કરવી છે. તે માટે બાના આશીર્વાદની જરૂર રહે છે. આખો સમાજ સુખે સુખે આગળ જાય, માહાત્મ્યેયુક્ત સેવા ને સાથે ભજન કરીને સૌ બ્રહ્મરક્ષિત બની જાય તેવા બા આશીર્વાદ આપે.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** આજે ચૈતન્ય જનની સોનાબાનો જન્મદિન ઉજવી રહ્યા છીએ. એક વખત બાનો સમૈયો ઉજવવાનો હતો. પણ ખૂબ વરસાદ વરસ્યો. બધું પાણી પાણી... આજેય પ્રાર્થના કરી હતી કે વરસાદ ન પડે. ભગવાને સાંભળ્યું ને ન પડ્યો. સોનાબાનું નામ સૌના બા પાડ્યું. સૌની મા. નાનપણથી સત્સંગી તો શાસ્ત્રીજી મહારાજને ભગવાન માન્યા ને આંતરિક વફાદારી રાખીને અંતરથી સમર્પણ કર્યું.

હું જ્યારે ૧૬ વર્ષની હતી ને એકવાર બાના ઘરે ગયા ત્યારે બાએ મને કહ્યું કે, છોડી ભગવાન ભજ નહીં તો મારા જેવી કરીને પણ ભજાવશે. તે શબ્દ લઈને હું ઘરે ગઈ. તેના પર વિચાર કર્યો. જ્યારે પપ્પાજીના દર્શન થયા ને પાકી નિષ્ઠા થઈ ત્યારે સમજાઈ ગયું કે હું ભગવાનની છું. ને થયું કે જ્યોતિબેન, તારાબેનની જેમ મારે ભગવાન ભજવા છે. સોનાબાએ આશીર્વાદ આપ્યા'તા. જ્યારે ભગવાન ભજવાનો પ્રારંભ કર્યો ત્યારે મારે જ્યોતિબેન, તારાબેન સાથે જ ભજવું હતું. કાકાજી, પપ્પાજી, બાએ સ્વીકાર કર્યો. ને હું તારદેવ ગઈ. તેમાં બાએ ઘણું સહન કરવું પડ્યું છે. આવું બાએ બહેનો, સંતો, ભાઈઓમાં ખૂબ કામ કર્યું છે એટલે એ ચૈતન્ય જનની ગણાય છે. આજે આપણે બધા પ્રેમથી બાનો પ્રાગટ્યદિન ઉજવવા ભેગા થયા છીએ. આપણે બધા ભગવાનના છીએ. આપણે બધા સાથે સરળતાથી રહી શકીએ છીએ તે તેમની કૃપા છે.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી, પપ્પાજી આ સ્વરૂપોને બાએ સેવ્યાં. પપ્પાજીને સ્વીકારવા એ સહેલું નહોતું. જ્યારે શાસ્ત્રીજી મહારાજ ગઢડાનું મંદિર કરતા હતા ત્યારે આર્થિક સંકડામણ આવી. પછી શાસ્ત્રી મહારાજ મુંબઈ પધાર્યા. કાકાજી દર્શન કરવા ગયા તેમને કહે, મેં આ ઉંમરે મંદિર કરવાનું શરૂ કર્યું. અત્યારે તકલીફ છે. તારી પાસે પૈસા હોય તો આપ. કાકાજીએ પોતાના ધંધા માટે ભેગા કરેલા પૈસા આપી દીધા. યોગીજી મહારાજ ત્યારે સાથે હતા. શાસ્ત્રીજી મહારાજ તો સ્વધામ ગયા. યોગીજી મહારાજે પોતાના અંતરની પ્રસન્નતા કાકાજીને આપી ને સાક્ષાત્કાર કરાવ્યો. પપ્પાજી પણ આફ્રિકાથી આવી ગયા. અને તેમને સોંપેલા કાર્યમાં બાએ સાથ આપ્યો.

સત્પુરુષને આંતરિક વફાદારી જોઈએ છે. તે બા જેવી રાખીએ તો પપ્પાજી સદાય સાથે છે. આપણે ભગવાનની સેવા એમની રીતે કરવી છે. ભગવાન સાથે વાત કરીને કરવી છે. એવું કરવાનું આપણને સૌને બળ આપે. આપણે દ્રઢતાથી નક્કી કરીએ તો એ બળ આપશે. કદાચ પ્રસંગ આવે તો આપણે બધા સહજભાવે તૈયાર રહીએ.

સોનાબાની પ્રસન્નતા આપણે લેવી છે. બાના હૈયા જેવું આપણું હૈયું રાખીએ. બધા મુક્તો માટે માહાત્મ્યેયુક્ત હેત રાખવું. આપણે સૌ ભગવાનના ભક્તોના દર્શનનું સુખ ભોગવનારા થઈએ એવી આપણા ભગવાન આપણા પર કૃપા કરે.

ત્યાર બાદ તેજસ્વી વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓનું અભિવાદન કરી સભાનું સમાપન કર્યું.

## તા.૨૦.૭.૨૦૨૬ : પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પરમ પૂજ્ય હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન : 'પ્રેરણા પીયૂષ પર્વ'ની મહિમાગાનની સભા...

આજે તારીખ પ્રમાણે પ.પૂ.હંસાદીદીને ૯૦ વર્ષ પૂર્ણ થયા. આશ્ચર્ય અનુભવાય છે કે આ સંકલ્પ અને પ્રાર્થના મૂર્તિ આપણા હંસાદીદીએ સ્વયં કહ્યું છે કે, મારો ૯૦મો પ્રાગટ્યદિન નહીં, પણ મને લાગે છે કે હું નવ વર્ષની છું એવું અનુભવું છું. આ કેવી નવીન અને આત્માના ઊંડાણમાં લઈ જાય તેવા દિવ્યતાના શબ્દો છે ! એમના વિચારો સંકલ્પ બને છે. એ ધોધમાં આ માહાત્મ્ય મૂર્તિનું નાનપણથી વિશેષ રીતે જ તેમના જીવનને માણ્યું છે. ૧૦ વર્ષની આયુમાં પોતે કહે છે કે, 'હું આ જન્મે વાસનારહિત થઈને જઈશ.' આ શબ્દો એ સામાન્ય નથી.

એ અસામાન્યતા હંસાદીદીના જીવનમાં કોઈ કથાવાર્તાથી ઉભરી નથી. વહેતી રહી છે. ને આત્માના સાક્ષાત્કારના પ્રસંગથી પ્રાર્થનાનો રાહ બતાવનાર હંસાદીદીની પ્રભુ સાથેની નિકટતાનો અનુભવ હવે તો આપણને દ્રઢ કરાવી દીધો છે.

આ પાયાના સ્વરૂપોમાં જે સદ્‌ગુણો છે તે સંભારતા થાય છે કે, જેને મૂળ કહેવા એ મૂળને પકડતા શીખવાડે એવું સધ્ધર મૂળ એ પ.પૂ.હંસાદીદીની પરાભક્તિનું ફળ જોઈ રહ્યાં છીએ.

ગુણાતીતાનંદ સ્વામીની વાતુમાં છે કે, કથાવાર્તા કરવી એ મોટામાં મોટી સેવા છે. એ સેવા નાનપણથી હંસાદીદીએ આત્મા સાથે કર્યા કરી.

અને ત્યાર પછી એમણે આપણને પ્રેરણા પીયૂષ પાયાં એ કીર્તનો દ્વારા, પત્રો દ્વારા, પ્રત્યક્ષ સમાગમ દ્વારા, શિબિરો દ્વારા, વિચરણ દ્વારા મુખ્યત્વે મહાપૂજા દ્વારા, કથાવાર્તા દ્વારા, ભજનોના નિરૂપણ, પપ્પાજીએ લખેલા લેખના નિરૂપણ, પપ્પાજીને પ્રશ્નો પૂછી તેના જવાબના જ્ઞાનનિધિ મેળવવામાં, હસ્તલેખિત ગ્રંથ દ્વારા, શિક્ષાપત્રીના, સ્વામીની વાતુના, વચનામૃતના નિરૂપણ દ્વારા, તેના ગુટકા સ્વરૂપે અનુપમ, ધ્રુવતારકને જેવા લેખિત પ્રકાશનો દ્વારા, સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા તેમણે આપણને આત્મારૂપે જીવવાનું ભાથુ આપ્યું છે. જ્યોત વ્યવસ્થા, ચોકસાઈ, ચીવટાઈ સ્પષ્ટતાએ તેન અને મનને શબ્દ દેહ બાંધી આત્માને સદાય જાગ્રત રાખ્યો છે. અંતર્દ્રષ્ટિના માર્ગ પર ચાલતા કર્યા છે.

પ.પૂ.હંસાદીદીની અંતરની ધખણા છે કે, સૌ કોઈ ગૃહી–ત્યાગી એકાંતિક ધર્મ સિદ્ધ કરી લ્યો. તે માટે નિરંતર જાણપણારૂપ દરવાજે ઊભા રહી શું કરવું ? તે સમજાવતાં જ રહ્યાં છે.

હંમેશા ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદનું સ્મરણ કરાવ્યા જ કરે છે કે, આપણે પપ્પાજી મહારાજના વહાલા બાળકો છીએ, આશા છીએ, ભવિષ્ય છીએ. એની સદૈવ જાગ્રતતા રખાવી રહ્યાં છે કે, આપણા માટે કંઈ જ અશક્ય નથી. એક પ્રભુના થઈને જીવો. એમના ને ભક્તોના ગુણ ગાયા કરો. એના સિવાય બીજું કાંઈ કરવા જેવું નથી. આ તેમની ધખણા આપણા હૃદયમાં દ્રઢ કરાવવા સંકલ્પના તેજ પાથર્યા છે. અને તેમણે ભજનરૂપે આપેલા ફગવા 'અંતરથી અંતર ટળે નિરંતર...' આપણા જીવનમાં સાકાર થાય તેવી જાગ્રતતા રાખી, પરમ ભાગવત સંત બની, આપણે સૌ તેમની ધખણા પૂરી કરી પપ્પાજીનું કાર્ય બની રહીએ.

તા.૨૦.૭.૨૦૨૬ સાંજના ૪:૩૦ થી આવાહ્‌ન શ્લોકથી મહિમાગાનની સભાનો પ્રારંભ કર્યો. સ્વાગત ભાવો સાથે પ.પૂ.હંસાદીદીને મંચ પર આસનસ્થ કર્યા. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.હંસાદીદીને હાર અર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા. પૂ.રશ્મિતાબેન મારડિયાએ પ.પૂ.હંસાદીદીના 'પુષ્પદલ પરિમલ' પુસ્તકમાંથી પ્રશ્નોત્તરી દ્વારા હંસાદીદીના મહિમામાં રત કર્યા. પૂ.ભાવનાબેન ડી.એ વફાદારી પર, પૂ.પ્રતિક્ષાબેને નિષ્કપટભાવ પર અને પૂ.હર્ષાબેન પટેલે સ્વરૂપનિષ્ઠા પર પ્રેક્ટીકલ પ્રસંગો દ્વારા પ.પૂ. હંસાદીદીના જીવન અને કાર્યની ઝાંખી કરાવી.

ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજના, પ.પૂ.હંસાદીદી, પ.પૂ.પદુબેનના આશિષ માણીને સભાનું સમાપન કર્યું.

## તા.૨૩.૮.૨૦૨૬ : પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પરમ પૂજ્ય હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન : 'પ્રેરણા પીયૂષ પર્વ'ની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજી મહારાજના મહિલાના આધ્યાત્મિક ઉત્કર્ષના યુગકાર્યના પાયાના સ્વરૂપોમાંથી જે પ્રત્યક્ષ સ્વરૂપે આપણી મધ્યે રહી દર્શન, આશિષ આપી રહ્યાં છે એવાં હંસાદીદીને કોટિ કોટિ વંદન. સવારે ૯:૩૦ વાગે પ.પૂ.હંસાદીદી પ્રભુકૃપા તીર્થધામે પધાર્યા. ગુરુહરિ પપ્પાજી મહારાજને પ્રાર્થનાભાવ સાથે પાયલાગણ કરીને આશિષ યાચના કરી. ત્યારબાદ ગુણાતીત જ્યોત, પપ્પાજી હોલમાં પધાર્યા. પ્રભુ વંદના કરી. મેઘધનુષી સુશોભનવાળા આસને બિરાજમાન થયા. મેઘધનુષી રંગોવાળો પથ શોભી રહ્યો હતો. પથની બંને બાજુ દરેક પીલર પર મેઘધનુષી કલાત્મક ફ્રેમમાં ૯૦ વર્ષની સ્મૃતિ કંડારી હતી.

ત્યારબાદ પૂ.પ્રતિક્ષાબેન રચિત 'ફુલડે વધાવું આજે હોંશે વ્હાલમજી...' ભજનના તાલ સાથે મહિલા, યુવતી મંડળના બહેનોએ વાત્સલ્ય મૂર્તિ હંસાદીદીને સ્વાગત વધામણાં કરી મંચ પાસે બિરાજમાન કર્યા.

ત્યારબાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'જય હો પપ્પાજી પ્યારા, જય હો દીદીજી વહાલા...' ભજન પર સાધક બહેનો અને યુવતીમંડળના બહેનોએ સ્વાગતભાવ ધર્યાં.

હંસાદીદીના ગુણ કાર્યનું દર્શન કરાવતું પૂ.ધર્મિષ્ઠાબેન મોઢ રચિત 'પપ્પાજી સ્વરૂપા હંસાદીદી...' ભજન પર પ.પૂ.વિજ્ઞાનસ્વામી સંબંધી વડોદરા મંડળના પૂ.સામંતકાકા સંબંધિત દીકરીઓએ પોતાના અંતરભાવો નૃત્ય દ્વારા હંસાદીદીના ચરણે ધર્યાં.

પ.પૂ.હંસાદીદી ઈ.સ.૧૯૩૬માં જન્મ્યા ત્યારથી ઈ.સ.૨૦૨૬ સુધીની સંક્ષિપ્તમાં દિવ્ય જીવનની સ્મૃતિઓ સંવાદ દ્વારા માણી.

ત્યારબાદ પ.પૂ.હંસાદીદી તેમજ સ્વરૂપો શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજને પાયલાગણ કરી મંચ પર આસનસ્થ થયા. ચિદાકાશી મેઘધનુષી રંગોના સુંદર સુશોભન મધ્યે હંસ આસને આપણા આતમ પરમાતમ અક્ષરધામનું દર્શન સુખ આપીને સ્મૃતિસભર કર્યા. ત્યારબાદ આવાહ્ન શ્લોકથી સ્વરૂપોને વંદના કરી સભાનો પ્રારંભ થયો. સભાનું સંચાલન કરતાં પૂ.હર્ષાબેને પ.પૂ.હંસાદીદીના આધ્યાત્મિક જીવનનું દર્શન કરાવ્યું કે, હરિ અભિન્ના, સંકલ્પ સ્વરૂપા, વાત્સલ્ય મૂર્તિ હંસાદીદીના જન્મદિનની ઉજવણીથી વિશેષ કૃતજ્ઞતા દિનની આપણે ઉજવણી કરી રહ્યાં છીએ.

દીદી બચપણથી પ્રતિભાશાળી, વિચક્ષણ, બુદ્ધિમતા ને કલાકૌશલ્યથી સૌના પ્રેરણામૂર્તિ બન્યા છે. ગુરુહરિ પપ્પાજી મહારાજના અસીમ મહિમાને સૌના હૃદયમાં ગાજતો કર્યો છે. એવી મહાનતા છતાં પતિવ્રતાભક્તિથી સ્વામીભક્તિથી હરિને ધાર્યા ને સૌને પમાડ્યા છે. અનંત આત્મામાં ગુણાતીત જ્યોત પ્રગટાવી છે એવા હંસાદીદીના ૯૦ વર્ષની ભક્તિસભર જીવન વંદનાના અવસરને માણી રહ્યાં છીએ. ૯૦ વર્ષની યાત્રા પળેપળ પપ્પાજીની સ્મૃતિમય વીતી. તેમના પ્રત્યેક શ્વાસ પપ્પાજીના વચન, સ્મૃતિથી ધબકયા ને પપ્પાજીની પરાભક્તિમાં વીતી રહ્યાં છે.

હંસ જેમ નીર–ક્ષીરને અલગ કરે તેમ હંસાદીદી આપણને દેહભાવથી નોખા કરે છે. તેમના વિવેકસભર વર્તનથી ગુરુહરિ પપ્પાજીએ જ્યોતના મહંત બનાવ્યા. આ અવસર તેમની ભક્તિ અને નિર્વ્યાજ, નિસ્વાર્થ, વાત્સલ્યને વંદન કરવાનો અવસર છે. જેમ આ સ્ટેજના સુશોભનમાં મેઘધનુષી સપ્તરંગ નયનરમ્ય, મનગમ્ય લાગે છે તેમ આ સત્પુરુષના ગુણોના રંગ હૃદયગમ્ય છે. આત્માને રંગે છે. બ્રાહ્મીસ્થિતિના સુખથી સભર કરે એવા હંસાદીદી છે. એમના પ્રત્યેક વચનો, ભજનો, જીવનચરિત્ર પ્રેરણા પીયૂષરૂપ છે. એમની પળેપળ પ્રભુ પ્રીત્યર્થે, ચૈતન્યોના હિતાર્થે છે. એમની પરાવાણીએ જાગ્રતતાના દીપ પ્રગટે છે. એમના અનંત ભજનો ગાનાર, સાંભળનાર સર્વના હૃદયમાં પ્રેમભાવ, મહિમાથી

પ્રભુમાં મગ્ન કરે છે. એવાં હંસાદીદીના મહિમાનું દર્શન કરીએ.

**પૂ.પ્રતિક્ષાબેન :** હૈયામાં આજે આનંદ છે સાક્ષાત્ દીદી ૯ દાયકા પૂરા કરી શતક દાયકામાં પ્રવેશે છે તેનો આનંદ છે. નયનરમ્ય સુશોભન છે. જ્યાં સેવાની ભાવના હોય ત્યાં સુખ જુદુ જ હોય.

સાત દાયકા – ગુરુહરિ પપ્પાજીમાં પ્રભુની અનુભૂતિ થઈ તેના ૭૦ વર્ષ. જે મેઘધનુષ રૂપે દર્શાવ્યા છે. તેના સાતેય રંગની અલગ અલગ ખૂબી છે, ગુણ છે.

દીદીને ૧૯૫૬માં જે પપ્પાજીએ પ્રસાદ આપ્યો કે, 'લ્યો હંસદેવ જમો.' એ શબ્દોમાં અલગ પ્રભાવ હતો. વચનસ્મૃતિની ધરોહર છે. પપ્પાજીએ કહ્યું કે, પ્રેયપંથક છોડીને શ્રેયપંથક સ્વીકારે છે એ અઘરું છે. ત્યારે દીદીએ કહ્યું કે તમારા બળે, આશરે બધું કરવા તૈયાર છું ને પપ્પાજીએ કોલ આપ્યો. એ વચનસ્મૃતિની ધરોહર લઈને દીદી કાર્યસ્વરૂપ બનીને રહ્યાં. પપ્પાજી સાથે ૭ દાયકા તેની અનેક સ્મૃતિઓ છે.

શૂરવીરતા, સ્પષ્ટતા, સુહ્રદભાવ, સરળતા, સમત્વભાવ, સાક્ષીભાવ, સહજ અવસ્થાનો ભાવ તેમાં રહેતા દીદીને નિહાળ્યા છે. દીદી એવું સ્વરહિતનું સ્વરૂપ છે તે પપ્પાજીને સાકાર આપણામાં જોઈ રહ્યાં છે.

આજે મેઘધનુષી સુશોભન છે તેમાં દરેક રંગમાં દીદીના ગુણ સમાયા છે. ઉર્જાથી ભરપૂર છે.

**જાંબલી રંગ :** દીદીના જીવનની જ્ઞાનભક્તિ ને શક્તિની ઉર્જા દર્શાવે છે.

**નીલો રંગ :** નિષ્ઠા, વિશ્વાસ ને શ્રદ્ધાનો સંગમ તે દીદીના જીવનમાં જોયો છે.

**વાદળી રંગ :** પરબ્રહ્મ તત્ત્વની અનંતતાને પામી જઈ પૂર્ણતાના શિખરે બેસી ગયેલા દીદી સેવકભાવે રહ્યાં છે.

**લીલો રંગ :** દીદી એટલે પ્રેમ, વાત્સલ્ય, શીતળતાની ગંગોત્રી કહીએ તેવા છે.

**પીળો રંગ :** દીદીએ પપ્પાજીના હ્રદયને વાંચ્યું. એ જ્ઞાન–ભક્તિને પોતાના જીવનમાં અપનાવ્યું ને આપણી પાસે રજૂ કર્યું.

**કેસરી રંગ :** દીદીની શૂરવીરતા દર્શાવે છે. સંકલ્પ, શક્તિ ને આત્મવિશ્વાસથી વિરોધોમાં શૂરવીરતાથી વર્ત્યા ને નવો માર્ગ ખોલ્યો.

**લાલ રંગ :** ઉત્સાહ, ઉમંગ ને નવ સર્જનાત્મક વિચારોની સરવાણી એટલે દીદી.

દીદીને દરેક વાતમાં નવું નવું જ કરવું ગમે. તો હે દીદી ! દીદી તમે ખૂબ નિરામય અમારી સાથે રહી દર્શન આપો ને નિત નવી નવી સ્મૃતિ આપજો. તમે પ્રસન્ન રહો. અમારા અંતરમાં મેઘધનુષ બંધાય. તમારી ભાવના છે તેમ અમે પપ્પાજીનું કાર્ય બનીએ. તેમાં આડા આવતા મન, બુદ્ધિને નેવે મૂકી તમારા બળે જીવતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.વિરેનભાઈ :** આજે ભાવોના પૂર વહે છે. નાનપણની ઘણી સ્મૃતિઓ થઈ. અમે તે વખતે બરોડા રહેતા. આણંદ ટાઉનહોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. તેમાં વાપરવા માટે અમારા ઘરે સોફો હતો તે દીદીએ મંગાવેલો એ સ્મૃતિ થઈ આવી.

સાઉથની ટ્રીપમાં દીદીના નજીકથી દર્શન થયા. અમે એડવાન્સ પાર્ટીમાં જતા. બધી જગ્યાએ હોટલની રૂમે રૂમે ફરીને દીદી ચેક કરે. દરેક હરિભક્તની સગવડ સચવાય તેનું ધ્યાન રાખીને ગોઠવે. એકવાર એક નાનું બાળક કહી ગયું કે આ રૂમ મને ન ફાવી. તો ત્યાર પછી તેને અગવડ ન પડે તેનું ધ્યાન દીદીએ રાખ્યું. એમનું જીવન ભક્તોમય, પપ્પાજીમય છે. દરેક હલનચલનમાં ભક્તિ છે.

મગનબાપા ધામમાં ગયા ત્યારે ઈલેશભાઈ મહાપૂજા કરતા હતા. ને અચાનક દીદી તીવ્રતાથી ધૂન કરવા લાગ્યા. જાણે કોઈનો પોકાર સાંભળીને ત્યાં પહોંચી ગયાં હોય તેવું લાગેલું.

અત્યારે દીદીના બંને દર્શન થાય છે. હસે છે અને ગંભીર પણ છે. એમના સહ્રદયી આપણે બની શકીએ તેવી પ્રાર્થના.

**પ.પૂ.માયાબેન :** આજ મહારાજ પોતાનું ધામ, પાર્ષદ ને સમગ્ર ઐશ્વર્ય લઈને પધાર્યા છે તેનું દર્શન થાય છે. સપ્તરંગી દુનિયાના જીવોને તેમાંથી પોતાનામય કરવા અપનાવ્યા છે. તે સપ્તરંગમાંથી એક સફેદ રંગ થાય

છે. અનંત ચૈતન્યોને સંબંધ આપીને દીદી પપ્પાજીના ચરણે ધરી રહ્યા છે. સૌ ચૈતન્યોને પોતાના મટાડી રહ્યા છે. દરેકને પ્રાર્થનાથી અહમ્‌શૂન્ય બનાવી રહ્યા છે. અહમ્ વગર માણસ ઊભો ન રહી શકે. તે અહમ્‌ને દાસત્વભક્તિથી ઊભો રખાવે છે. કેવળ પપ્પાજી તારા થકી હું. આપણે સૌ સુખિયા થઈએ તેવી એમની ભાવના છે. પ્રાર્થના કરવાની રીત એમણે શીખવી છે. આપણાપણું મટાડવા કોઈપણ સ્વરૂપે આવે ત્યારે આભાર માનીએ તેવી જાગ્રતતા રાખીએ. પપ્પાજીના એક સફેદ રંગમાં લીન થઈ જઈએ એવા અમે જાગ્રત બનીએ. પ્રસંગે પપ્પાજી સિવાય બીજા કોઈ દર્શન ન કરીએ તેવા સબળ બનાવજો. જેથી અમારું વર્તન જોઈને તમે રાજી થાવ ને તમારી શતાબ્દી ઉજવીએ એ જ પ્રાર્થના.

**પૂ.ડૉ.નીલમબેન :** હૃદયના ગ્રેટીટ્યુડમાં થેંક્યુ સિવાય કોઈ શબ્દ નથી આવતા. દીદીના દેહની ઉંમર થઈ પછી પણ પહેલે દિવસે દર્શન કર્યા તે જ ભાવ છે. ગુણાતીત ભાવ સમજતા જન્મો નીકળી જાય. પપ્પાજીએ સ્ત્રીમાત્રને બ્રહ્મરૂપ કરવા અથાગ શ્રમ કર્યો. દીદી ના હોત તો હું અહીં ના હોત. ને પપ્પાજી ના હોત તો સ્ત્રીભાવથી પર થઈ સાધકભાવ ના પ્રગટ્યો હોત. અનંત આશ્ચર્ય ને આનંદ અનુભવાય છે તે આપણે સૌ માણીએ તે જ પ્રાર્થના.

**પૂ.હરીશભાઈ ઠક્કર :** અત્યારે અમે ચાતુર્માસ નિમિત્તે પુસ્તકોનું પારાયણ કરીએ છીએ તેમાં 'પુષ્પદલ પરિમલ' પણ વાંચીએ છીએ. તેમાંથી દીદીના જીવનની ઝલક માણીએ. પૂ.ભગવતરાયને ઈંગ્લીશ, સંસ્કૃત, ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હતું. નાટક, કાવ્ય પણ લખતા. તે દર્શન દીદીમાં થાય છે.

દીદીએ નાનપણથી સ્વામિનારાયણ મંત્ર બોલીને જ કંઈપણ મોઢાંમાં મૂકે તે નિયમ લીધો એ આજે પણ છે. દીદી શિક્ષકનું ભણ્યા તેનો ઉપયોગ તારદેવમાં બાળકોને ભણાવવામાં કર્યો. શાંતાબાને મૂર્તિ સાથે વાત કરવાની ટેવ હતી તે દીદીમાં પણ જોવા મળે. દીદીએ ચોકસાઈ, ચીવટાઈની પોતાના વર્તનથી શીખ આપી. દીદીએ કેટલા બધા ભજનો બનાવ્યા જે આપણને મૂર્તિમાં રહેવામાં કામ લાગે છે.

અમારા અક્ષર, સભર નાના હતા તેમને દીદીના ખૂબ આશીર્વાદ મળ્યા છે. દીદીએ એકવાર મને શીખ આપી કે ગાડી ચલાવીએ ત્યારે સીટ બેલ્ટ બાંધવાનો ને પપ્પાજીને યાદ કરવા. એ આપણું આવું નાનું નાનું પણ ધ્યાન રાખે છે.

દીદી, આપની તબિયત જાળવજો. આપની વીશ છે તેમ પપ્પાજીનું કાર્ય બનવું જ છે. ને જ્યાં જઈએ ત્યાં આપની સુવાસ ફેલાવીએ ને વ્યવહાર પ્રધાનમાંથી સત્સંગ પ્રધાન જીવન જીવતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

**પૂ.હરીનીબેન :** હું ખૂબ નસીબદાર છું. દોઢ વર્ષની હતી ત્યારથી દીદીએ આંગળી પકડી તે હજુ ચાલુ છે. અમને કશુ આવડતું નહોતું. તેમાં મા તરીકે જતન કર્યું. આપણામાં આવડત છે કે નહીં તે ગુરુને ખબર હોય છે. વર્ષમાં બે વાર પ્રોગ્રામ થતાં. એકવાર દીદીએ મને કલાસીકલ ડાન્સ કરવાની આજ્ઞા આપી. હું શીખતી ગઈ. કોલેજમાં સાડલા પહેરીને જવાની પપ્પાજીએ આજ્ઞા આપી. દીદીએ તરત તે પ્રમાણે ડ્રેસ તૈયાર કરાવ્યો. આમ દરેક બાબત શીખવી. ગુરુનું વચન કેવી રીતે પાળવું તે સિંચન કર્યું.

સમૈયા હોય ને દીદી પાસે જઈએ તો મુખ્ય સેન્ટર પપ્પાજીનું જ હોય. તેમાં પણ દીદી ખૂબ સૂઝ આપતા. અમારી સાધક તરીકેની આચારસંહિતા પ્રમાણેનું અમારું જીવન બને તેનું ખૂબ ધ્યાન આપ્યું છે. આધ્યાત્મિકતામાં પણ ખૂબ જતન કર્યું. દીદીને પ્રાર્થના તમારી જે આશા છે તેવા અમે બની રહીએ.

**પૂ.મનહરભાઈ સોલંકીએ** ગુણાતીત પ્રકાશના ભાઈઓ માટે પપ્પાજીની મૂર્તિવાળી રાખડી બનાવી તે દીદી પાસે પ્રસાદીની કરાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

**ગુણાતીત પ્રકાશ પૂ.પ્રવીણભાઈ મકવાણાએ તેમના પુત્ર પૂ.વ્યજતભાઈએ** બનાવેલ પપ્પાજીની મૂર્તિ દીદીને અર્પણ કરી.

**પૂ.જ્યોતિભાભી માવાણીએ** પોતે બનાવેલ ભજનની કડી 'મારી ગુરુમા વહાલી છે...' ગાઈ

હૃદયભાવ અર્પણ કર્યા.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** કેટલા વર્ષ કેવી રીતે જતાં રહ્યા તે ખબર જ ના પડી. ભગવાને આપણને સુખી સુખી કર્યા. પપ્પાજીએ જે શ્રમ કર્યો, દાખડો કર્યો, તેમાં પપ્પાજી આપણને શું આપવા માગે છે તેની આપણને સમજ છે કે નહીં તે પ્રશ્ન મનમાં રહ્યા કરે છે. પપ્પાજીએ કહ્યું તમે મારી આશા છો, ભવિષ્ય છો. પપ્પાજીની આશા શું છે તે ખબર ના પડી. ત્યાગી કે ગૃહી દરેકનું સ્થાન એમના હૃદયમાં છે તો એમને આપણી પાસે આશા છે કે એકાંતિક બની જઈએ. એમણે આપણા માટે શ્રમ કર્યો છે તે જરૂરથી આશા રાખે છે પણ આગ્રહ નથી રાખ્યો. સાથે રહ્યા તો એમણે સંકલ્પ જણાવ્યો. હવે પૂરો કરવો એ આપણી વાત છે.

આપણે બધા એકબીજા સાથે આંતરિક એકતાથી જીવીએ છીએ. આપણને રાજી કરવાની ભાવના છે. તો આ વર્ષે જાતે નક્કી કરીએ. હું એકાંતિક ધર્મ સિદ્ધ કરવા શું કરું છું તેની મને ખબર હોવી જોઈએ. આપણને આપણા મટાડ્યા છે. સમય દેહ બદલે છે પણ એને સત્તા નથી કે એકાંતિક બનાવી દે. પ્રભુના વચન પ્રમાણે જીવન કરવું તો ચોક્કસ તેમની આશા પૂરી કરી શકીશું. તેમણે સરળતા, સૂઝ, સમાગમ આપ્યો છે તો એકાંતિકપણું સિદ્ધ કરવું છે. આપણું કેમ બાકી છે ? કારણ હું મારી મટતી નથી. તે 'હું' પણું મૂકવા પપ્પાજી મહારાજ પાસે બળ માગીએ.

પપ્પાજી સામાન્ય પુરુષ નહોતા. દિવ્યાતિદિવ્ય સત્પુરુષ હતા તો આંતરિક બળ મળી ગયું. સુખે સુખે મારી ફાવતી સેવા કરાવી મને મારી મટાડી રહ્યા છે. પપ્પાજી ગરજુ થયા છે. આપણા કરતા તેમની ગરજ વધારે છે. આપણે સેવા તો કરીએ છીએ પણ ગરજ કેટલી છે તે જોવાનું. ગરજ હોય તો શારીરિક બળ પણ મળી જાય. પપ્પાજી આપણા છે. તેમણે સુખે સુખે કરાવવાનું નક્કી કર્યું છે. તો આપણે જાગ્રત થઈને મંડીએ ને ધ્યેય સિદ્ધ કરી લઈએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** જોગી મહારાજનો ભવ્ય સંકલ્પ. તેના ફળસ્વરૂપે આવા ભગવાનધારક સ્વરૂપો મળી ગયા. આ ગૃહસ્થ ભાભીઓ પણ દીદીના વચને જીવતી થઈ ગઈ. તેમના પ્રારબ્ધ દીદીના સંકલ્પે થાય છે.

દીદીએ અક્ષરધામના ભજનો બનાવ્યા. દીદી મૂર્તિને ભગવાન માનતા. તેમને સરફેસ લેવલ પર ભગવાન છે. મૂર્તિને ધારીને હાંક મારો. તે દીદીએ શીખવ્યું. દીદી જબરજસ્ત ભગવાન ધારક થઈ ગયા. કાળ, કર્મ, માયા આપણા માટે નથી. તેવી નિષ્કામ મહાપૂજા દીદી કરે છે. બધા મોટેરા કરે છે. એ ભગવાન કેમ ના સાંભળે? આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી.

ગુણાતીત સમાજના સંબંધવાળા બધાં જ એમના જેવું સુખ ભોગવતા થઈ જાય. આપણું પ્રારબ્ધ મોટેરાના સંકલ્પે વપરાય છે. આપણે એમાં જોડાઈએ ને સ્મૃતિ કરીએ. આવા મોટા સ્વરૂપો સાથે આત્મીયતા થઈ ગઈ. આવા સાધુ ને એકાંતિક મળ્યા તો જૂના પ્રારબ્ધ લૂછી અક્ષરધામના પ્રારબ્ધ કરી દેશે. બસ તેમના પ્રાર્થના ને ભજનથી વધુ સુખી સુખી થઈ જઈએ. દીદીને તો સરફેસ લેવલ પર ભગવાન છે. તો સૌ કોઈ ગુણાતીત ભાવમાં સુખે સુખે રહેતા થઈ જાય તેવા દીદી આશીર્વાદ આપે એ જ પ્રાર્થના.

### વિશેષ નોંધ

વર્ષ ૨૦૨૬, નવેમ્બરમાં નીચેના ઉત્સવો બૃહદ ગુણાતીત સમાજ ભેળા મળીને ઉજવીશું.

**ગુરુહરિ પપ્પાજીમહારાજનો**
**૧૧૦મો પ્રાગટ્યદિન**
**'શાશ્વત સંકલ્પ પર્વ'ની ઉજવણી**
**તા.૨૯મી નવેમ્બર, ૨૦૨૬**
**રવિવાર**

**પ.પૂ.હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન**
**'પ્રેરણા પીયૂષ પર્વ'ની ઉજવણી**
**તા.૩૦મી નવેમ્બર, ૨૦૨૬**
**સોમવાર**

આ પર્વોની કેલેન્ડરમાં નોંધ કરી લેવા વિનંતી.

## તા.૨૯.૮.૨૦૨૯ : ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પરમ પૂજ્ય દેવીબેનનો ૯૦મો પ્રાગટ્યદિન : 'બ્રહ્માનંદી તેજ પર્વ'ની ઉજવણી...

જેની ઘણી આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે શુભ દિન પરમ પૂજ્ય દેવીબેનનો ૯૦મો પ્રાગટ્યદિન **'બ્રહ્માનંદી તેજ પર્વ'**ની ઉજવણીનો દિન આવી ગયો. પ્રભુકૃપા તીર્થધામે સ્વાગતના પુષ્પોના તોરણ બંધાયા. સૌના હૈયાના પ્રતીકરૂપે મન મોરલીયા આનંદે ટહૂક્યા. સૌનાય અંતરના ભાવોને ઝીલી રહેલા ગુરુહરિ પપ્પાજી મહારાજ સૌને દર્શન આશિષ અર્પી રહ્યા હતા.

તા.૨૬મી ઑગષ્ટ ૨૦૨૬ની સંધ્યાએ આ પર્વની ઉજવણીની શરૂઆત આવાહન શ્લોકથી થઈ. પૂર્ણ પુરૂષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા બ્રહ્મતેજનો આવિર્ભાવ આ ધરાએ થયો. અને એ જ બ્રહ્મતેજની પરંપરા તેમના વારસ સ્વરૂપો થકી પ્રગટ રહી. પ્રારંભે સ્તુતિ વંદના કર્યા બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજને અને બ્રહ્મતેજના વારસ સ્વરૂપોને વંદના કરી.

ત્યાર બાદ વચ.ગ.મ.૧૩ તેજનું તેમાં શ્રી હરિએ જે ગુણ વર્ણવ્યા છે અને ગુરુહરિ પપ્પાજી મહારાજે તેનું નિરૂપણ કર્યું તેમાંથી પ.પૂ.દેવીબેનના સ્મૃતિ પ્રસંગો અને જીવનપ્રસંગો દ્વારા માહાત્મ્યની ઝાંખી કરાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ 'બ્રહ્મતેજનું અમૃત' નિહાળ્યો. સભાના અંતમાં પ.પૂ.હંસાદીદી અને પ.પૂ.પદુબેનના આશિષ લીધા તેનો સાર માણીએ.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** દેવીબેન ખૂબ અલૌકિક ને અદ્‌ભુત. ને આજનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ અલૌકિક ને અદ્‌ભુત. આખા પ્રોગ્રામમાં દેવીબેનનું માહાત્મ્ય ને જીવન દર્શન બતાવ્યું. કલાકારોની કલાનું દર્શન થયું. એકોએક કલાકારે ખૂબ સરસ રજૂઆત કરી. દર વર્ષે નવા નવા કાર્યક્રમ રજૂ કરવા છે. બહુ આનંદ થયો. કાર્યક્રમ બનાવનાર હીનાબેન વ્યાસને ધન્યવાદ. વિશેષ ધન્યવાદ પપ્પાજીને ને દેવીબેનને.

દેવીબેન ભગવાન ભજવા આવ્યા ત્યારે ઘરમાંથી વિરોધ હતો તો બહુ સહન કર્યું છે. જે જે તકલીફ પડી તેમાંથી પોતે બહાર નીકળ્યા ને આપણને બતાવી દીધું કે કશું અશક્ય નથી. પોતે ભગવાનના બળે કાર્ય કર્યું. કાકાજી, પપ્પાજી, બા આ સ્વરૂપોએ જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેનને પોતાનું જે છે તે આપ્યું. જે તેમની પાસે શક્તિ હતી, પ્રભુની હિંમત હતી તે અમને આપી ને પમાડી શક્યા. પપ્પાજીએ સંકલ્પથી બળ આપીને પાર ઉતારી દીધા. આપણને બધાને એવું એકાંતિકપણું સિદ્ધ કરાવી આપશે જ. તો ચાલો પામી જઈએ એકાંતિકપણું. ઢીલા પડવું નથી. તેમનું બળ લઈને, વચન પાળીને પામી જવું છે. સહજાનંદ સ્વામી મહારાજની જય. ગુરુહરિ પપ્પાજી મહારાજની જય.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** બહુ સરસ કાર્યક્રમ થયો. ખરેખર આપણને પપ્પાજી મળ્યા એ જ અહોભાગ્ય. પણ તેમને ઓળખાવનાર આવા સ્વરૂપો ના મળ્યા હોત તો આપણને ખ્યાલ ન આવત કે આ દિવ્ય તત્ત્વ કોણ છે ? શું સામર્થી છે ? એના માટે પપ્પાજી પોતાની સાથે આ સ્વરૂપોને લઈ આવ્યા.

આજના પ્રોગ્રામમાં એક એક વાક્યમાં પપ્પાજીનું કાર્ય બતાવ્યું. દેવીબેને કહ્યું કે, આવું સ્વરૂપ મળ્યું છે તો ઉંઘમાં ના કાઢીએ. તો દીદી કહે છે કે આપણે પપ્પાજીનું કાર્ય બની જઈએ. આ સ્વરૂપોને, દેવીબેનને તે સમયે કોઈ સમાગમ નહોતો. ભગવાન ભજવા એની કોઈ સમજ નહોતી. એ સમયે દેવીબેને નક્કી કર્યુ કે, હું આ ઘરની દાસી છું. એવું વાક્ય આવી બુદ્ધિપ્રતિભાવાળાને મગજમાં આવે કેવી રીતે ? દેવીબેનમાં ૯૯% બુદ્ધિ છે તેવું પપ્પાજી કહેતા. એ જ બતાવે છે કે પૂર્વેના અનાદિના જે પપ્પાજીનું કાર્ય કરવા જ પધાર્યા.

જ્યોતિબેને કહ્યું કે, દેવીબેને અમને ક્યારેય ઓશિયાળા કર્યા નથી. એ દેવીબેન કેવા ? આ સ્વરૂપોને કોઈ જાતનો વિચાર કરવો પડતો નથી. પ્રભુને શું ગમે છે ? એ જ જીવન. દેવીબેને તેમની રૂમમાં ૪૦૦ બહેનોની મૂર્તિ રાખેલી. રોજ રાત્રે સૂતા પહેલા પ્રાર્થના કરતાં કે હે પપ્પાજી ! આ બધા મુક્તોમાંથી

કોઈપણ મારા વિચાર, વાણી, વર્તનથી દુ:ખાઈ ગયું હોય તો માફ કરજો. આ દેવીબેન. જે પાયાનું સ્વરૂપ તો પણ કેટલો રાંકભાવ ! એ તેમની દાસત્વની કઈ ભૂમિકા હશે ? આવા આવા આ સ્વરૂપોના પ્રસંગો વિચારીએ, વાગોળીએ, માહાત્મ્યથી દર્શન કરીએ. કદીય આ સ્વરૂપોને ઓશિયાળા ના કરીએ. સૌનાય દાસના દાસ બનીને જીવીએ. આ સ્વરૂપોએ ભૂલો કરી નથી. છતાંય કંઈ એવું બને તો સોરી કહેતા નાનપ અનુભવતા નથી. આપણે તેમની રીતે વર્તીએ, ના વર્તીએ તો ય તિરસ્કાર કરતા નથી. એવા સ્વરૂપોની ગોદમાં બેઠા છીએ. તેમના સત્યો જીવનમાં વણી લઈએ.

આપણને જેના હાથ નીચે મૂક્યા છે ત્યાં બુદ્ધિ બંધ કરીને, મૂકી દઈને બે હાથ જોડીને જે કહે તેમ કરી લઈએ. એ દેવીબેનના જીવનનું રહસ્ય છે. એવું જીવવાનો પપ્પાજી તેમજ સૌ સ્વરૂપો બુદ્ધિયોગ આપે એ જ પ્રાર્થના.

## તા.૨૭.૮.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પરમ પૂજ્ય દેવીબેનનો ૯૦મો પ્રાગટ્યદિન : 'બ્રહ્માનંદી તેજ પર્વ'ની ઉજવણી...

### શોભાયાત્રા

તા.૨૭મી ઑગષ્ટ સવારથી સૂર્યોદય સાથે સૌ ભક્તોના હૃદયમાં ભાવ અને ઉર્મિ ઉદય થઈ રહ્યાં હતાં. સૌ દેવીબેનના દર્શન, સ્વાગત કાજે થનગની રહ્યા હતા. પૂ.ગીરાબેન પટેલના આયોજન હેઠળ આ આનંદી પળોની શરૂઆત થઈ.

ગુરુહરિ પપ્પાજી મહારાજના નિવાસ સ્થાન પ્રભુકૃપા તીર્થધામેથી પૂ.દક્ષાબેન પટેલ ગુરુહરિ પપ્પાજી મહારાજને અને પૂ.ભાવનાબેન ડી. પ.પૂ.દેવીબેનને લઈને પધાર્યા અને તેઓને સુશોભિત ખુલ્લી ગાડીમાં આસનસ્થ કર્યા. કર્મયોગી બહેનોએ બેન્ડવાજાં વગાડીને સ્વાગત વધામણાં કર્યા. ત્યારબાદ પુષ્પોની વૃષ્ટિ અને ફટાકડાંના આનંદ સાથે શોભાયાત્રાની શરૂઆત થઈ.

'બ્રહ્માનંદી તેજ પર્વ'ના વધામણાં પ.પૂ.હંસાદીદીએ તેઓના નિવાસસ્થાનેથી કર્યા. પુષ્પવૃષ્ટિથી ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દેવીબેનને સ્વાગત્યા. ને શોભાયાત્રા આગળ વધી. સૌ પ્રથમ બાઈક પર ભાઈઓ અને ત્યાર બાદ પદયાત્રી ભાઈઓની પાછળ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેનની ગાડી અને તેની પાછળ બહેનો એક્ટીવા પર અને તેઓની પાછળ ગૃહસ્થ બહેનો હાથમાં બ્રહ્માનંદી તેજ પર્વના ફ્લેગ લઈને હર્ષભેર આ પર્વના આનંદને વધાવી રહ્યા હતા.

શોભાયાત્રામાં સ્થાનકે સ્થાનકે સૌ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેનને વધાવવા આતુરતાથી રાહ જોઈ રહ્યા. સૌએ પોતાના ભાવો, થાળ, હારથી તેઓના ચરણે ધર્યા. બધાના ભાવોને ઝીલતાં ઝીલતા ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેન જ્યોત પ્રવેશદ્વારે પધાર્યા. અને ત્યાં પણ બહેનોએ ગરબા દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કર્યો. ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેનને લઈને પૂ.સીમાબેન કાપડી અને પૂ.ડીંકલબેન કા.પટેલ જ્યોતમાં પધાર્યા. પંચામૃત હૉલમાં એકબાજુ બહેનો અને બીજી બાજુ ભાભીઓએ કરતાલથી સ્વાગત કર્યા. અને ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેન પપ્પાજી હૉલમાં પધાર્યા.

પપ્પાજી હોલના સ્વાગતપથમાં પ.પૂ.દેવીબેનનું જીવન જે પ્રત્યેક પળે ગુરુહરિ પપ્પાજી મહારાજની પરાભક્તિમય રહ્યું છે તેની સ્મૃતિઓ વણેલી હતી. આપણે પણ એમના સ્મૃતિપ્રસંગોનું મનન–ચિંતન કરી એમને આપણને જેવા બ્રહ્માનંદમાં રહેતા કરવા છે તેવું જીવન આપણા સૌનું થાય તેવી પ્રાર્થના સાથે આ સ્મૃતિ પ્રસંગોને માણીશું.

**ગાડાની સ્મૃતિ :** ભાદરામાં એક વખત શિબિર હતી ત્યારે સોનાબા અને વડીલ સ્વરૂપો સાથે જ્યોતિબેન અને દેવીબેન સેવા માટે ગયાં હતાં. બીજે દિવસે પાછા વળતા બાપા જે ગાડામાં બેઠા હતા તે ગાડું થોડું ધીમું પડ્યું. અને જ્યોતિબેન અને દેવીબેન ખૂબ જ ભાવથી બાપાના દર્શન કરી રહ્યાં હતાં. ત્યાર પછી એક દિવસ સવારે દેવીબેન તારદેવ જઈ રહ્યાં હતાં ત્યારે એ દિવ્ય દર્શનની માનસી કરતાં કરતાં જતાં હતાં કે બાપા આગળ બેઠા છે, ગાડામાં બિરાજમાન છે, દર્શન દે છે અને પોતે

અને જ્યોતિબેન પાછળ ચાલે છે. એમ સ્મૃતિ કરતાં કરતાં જ્યાં તેઓ તારદેવ પહોંચ્યા ત્યાં પપ્પાજીએ દેવીબેનને એવું જ કહ્યું કે, આપણે આવી રીતે બાપાની ભાદરાની સ્મૃતિ કરતાં કરતાં આવવું.

**છત્રીની સ્મૃતિ :** એકવાર વરસાદની સીઝનમાં દેવીબેન તારદેવથી ચર્ચગેટ ઓફિસે છત્રી લીધા વગર ગયાં હતાં. અને મૂશળધાર વરસાદ વરસ્યો. ને બપોરે ઓફિસમાં રજા પડી ગઈ. હવે ? આ બાજુ પપ્પાજીએ તારદેવથી જ્યોતિબેન, તારાબેનને છત્રી લઈને દેવીબેનને લેવા જવાનું કહ્યું. પણ ત્યાં સુધીમાં તો દેવીબેને મનમાં હજુ ઉદ્‌ભવી રહેલા મોળા વિચારને જાગ્રતતાથી પકડી તેને શમાવી દીધો. અને તારદેવ ફોન કરીને જણાવી દીધું કે 'હું શાનબેનના ઘરે પહોંચી ગઈ છું, ચિંતા નહીં કરતા.' પપ્પાજીને પણ દેવીબેનની જાગ્રતતાનો પડઘો પડ્યો ને જ્યોતિબેન, તારાબેનને રોકીને કહ્યું કે હવે જવાની જરૂર નથી.

**માટલીની સ્મૃતિ :** દેવીબેનના સ્વરૂપ સાક્ષાત્કાર દિને તા.૨૭મી ઓગષ્ટ, ૧૯૫૯ના રોજ જન્માષ્ટમીનો શુભ પર્વ હતો. અને વિશેષ સ્મૃતિ એ છે કે દેવીબેનને મન ભગવાન ભજવા એટલે બાની માટલી ભરવાની, સેવા કરવાની ને ભગવાનનું નામ લેવાનું. પણ દેવીબેને એ માન્યતાનું બંધન તોડી ગુરુહરિ પપ્પાજી મહારાજની અનુવૃત્તિની ભક્તિ કરવામાં પૂર્ણ સમર્પણ કરી દીધું. બુદ્ધિરાણીને દાસી બનાવી, મનમટુકીને મહિમાથી છલોછલ ભરી દીધી. એ દિવ્ય જીવનનનું તેજ આજે ચારેકોર પ્રસરી રહ્યું છે અને સંબંધમાં આવનારના જીવનમાં ઉજાસ પાથરી રહ્યું છે.

આ સ્મૃતિઓ સાથે સ્વાગતપથમાં છત્રી, માટલી મૂક્યા હતાં. અને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેનને સુશોભિત ગાડામાં બિરાજમાન કર્યા હતા. જે ગાડુ હાંકવાની સેવા પૂ.આધ્યાબેન અને પૂ.રીયાબેને કરી. પૂ.હીનાબેન વ્યાસ રચિત 'ઓ દેવી વહાલા રે...' ભજન પર ભાભીઓએ રાસ કરતા કરતા સ્વરૂપોને સ્વાગત ભાવ ધર્યા અને પૂ.ડીમ્પલબેન અને પૂ.નેહાબેને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દેવીબેનને મંચસ્થ કર્યા.

## બ્રહ્માનંદી તેજ મહિમા દર્શન

આવાહ્‌ન શ્લોક બાદ પ.પૂ.દેવીબેનના સ્વરમાં 'મેં હું આદિ અનાદિ...' ભજનની પંક્તિના સૂર વહ્યાં. સભા સંચાલક પૂ.ડૉ.નીલમબેને 'બ્રહ્માનંદી તેજ'નો અર્થ સમજાવ્યો કે, બ્રહ્માનંદી તત્ત્વ ધારી આત્મા પરમાત્માના ઐક્યનું તેજ પ્રસારતા રહી પળે પળ જીવન જીવનારા જ્યોતના મૂળભૂત પાયામાંના સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દેવીબેનનો ૬૭મો સાક્ષાત્કાર પર્વ અને ૯૦મો પ્રાગટ્ય પર્વ.

બ્રહ્માનંદી દેવીબેન. દાસના દાસ બની, બ્રહ્મ સાથેનો અભેદ આનંદ એવા પરબ્રહ્મનો પ્રકાશ બની, અનુવૃત્તિ ઝીલી સંબંધમાં આવનારને પંચવિષયથી મુક્ત કરવા સંકલ્પ, પ્રાર્થના કર્યા. પ્રભુની લીલા માણીને સંબંધમાં આવેલાને અનુભવ કરાવ્યો છે. પ્રત્યક્ષ પ્રભુની મૂર્તિની સ્મૃતિમાં રત કરીને, આધ્યાત્મિક વિવેક જગાડ્યો છે. સમાગમ કરાવીને જીવને શુદ્ધ કરી શ્રી હરિના ચરણે ધર્યા છે એવા બ્રહ્માનંદી તેજ ધારણ કરનાર દેવીબેન.

તેમના સેવા-સ્વધર્મના કાર્યક્ષેત્રોમાં નાણાકીય વ્યવસ્થા, ઓડિયો, વીડિયો, ઈલેક્ટ્રીસીટી, ટેલીફોન, પપ્પાજી-બા-બેન સાથે પરદેશની સેવાઓ દાસભાવે કરી. કલ્યાણના અર્થે કુશાગ્ર બુદ્ધિને વાપરી. જ્યોતિબેન, તારાબેન, દીદી પછી આવ્યા પણ ખૂબ તેજમાં દોડ્યા ને ત્રણ બહેનો સંગે બિરાજી ગયા. પરબ્રહ્મ તત્ત્વને ઝડપથી ઓળખી લીધું. માણી લીધું તે અનેકને વહેંચ્યું. સાધના ત્વરિત ઝડપથી પૂર્ણ કરી. ધીર, ગંભીર, સ્થિર, સમતા તો તેમનો સંકલ્પ તત્કાળ પ્રકાશવર્ષની જેમ પ્રભુને પહોંચતો ને પહોંચે છે.

અનેક મુક્તોના ભાવ ગ્રહણ કરે ને તત્કાળ મૂકી દે. મનથી કોઈનોય અભાવ ના આવે તેવી કાળજી રાખતાં. આત્માથી નીરવ રહ્યાં. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં ગુરુહરિ પપ્પાજી મહારાજને કર્તાહર્તા માન્યા. ત્રણ ગુણથી પર રહી, વફાદારી રાખીને ચોકસાઈ, ચીવટાઈથી જીવ્યા. સંપ, સુહૃદભાવ, એકતા રાખીને તેવુ સૌને સિંચન કર્યું.

એવાં દેવીબેને ૧૮મી નવેમ્બર ૧૯૩૬ના આ

ધરાને પાવન કરી. આજે ૯૦મો પ્રાગટ્યદિન આપણે ઉજવી રહ્યાં છીએ. સૌ પ્રથમ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દેવીબેનના તથા મંચસ્થ સ્વરૂપો તથા સભામાં બિરાજેલ સ્વરૂપોને ભક્તોએ હાર તથા પુષ્પગુચ્છથી સ્વાગતભાવ ધર્યા. સભામાં મહિમાગાન તથા આશિષવર્ષા થઈ તેનો સાર માણીએ.

**પ.પૂ.શોભનાબેન :** દેવીબેનનાં દર્શન તારદેવથી કરતા આવ્યાં. એમનું જીવન અંતરથી માણીએ તો એમ થાય કે અહોહો ! પપ્પાજીએ એક એક સ્વરૂપમાં રહીને અમને કેટલું બધું પીરસ્યું ! દરેકના જીવનમાં પ્રત્યક્ષ સ્વરૂપની રુચિ, ભક્તિ સિવાય કાંઈ નહોતું. દેવીબેને કેટલી આકરી તપશ્ચર્યા કરી ! દીદીએ ભજનમાં લખ્યું છે કે જે કાયા કોરાવી જાણે તે કાયા કોરી જાણે... દેવીબેને મંગુની જેમ ક્યારેય પપ્પાજીના વચનમાં શંકા નથી કરી. ઉત્તમ જ માન્યું. એમનું વચન એ જ મારું જીવન, પરાભક્તિ, નિર્દોષબુદ્ધિ. કર્તાહર્તા સર્વોપરી માન્યા એ ફાનસ ધર્યું. વચન ઝીલી લીધું ને આપણને જીવનથી કહી દીધું. રમૂજ ખૂબ કરે પણ નજર વર્તન તરફ હોય. જાણ્યા છતાં અજાણ્યા બની અંતરમાં ઉગાડી પ્રભુને રસ્તે ચાલતા કર્યાં. મારા પ્રભુ જે કહે તે મારા તંત્ર થકી થવું જ જોઈએ. નાણાંકીય જવાબદારી પપ્પાજીની રીતે છેક સુધી સંભાળી.

આનંદ કરાવે તે દેવીબેન સ્વરહિતનું સ્વરૂપ. કોઈ પદની ખેવના નહીં. પપ્પાજીના સંબંધવાળાને હું રાજી કરી લઉં. એ શ્વાસોશ્વાસે પરાભક્તિ. બધા બહેનોએ કેવું સરસ આયોજન કર્યું ! આ સમૈયાની સ્મૃતિ કરીએ. દેવીબેને ગીરાને કહેલું કે મારા ૯૦મા જન્મદિન વખતે આપણે આવું કરીશું તો કેવી સરસ શોભાયાત્રા કરી! દેવીબેન વ્હીલચેરમાં ઉતરે તો કેટલાય મુક્તો સાથે ગતકડાં કરી લડતથી, મૂંઝવણથી પર કરી દેતાં. એવા બ્રહ્માનંદી બનવામાં જે કંઈ કચરો નડે તે મૂકી દઈએ તેવું બળ પપ્પાજી, દીદી આપે એ જ પ્રાર્થના.

**ત્યારબાદ સંત કબીર અને મંગુની વાર્તા અને તે પરથી દેવીબેનના માહાત્મ્યને વર્ણવતા પ્રસંગનો વિડીયો પૂ.પ્રિયેશભાઈ પાનખાનિયાએ (યુ.કે.) તૈયાર કર્યો હતો તેનું દર્શન કર્યું.**

**પૂ.પ્રજ્ઞાબેન વીંછી (કેનેડા) :** હું નાની હતી ત્યારે જે મારી સાથે રમે તે બધા મારા ગુરુ. એકવાર મેં નક્કી કર્યું કે જપયજ્ઞના હોલમાંથી ધૂન કરીને નીચે સૌથી પહેલું મળે તે મારા ગુરુ. ને દેવીબેન મળ્યા. મને એમ કે મેં એમને ગુરુ તરીકે પસંદ કર્યા. પણ પછી મને જાણવા મળ્યું કે મારા જન્મ પછી દેવીબેને પપ્પાજીને પૂછેલું કે આ જીવ કોઈ દિવસ મૂંઝાશે નહીં ને ? ત્યારે પપ્પાજીએ કહેલું એ જવાબદારી તારી. આમ ખરેખર તો એમણે મને પસંદ કરેલી.

પપ્પાજી જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે દેવીબેને મને કહ્યું કે, આપણે પપ્પાજીની સ્મૃતિ કરીએ, ભજન કરીએ તો એવું નહીં લાગે કે પપ્પાજી નથી. એ વાત મેં યાદ રાખી. દેવીબેન સ્વધામ પધાર્યા તો એમની સ્મૃતિ ને ભજન કરુ છું. એમણે એવા અનુભવ કરાવ્યા છે કે એમ થાય કે એ સાથે જ છે. એમણે મને આજ્ઞા આપી છે કે બહાર જઈએ તો પપ્પાજીને પ્રાર્થના કરીને નીકળવાનું. એકવાર અમે ગાડીમાં જતા હતા ને મને અચાનક એવું લાગ્યું કે અમે અમારી ગાડી આગળની ગાડીની ઓવરટેક કરીને આગળ લઈ લઈએ. મારા પતિ રતનને મેં કહ્યું એણે ગાડી આગળ લીધી ને બે સેકન્ડ પછી પાછળની બે ગાડીઓ અથડાઈ ગઈ. પણ અમે બચી ગયા.

મને બધું સાચું ને વ્યવસ્થિત કરવાની ટેવ. તે માન ટાળવા ઓફિસમાં પ્રોબ્લેમ ઊભો થયો. મને એક વર્ષ માટે ડીમોટ કરી. ખૂબ પ્રોબ્લેમ આવ્યા કે મારાથી સહન નહોતું થતું. દેવીબેનને રોજ પ્રાર્થના કરું. એ એક વર્ષમાં મને જે વર્ક એક્સપીરીયન્સ થયો તેના આધારે પછી મેં બીજી જોબમાં એપ્લાય કર્યું ને તેમાં સીધું જ ડબલ પ્રમોશન પણ મળી ગયું. ને મને મનાયું કે જે થાય છે એ આપણા હિત માટે જ થાય છે.

અંતમાં દેવીબેને આપેલી સ્મૃતિઓ કરાવીને પ્રાર્થના કરી કે, એમણે જે શીખવાડ્યું છે તે હું જીવનમાં ઉતારું. દેવીબેને કહેલું કે આ કપડાંમાં પણ પરમ ભાગવત સંત બની શકાય તે હું બની જાઉં તે જ પ્રાર્થના.

**પૂ.નયનાબેન વિસાણી (યુ.કે.) :** દેવીબેનનું જીવન ૧૯૭૯થી નજીકથી જોયું છે. ત્યારે હજુ હું ડ્રાઈવીંગ શીખી હતી ને મને કહે તું મને સીટીમાં લઈ જા. તે વખતે એમને વિશ્વાસ આવી ગયો હશે તો બીજી વાર આવ્યા ત્યારે ૩ મહિના સેવામાં બોલાવેલી.

પપ્પાજીનું જે વચન હોય તે પ્રમાણે જ દેવીબેન જીવે. ન ઓછું ને વધારે. નાની નાની સૂચના ગમ્મતમાં આપતા જાય. આપણે વિચારવું પડે કે એ શું કહેવા માગે છે. શાંતિથી પૂછીએ તો સમજાવે પણ ખરા. લંડન જ્યોત પપ્પાજીનું કાર્ય છે. તો એ માટે પપ્પાજીને શું કરાવવું છે તેમ અમને સૂઝ પાડે ને પોતે તેમ જ કરે. ખરેખર પપ્પાજી હિતનું કરાવે છે. ધીરજ રાખવાની છે. અમે વહેલી તકે પામી જઈએ તે જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.સુરેશભાઈ :** દેવીબેન એટલે ત્વરિત નિર્ણય. વિઝા લેવા જઈએ ત્યારે દેવીબેન, કુમુદબેન, પ્રવીણભાઈ હોય. ખૂબ સેવા કરી. પપ્પાજીની બીમારી વખતે પણ ખૂબ સેવા કરી. દેવીબેન સાથે સેવા કરવામાં ખૂબ એલર્ટ રહેવું પડે. ત્યારે મેન્યુઅલ સિસ્ટમ હતી. ફ્રાંસ એમ્બેસીમાં જઈએ તો કેટલાય કલાક ઊભા રહેવાનું હોય. તેમની પાસે બધા પેપર્સ તૈયાર જ હોય. તેમને હાર્ડ વર્ક કરતા પણ જોયા છે. આ બધા કાર્યમાં ખૂબ એક્યુરસી જોઈએ. દેવીબેનનો કાઠો મજબૂત નહીં પણ આત્મા ખૂબ બળિયો.

આ લોકોની જે ધગશ છે તેવી આપણે રાખીએ. આપણામાં ઓછી થઈ જાય છે. એમને ઉંમર નથી નડી. પપ્પાજીએ ઠેઠ સુધી સેવા કરી. એ જ આ સ્વરૂપોમાં છે. બધી પરિસ્થિતિમાં બેલેન્સ રાખીને કામ કરે છે.

દેવીબેન કોઈપણ હરિભક્તનું એટલું જ ધ્યાન રાખતાં. એક હરિભક્તની દીકરીને એક્સીડન્ટ થયો તો મને કહે કે આને કંઈ ખોડ ન રહેવી જોઈએ. આજે એ દીકરી ખૂબ સુખી છે. સીમાભાભીની દીકરીના લગ્ન વખતે પધાર્યા હતા. મને અગાઉથી કહેતા કે હું આવવાની છું. ત્યારે ખબર નહોતી પડતી કે કેમ આવું કહે છે ? પણ લગ્ન વખતે જ યોગેશભાઈના બા ધામમાં ગયાં ત્યારે પણ દેવીબેને બધા પ્રસંગોને ખૂબ બેલેન્સ કર્યા.

દેવીબેનનું એક એક વાક્ય શાસ્ત્ર બની જાય છે. આપણને પણ તેમની જેમ સ્વભાવ આડા ન આવે, બધામાં સંબંધ જોઈએ. પપ્પાજીએ કેવી ધગશ અમારા માટે રાખી છે ! તેવી ધગશ અમને પણ રહે. ને દીદીએ તો સાજાસમા રહેવાનું જ છે.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** દેવીબેન બહુ અકળ સ્વરૂપ. ક્યારેય કહી ન શકાય કે અમે ઓળખી લીધા. ગંભીર પણ હોય, ગતકડાં પણ કરે. સામે આવનાર ચૈતન્યની પ્રગતિ પર જ નજર હોય. એમને પપ્પાજી, બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી પાસે જોઈએ તો એમના જુદા જુદા સ્વરૂપના દર્શન થાય. ક્યાંય માહાત્મ્યની ખામી ન આવે. આટલી વિદેશયાત્રા કરી તેમાં સ્વરૂપોના સેવક તરીકે જ રહ્યાં છે. પોતાનું કાંઈ અસ્તિત્વ જ નહીં. ત્યારે બધાના નાના ઘર હોય. બેન અને જસુબેન સાથે રહ્યા તો સવારથી તેમની બધી ક્રિયામાં તૈયાર જ રાખ્યું હોય. દવાનું ધ્યાન રાખે. પધરામણીએ જાય તો ત્યાં રસોઈ ફાવશે કે નહીં તે ધ્યાન રાખે. પોતાની તબિયતની વાત તો ક્યારેય બહાર ન આવવા દે. લંડન જ્યોતના બહેનો ત્યારે હજુ નાના હતા. તેમને સૂચન કરવાને બદલે પોતે વર્તન કરીને શીખવ્યું. ત્યાંના મુક્તોને, સ્વરૂપોનો જે લાભ મળ્યો તેમાં એમનો છૂપો ફાળો છે. ફોન પર ટૂંકી જ વાત હોય.

પ્રજ્ઞાને સેવા માટે બોલાવી કે સેવા કરશે તો પપ્પાજી એના જીવમાં બેસી જશે. સ્વરૂપોનું માહાત્મ્ય સમજવામાં આપણા વર્તનમાં કાંઈ ખામી હોય તો એમની આંખ એવી કડક થઈ જાય. આમ વગર બોલે એમણે શીખવાડ્યું છે.

એમની બીમારીમાં સામે બેસનાર બેનને પુસ્તક વાંચવાનું કહે.

દેવીબેન ખજાનચી હતાં. દરેક વસ્તુમાં ધ્યાન આપ્યું છે કે બહેનોને ક્યાંય તકલીફ ન પડે. તે માટે જે કંઈ જ્યોતિબેનને લાવવાનું હોય તે હા પાડતાં.

છેલ્લે છેલ્લે બહેનોને કહેતા કે દીદીને રાજી કરી લેજો. આવા સ્વરૂપોની આજ્ઞામાં જીવીશું તેમાં સુખ છે. તેમના લીલાચરિત્રોને સંભાર્યા કરીએ ને વર્તનમાં મૂકતા જઈએ.

દીદી અંતરથી પ્રસન્ન થાય તેવો બુદ્ધિયોગ મળે. એમના આશીર્વાદ મળી જાય. જેથી સુખિયા થઈએ તેવી પ્રાર્થના.

**પૂ.દિવ્યાબેન અમીન (વડોદરા) :** દેવીબેન સ્વધામ ગયા ત્યારે એમ થાય કે હવે શું કરવાનું ? પહેલા તો ફોન કરી લેતા. પણ એમનો અનુભવ થયો કે એ સાથે જ છે.

ગયા વર્ષે અમે મુંબઈ ગયેલા ત્યાં એકવાર પંકજભાઈ એકદમ બેભાન થઈ ગયા. પછી તો સારું લાગવા માંડ્યું. વડોદરા આવવાના બે દિવસ પહેલા મને દવાનું પ્રિસ્ક્રીપ્શન મળ્યું. અમને એમ કે વડોદરા આવ્યા પછી નીલમબેનને બતાવીશું. અમે સ્ટેશન પર પહોંચ્યા ત્યાં ફરી બેભાન થઈ ગયા. હવે શું કરવું ? ત્યાં ફરી ભાનમાં આવ્યા. એક ભાઈએ મદદ કરી ને એમને ટ્રેનમાં ચડાવ્યા. ને મને એવું જ લાગે જાણે દેવીબેન, પપ્પાજી સાથે છે. અહીં આવીને રીપોર્ટ કરાવ્યા ને ખબર પડી કે વાલ્વ રીપ્લેસ કરાવવો પડશે. ઓપરેશન કરાવવાનું નક્કી થયું. નીલમબેન, ભાવનાબેન પણ હાજર હતા. દીદીનો ફોન આવ્યો ને આશીર્વાદ આપ્યા. ને ખરેખર ઓપરેશન સરસ થઈ ગયું. સ્મિતાબેન અને મહેન્દ્રભાઈ પણ સાથે જ રહ્યાં હતાં. આખા ગુણાતીત સમાજે ધૂન કરી ને ખરેખર સરસ થઈ ગયું. બસ હવે તમારા થઈને તમારું કાર્ય કરીએ ને દીદીને રાજી કરી લેજે તેવું દેવીબેને મને કહેલું તેવું કરી લઈએ. ને દીદી, આપ નિરામય રહો તે જ પ્રાર્થના.

ત્યારબાદ વીડીયો દ્વારા મહિમાગાન થયા તેનો સાર માણીએ.

**પૂ.થીરાબેન ગઢિયા (ઓસ્ટ્રેલિયા) :** દેવીબેનનું સ્થાન મારા જીવનમાં કંઈક અલગ જ છે. એમની સ્મૃતિ મારા મનમાંથી જતી જ નથી. પહેલીવાર હું મારા જન્મદિવસે આવી ત્યારે ધર્મિષ્ઠાબેનના આશીર્વાદ લીધા. પછી ઉર્વશીબેને કહ્યું કે દેવીબેન પાસે જઈએ. ત્યારે મને ખબર ન હતી કે દેવીબેન એટલે કોણ? મને એમ કે ગુરુ તો કડક હોય, દૂરથી જ તેમના આશીર્વાદ લેવાના હોય. પણ જ્યારે હું દેવીબેન પાસે ગઈ તો એમણે મને બોલાવી ને મને જોઈને તરત જ ગાયું કે ‘રૂડી રૂપાળી મૂર્તિને ભાળી...’ એ એટલું મીઠું ગાતા હતા કે મને એમ થાય કે હું રોજ સાંભળું. બીજા સમૈયામાં મારી સાથે ગરબા પણ રમ્યા. એ ગરબા મારા જીવનના બેસ્ટ રહેશે. આવા હસાવતાં રમાડતાં ગુરુ હોય તેવી તો મારી કલ્પના જ નહોતી. ત્યાર પછી પણ તેમની સાથેની સ્મૃતિઓ મારા મનમાંથી કોઈ દિવસ જશે જ નહીં. પપ્પાજી, દેવીબેન અને સર્વે સ્વરૂપો તેમના આશીર્વાદ અમારા પરિવાર પર વરસાવતા રહે એ જ પ્રાર્થના.

**પૂ.માનવભાઈ ઉદાણી (મુંબઈ) :** નાનપણથી જ દેવીબેન સાથે જોડાયેલો છું. દેવીબેન હંમેશા મારા માટે ફક્ત ગુરુ નહીં પણ ગુરુથી વિશેષ પ્રેરણા, આધાર સમાન હતા. દેવીબેન ખૂબ જ સરળ, પ્રેમાળ ને મમતાભર્યા છે. તેમની પાસે બેસીએ એટલે આપોઆપ જ આપણું મન શાંત થવા માંડે. તેમની સાથે આપણે કોઈપણ નાની-મોટી વાત, દિવસ કેવો ગયો, ખુશીની કે તકલીફની વાત સરળતાથી કરી શકીએ. જ્યારે કાંઈપણ નવું કામ શરૂ કરું કે પ્રોબ્લેમ થાય ત્યારે મનમાં હું પ્રાર્થના કરું કે હે પપ્પાજી મહારાજ ! હે દેવીબેન ! મારી સાથે રહેજો. મને શક્તિ આપજો ને મારું કામ પાર પાડજો. મારી પરીક્ષા વખતે તેમને ફોન કરું તો કહેતા કે ટેન્શન ન લે, ધૂન કરીને પપ્પાજીને પ્રાર્થના કરજે. મારા જન્મદિવસે પણ દેવીબેનને ફોન કરું ને આશીર્વાદ લઉં. તેમની આ બધી યાદો મારા માટે ખૂબ જ સ્પેશ્યલ છે.

એકવાર મારા મમ્મીને હાર્ટની તકલીફ થઈ. ૯ બ્લોકેજ હતા. હું ખૂબ જ ડરી ગયો. મેં સૌથી પહેલો ફોન દેવીબેનને કર્યો ને વાત કરી. મમ્મીને કીડનીની તકલીફ પણ હતી. તેથી બાયપાસ કરવામાં ખૂબ જોખમ હતું. દેવીબેને કહ્યું તું ભજન કરજે, દવાથી સારું થઈ જશે. ને ખરેખર ખૂબ વર્ષો સુધી મમ્મીની તબિયત સારી રહી. એમના શબ્દો સાધારણ નહોતા. એમના આશીર્વાદ ને

શક્તિશાળી શબ્દોથી જ મમ્મીએ બાકીના વર્ષો સુખરૂપ પસાર કર્યા. આજે પણ દરેક નાના મોટા પ્રસંગે મને દેવીબેન યાદ આવે છે. દેવીબેનની મને સૌથી મોટી ભેટ છે તેમનો પ્રેમ, એમની યાદો, સંસ્કાર અને આશીર્વાદ આપી ગયા છે. મને હંમેશા એવું લાગે છે કે તેમનો હાથ મારા માથા પર છે જ. આપણને બધાને તેમના આશીર્વાદ મળે, ગુરુભક્તિ અને શ્રદ્ધા સાથે જીવન જીવવાની શક્તિ મળે તે જ પ્રાર્થના.

**પૂ.અક્ષિતભાઈ શાહ (કેનેડા) :** જ્યારે મારે કેનેડા આવવું હતું ત્યારે દેવીબેનને વાત કરી તો એમણે આશીર્વાદ આપ્યા કે હું તારા ઘરે આવીશ. પછી મારા પપ્પાએ સમજાવ્યું કે તું બધી રીતે સરસ સેટ થઈ જાય તેને ઘર કહેવાય. એટલે દેવીબેનના આશીર્વાદ છે તું જા. ને ખરેખર લગ્ન થયા, ધંધો પણ સરસ શરૂ થઈ ગયો. કંઈપણ હોય તો દેવીબેન સાથે ફોન પર વાત કરું. જ્યારે ધંધો શરૂ કરવાનો હતો ત્યારે મેં દેવીબેનને ફોન કર્યો. મને ખબર નહોતી કે તેઓ લંડન છે. સવારે ઊંઘમાંથી એમણે ફોન લીધો. મેં વાત કરી કે મૂડી ઓછી છે ને મેં લોન માટે અરજી કરી છે. દેવીબેન કહે, 'પપ્પાજીની ઈચ્છા હશે તો થઈ જશે.' ને ખરેખર સરસ રીતે થઈ ગયું.

હું ફરી જ્યારે વિદ્યાનગર આવ્યો ત્યારે પણ દેવીબેને કહ્યું કે હું તારા ઘરે આવીશ. પછી તો દેવીબેન સ્વધામ ગયા. મનમાં રહ્યા કરે કે એમણે કહેલું કે હું આવીશ. તો આ વર્ષે જ ઘણા બહેનો અમારા ઘરે પધાર્યા. ને અમે તો ઘણા દૂર રહીએ છીએ. છતાય બધાએ અમારા ઘરે પગલા કર્યા. એટલે એવું લાગે કે જોડે જ છે ને સાથ આપી જ રહ્યા છે. બહુ જ નસીબદાર છું કે જ્યારે એવું લાગે કે આ મારાથી નહીં થાય ત્યારે દેવીબેન સાથે રહ્યા છે. તેજ તો એટલું ફેલાવીને ગયા છે ને સ્મૃતિઓ આપી છે કે તે વાગોળીએ તો બાકીનું જીવન એમાં જ નીકળી જાય.

**પૂ.ઉમાબેન પટેલ (પેરીસ) :** મણીબાને બહુ જ ઈચ્છા હતી અમારા નવા ઘરે આવવાની. અમને ઘડો પણ બે – ત્રણ વર્ષ પહેલા આપી દીધેલો. પછી એ તો ન આવી શક્યા. પછી નવું ઘર થયું ને એમ થાય કે હવે તો જ્યોતમાં બધા સ્વરૂપોની ઉંમર થઈ ગઈ છે તો કોણ મારા નવા ઘરે મહાપૂજા કરવા આવશે? એવો ખ્યાલ જ નહોતો કે દેવીબા આવશે. બધા ના પાડતા હતા ખુદ અમે પણ ના જ પાડતા હતા. પણ દેવીબાને ખબર છે કે અમારી ઈચ્છા છે કે અમારા નવા ઘરમાં જ્યોતમાંથી કોઈપણ આવે ને મહાપૂજા કરે. તો દેવીબાએ મણીબાનો સંકલ્પ પૂરો કર્યો ને અમારી ઈચ્છા પૂરી કરી. આ વાત કોઈ રીતે શક્ય થાય તેમ નહોતું તે એમણે શક્ય કર્યું. તો હે દેવીબા ! પેરીસમાં અમારું નાનું મંડળ છે અમે પપ્પાજીને, તમને, સ્વરૂપોને જીવંત રાખીએ તે જ તમારા ચરણે પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.બેન :** દેવીબેન તો સાધુતાની મૂર્તિ છે. ભગવાન ધારક સાક્ષાત્ સ્વરૂપ છે. સ્વરૂપને તો શું આશીર્વાદ દેવાના હોય ? સ્વરૂપ બધાને ફરતા જાય ને આશીર્વાદ દેતા જાય. તોફાન કરતા જાય, મસ્તી કરતા જાય ને આશીર્વાદના શબ્દો બોલતા જાય. એને ક્યાં આશીર્વાદની જરૂર છે ? આશીર્વાદથી ભરપૂર છે ને બીજાને આશીર્વાદ દેવાને સમર્થ છે. તો હે પપ્પાજી! બધાયને સુખ, શાંતિ, આનંદથી પરમ ભાગવત સંત દેવીબેન બનાવે, દીદી બનાવે. બધા તમારા કિરણો છે. એ કિરણો દ્વારા તમે જ કામ કરજો પપ્પાજી ! ને દેવીબેન બધાને આજે આશીર્વાદ આપો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.સોનાબા :** આજે દેવીબેનનો પ્રાગટ્યદિન. તે બુદ્ધિશાળી. પણ જાણે એને કશું આવડતું જ નથી, એમને કશી હમજણ નથી. અને કશું જાણતાં નથી. પણ ચૈતન્યોને આગળ લેવામાં કેટલી બધી એમની બુદ્ધિ છે કે ના પૂછો ને વાત. પ્રાર્થના અને પોકાર. ભગવાન જોડે એવી એકતા તો પ્રાર્થના કરીને બધાને આગળ લે છે. ગમ્મતમાં જ્ઞાન આપી દે છે. કૂદે, રમે. મારા પાડોશમાં એટલે એનું નાટક જોવા મળે મને. જેને જેને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ ગઈ છે એ બહુ ફાવી ગ્યા છે. મહિમાયુક્ત સેવા, ભજન ને પ્રાર્થના એ વગર બીજું કશુંય કરવાનું છે નહીં. દેવીબેન ! જેવી તમારી સમજણ છે, જેવી તમારી ધગશ છે એકાંતિકો પકવવાની

એવું સર્વને આજે કરી આપજો એવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આપણે કંઈ કહેતા કંઈ નથી કર્યું. પણ ખબર નહીં સામેથી પ્રભુ આપણા પર ઢળી પડ્યા, દ્રષ્ટિમાં લીધા. આ તે કંઈ વાત છે ! કોઈ સાધન, તપ ના કરાવ્યા. અક્ષરધામમાં ન શોભે તેવા સ્વભાવ હતા તેને શરૂઆતમાં એકબાજુ મૂકી દીધા. બરાબર પાકો દોરો બાંધી ધીમે ધીમે સ્વભાવ ટાળી દીધા. ઓછામાં ઓછી તકલીફે પપ્પાજી અને આ સ્વરૂપોએ અક્ષરધામમાં બેસાડી દીધા. આપણે સુખ, શાંતિ, આનંદથી આગળ જવું છે. રાંકપણે માહાત્મ્યથી સેવા કરવાની છે. કોઈનું જોયા વગર સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સાધક માત્ર કરતા થઈ જઈએ.

આપણામાં કર્તા ને હર્તા પપ્પાજી છે. એમની મરજી વગર સુખ કે દુઃખ કાંઈ આવતું જ નથી. આપણને આગળ લેવા આવે છે. આપણા માટે આવો સરસ સંકલ્પ જોગી મહારાજે કર્યો ને પપ્પાજીને સોંપ્યું. તો દિવસમાં બે વાર પપ્પાજી આપણી મહાપૂજા કરતા'તા. કેટલા દયાળુ ! ગુણાતીત જ્ઞાનના છ મુદ્દા અને પંચામૃતના પાંચ મુદ્દા આપણા જીવનમાં સાકાર થાય. હું કાંઈ નથી. જે કાંઈ કરો છો તે મારા સારા માટે છે. પોઝીટીવ થીંકીંગ કરીએ. પપ્પાજીને સંભારીએ, સ્મૃતિ કરીએ. એવો આનંદ આપણે સૌ કરતા થઈ જઈએ તેવી પપ્પાજીના અને સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** દેવીબેનનો આજે દ્રષ્ટાદિન. અનાદિ મુક્તોને લઈને મહારાજ પધાર્યા. પૂર્વના નાનપણથી જણાય જ જાય કે આ ભગવાન ભજવાની છે. દેવીબેનનું ય એવું હતું, ભજવા જ છે. એવા અનાદિ મુક્તો અત્યારે સાક્ષાત્ સ્વરૂપો તરીકે બહાર આવી ગયા. સત્સંગ ચારેય બાજુ ખીલ્યો છે. ચાર થાંભલા એકાકાર થઈ ગયા તેના પાયા પર આખી જ્યોત, મહિલા સમાજ છે. જ્યોતિ, તારા, હંસા ને દેવી એ ચારેય ને જુદા નહીં પડાય. ચારેય પૂરક. ચારેયે સાથે શરૂ કર્યું. ગમે તેવી ભયંકર માયા આવી તોય એક રહેણીએ વર્ત્યા, મચક નથી મૂકી. મહામાયા સામે તો ખૂબ લડ્યા. અડગ ડગલા. એટલો બધો બધાને વિશ્વાસ કે ગમે તે થશે પણ દેવીબેન વફાદારી નહીં ચૂકે, ધ્યેય નહીં ચૂકે. તો બાએ, કાકાએ ને આ બહેનોએ પક્ષ લીધો તે સફળ થઈ ગયો.

અત્યારે બાપાએ પોતાનું વચન પાળ્યું ને પોતાના જેવા ને જેવા પરમ ભાગવત સંતો બનાવી દીધા. ત્રિકાળમાંય સ્વધર્મ ચૂકે નહીં, અભાવ લે નહીં. વચ.ગ.મ.૨૩. અત્યારે આપણે જોઈએ છીએ કે બેન, દેવીબેન અને શોભનાબેન એકાકાર થઈને બાપાનું કામ પરદેશમાં કરી રહ્યાં છે.

બીજા તો શું ગુણ ગાવા... પાકી ગયા. તમે બધા અનુભવો છો. અહીં જે આવ્યા છે તેને દેવીબેન જેવા કરવાના છે ને થવાનું છે. સહેલામાં સહેલી કેવી રીતે કરાય ? તો દેવીબેનનું વાક્ય મને યાદ આવ્યું. સરળ રહીએ. ઠરાવરહિત રહીએ. ભગવાન ભજવા છે. એટલે કે મારો માયિકભાવ મૂકીને દિવ્યભાવ તમારા જેવો કરવો છે. મારું ગમે તેટલું સારું હોય તોય તમને ના ગમે તે ખોટું જ છે. આ જાતનું રોજ ભજન કરીએ તો મનનું વલણ તૈયાર થઈ જાય. ઠરાવ પકડી રાખીએ તે તોડાવવાના છે. ભજનની માન્યતા હશે તો ય તોડાવશે. લીક્વીડ ફોર્મ જોઈએ. દેવીબેન સર્વિસ કરતા'તા. એને એમ હતું કે ભજવા આવી પછી શું કામ સર્વિસ કરવી? પણ નથી શું કામ કરવી તારે ? જડતાપૂર્વક બેસી રહીએ, નિષ્ક્રિય થઈને બેસી રહેવું એ કંઈ ભજન છે? એ છ વર્ષના છ કલાક તમે કરી શકશો જો તમારા સદ્‌ગુરુ કહે તેમ કરો તો.

દેવીબેનમાંથી આ શીખીએ. મોટેરાના દ્રષ્ટાદિન એટલે ઉજવીએ છીએ. એમના ગુણ કદાચ નહીં ગાઈએ ને એ દ્રષ્ટિ કરશે તો તમે ખેંચાયા વગર રહેવાના નથી. એમાં જ્ઞાનફાનની જરૂર નથી. દ્રષ્ટિ તમારા પર પડેલી છે. તત્કાળ સ્વભાવ ધોઈ નાખે તે માટે માહાત્મ્યેયુક્ત સેવા ને સ્વરૂપોની મહાપૂજા બહુ કામ કરે છે. એને હિસાબે આપણે બધા સુખી છીએ.

દેવીબેનનું વાક્ય જોઈએ તો મંગુ તરીકે વર્ત્યા ને અત્યારે સમ્રાટ તરીકે વર્તે છે. આપણા અંગનું વાક્ય લઈએ અને એકદમ સરળ બનીએ. આપણે ઠરાવ

રહિત બની એના ઠરાવ સહિત વર્તવાની રુચિ રાખીએ. દેવીબેનની જેમ મસ્તીથી વર્તી સાક્ષાત્ સ્વરૂપ બની જઈએ તેવી અંતરની પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** તારદેવ સાધના મંદિરમાં જ્યોતિબેન, તારાબેન રહેતાં હતાં. હું ગઈ. નાનપણથી ઓળખતા હતા એટલે અઘરું ના લાગ્યું. ૩ વર્ષ પછી દેવીબેન પધાર્યા. દેવીબેન વકીલ ને હું માસ્તર. જોગીબાપા પધારે ત્યારે અમે દર્શન કરવા જઈએ. દેવીબેન ત્યારે સાધના મંદિરમાં આવ્યા નહોતા પણ બાપાના દર્શને સ્કર્ટ, ફ્રોક પહેરીને આવે. બાપાના દર્શન તરફ જ ધ્યાન, આજુબાજુ ક્યાંય નજર ન હોય. ત્યારે મને થાય કે આ અત્યારે આપણી સાથે બોલતી નથી પણ આ આપણી છે. પછી તો તારદેવ આવ્યાં. બાપા મુંબઈ પધારે ત્યારે તેમના માટે હું ને તારાબેન નાસ્તો બનાવીએ. દેવીબેન તે બધામાં મદદ કરે.

પછી તો અહીં આવ્યા. એમનામાં ઘણી આવડત. રસોઈ પણ આવડે ને કપડાં સીવતા ય આવડે. પપ્પાજીએ એમને જે સેવા સોંપી તે એમણે અદ્ભુત રીતે કરી છે. એમણે ખૂબ વફાદારી રાખી. પપ્પાજી સાથે પરદેશ કે નાના ગામડાંમાં જવાનું હોય પપ્પાજીનું સાચવવામાં દેવીબેન સેવક તરીકે ફાવી જાય. દવાનું પણ જાણે.

અંતમાં હંસાદીદીએ સ્મૃતિપ્રસંગની વાત કરતા કહ્યું કે પપ્પાજી દેવી પર, મારા પર રાજી થયા ને અત્યારે તમે બધા પણ રાજી જ છો. જય સ્વામિનારાયણ.

સભાના અંતમાં સુહૃદધૂન બાદ 'બ્રહ્માનંદી તેજ પર્વ'ના જયઘોષ સાથે સભાનું સમાપન કર્યું.

## તા.૩૦.૮.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્યદિનની સભા...
## પ.પૂ.ગુરુજી મહારાજ (દિલ્હી) બ્રહ્મલીન થયાં તે નિમિત્તે પ્રાર્થનાસભા...

*તા.30મી ઑગષ્ટના ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્યદિનનો સમૈયો જાહેરમાં ઉજવવાના હતા. પ.પૂ.ગુરુજી મહારાજની તબિયત નાજુક હોવાથી પ.પૂ.હંસાદીદીએ સભામાં સાદાઈથી ધૂન, પ્રાર્થનાભાવ ધરીને, મહિમાગાન કરી ભક્તિ અદા કરીએ તેવું આયોજન કરાવ્યું. અને તા.૨૯મીએ રાત્રે હૃદય હલાવી નાખે તેવા સમાચાર મળ્યા કે પ.પૂ.ગુરુજી મહારાજે (દિલ્હી) લીલા સંકેલી લીધી છે. બધાંયના અંતરમાં મૌન પ્રસરી ગયું. સુહૃદ જપયજ્ઞ કરી સૌએ પ્રાર્થનાભાવ ધર્યા.*

તા.૩૦મીએ સભા પ્રારંભે આવાહ્ન શ્લોક અને સુહૃદ જયપજ્ઞ કર્યો. ત્યારબાદ પૂ.બેચરભાઈએ 'મૂરતિનું મંદિર થઈ...' અને પૂ.હર્ષાબેને 'બ્રહ્મનું મનન...' એ ભજનમાં સૌને લીન કર્યા.

**મહિમા પ્રાર્થનાભાવ પૂ.ડૉ.વીણાબેન :** 'તું ગુણાતીત કરવા ગુણાતીત...' તેમાં જે વર્ણન છે તેવું ગુરુહરિ પપ્પાજી મહારાજનું જીવન હતું. આત્માને ભેદીને જીવભાવ ટાળવા સત્પુરુષ પૃથ્વી પર પ્રગટ થાય છે. એવા ગુરુહરિ પપ્પાજી આપણને સદેહે મળ્યા. એ એવા સમર્થ હતા તો બહેનોમાં આધ્યાત્મિક ઉત્થાન કર્યું. જીવભાવ ટાળીને પરમ ભાગવત સંત બનાવ્યા. એવા ને એવા ભાઈઓ, સંતો, ગૃહસ્થો બનાવ્યા. એ પપ્પાજીનો પ્રભાવ ને ઐશ્વર્ય કેવું ! નાનામાં નાની બહેનોમાંથી જગત ખરી જાય, મૂર્તિમાં રહી ક્રિયા કરે એ એમની કેવી સામર્થી ! પશ્ચિમી સમાજમાં બહેનો ભગવાન ભજે ને ભૌતિક સમૃદ્ધિ અડવા ના દે. એ પપ્પાજી સામાન્ય સત્પુરુષ ના હોય તો જ શક્ય બને. ભક્તિયોગી કે કર્મયોગી કે સૌ આશ્રિત સાધકોને કોઈપણ પ્રકારની લાચારી ના રહે તેવી બધી વ્યવસ્થા કરી. બહેનો આધ્યાત્મિક ઉન્નતિ પામતી જ રહે તેવા વારસ સ્વરૂપો તૈયાર કર્યા. પપ્પાજીનો સંકલ્પ યાવત્ચંદ્રદિવાકરૌ રહેશે.

અત્યારે દીદીનો સંકલ્પ છે કે હું પપ્પાજીનું કાર્ય છું ને આપણે સૌ પ્રયત્ન કરી રહ્યાં છીએ. આપણે દાસ બનીને રહીએ તો પપ્પાજીનું કાર્ય બની શકાય. અહંકારની અસ્મિતા ટળે તો દાસ થવાય. તો આપણામાં જે કોઈ દોષ હોય તે નોંધીએ ને લેટ ગો કર્યા વિના, વિચાર ઊઠે ત્યાં જાગ્રત બની જઈએ. આપણે ખબરદાર થઈને

વર્તમાન બની રહેવું છે. પપ્પાજી, દીદીનું વચન રૂધિરમાં વહાવી દઈએ. કોઈનો અભાવ ના લઈએ તેવું પપ્પાજીને આગ્રહથી રહે છે તો તેવું જીવીએ જ.

દીદી ! આપને પ્રકાશના ભાઈઓ, બહેનો, સંતો, ગૃહસ્થો વતી પ્રાર્થના કરું છું કે, અમને બહુ બળ આપજો. પપ્પાજીને અમારા વતી પ્રાર્થના કરજો કે અમે તમારા સંકલ્પ પ્રમાણે જીવીએ. ને તમે નીરોગી ને નિશ્ચિંત રહો. તમારું સાંનિધ્ય, સુખ માણવું છે તો અમારી પ્રાર્થના સ્વીકારવાની કૃપા કરજો.

★ *ગુરુજી મહારાજ તારદેવ અક્ષરધામનું તખત મહિમાની ગંગોત્રીનું સ્વરૂપ છે. ગુણાતીત સમાજના સત્પુરુષોએ જે કંઈ કર્યું તે નજર સમક્ષ રાખી કેવળ દાસ થઈને ગુરુજી જીવ્યા છે. ગુરુજી ગુણાતીત સમાજના દરેક સભ્યને પોતાના માનીને જીવ્યા છે. દિલ્હીમાં મંદિર કર્યું. કાકાજી, પપ્પાજી, સ્વામીજી, સાહેબજી ને સ્વરૂપોને મંદિરમાં પધરાવ્યા એ મહિમા કેવો હશે! ગુરુજીની ખોટ લાગશે જ. બધા હરિભક્તોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના. ગુરુજી અખંડ સાથે રહેશે ને પ્રેરણા કરશે જ.*

ત્યારબાદ ધૂન કરી.

**મહિમા પ્રાર્થનાભાવ ગુણાતીત પ્રકાશ પૂ.બાબુભાઈ :** અમને પપ્પાજી સાથે લગાવ હતો તેવો પપ્પાજીને પણ અમારી સાથે લગાવ હતો. એકવાર પપ્પાજી ઘણા વખતે સાંકરદા પધારેલા. તો કહ્યું કે, પપ્પાજી તમે બહુ વખતે આવ્યા. તો પપ્પાજીએ તરત સત્ય આપીને સમજાવ્યું કે, જે લીલા, મૂર્તિ ને વાતો કરી'તી તે તમે ઈદમ્ કરી દીધી હોત તો વહેલો આવત. આમ જે તેમને કરાવવું છે કે પ્રભુમાં રહેતા થઈ જાવ એ જ એમને તાન છે. એવું એક વખત ભક્તવત્સલ સ્વામીને પપ્પાજીએ સામેથી પૂછ્યું કે, 'પપ્પાજી માણસ છે ?' ને પોતે જ જવાબ આપ્યો કે, 'પપ્પાજી બ્રહ્મ છે. તે પ્રેરક, પ્રર્વતક ને વ્યાપક હોય.' ભક્તવત્સલ સ્વામીને આશ્ચર્ય થયું. પોતે સામેથી કોઈ દિવસ કહે નહીં તે તેમણે પોતાનું સ્વરૂપ જણાવ્યું.

એક વખત સંતોને વડોદરાથી મુંબઈ ફ્લાઈટમાં લઈ ગયા ને કહે, આ બધા પુરુષોત્તમ ને પોતા તરફ આંગળી કરીને કહે, પૂર્ણ પુરુષોત્તમના ધારક. આવું પણ દર્શન કરાવ્યું છે.

પપ્પાજી અમને કહેતાં કે, અભાવ, અવગુણમાં નહીં પડો તો તાજમહાલ હોટલ, બ્યુક ગાડી જેવું સુખ મળ્યા કરશે. ને ખરેખર આ સિદ્ધાંત પાળ્યો તો આપમેળે બધું મળે છે. સરસ ચાલે છે.

પપ્પાજી કંથારિયા પાટોત્સવ વખતે પધારેલા ત્યારે પોતાના ખિસ્સામાંથી કંઈક શોધતા હતાં. તો વિજ્ઞાનસ્વામી મને કહે તારું પાકીટ આપી દે. ને પપ્પાજીએ પૈસા દિવ્ય કર્યા જે તિજોરીમાં મૂક્યા ને બધું સરસ ચાલે છે. આ લાયસન્સ રીન્યુ કરવું પડે ને ! તો પપ્પાજીના સ્વધામગમન પછી દીદી કંથારિયા પધારેલા. કુંભમાં મૂર્તિ પધરાવીને કહ્યું આ કુંભમાંથી ભેટ કાઢજો પણ આ મૂર્તિ અંદર રાખજો. ને અત્યારે આ લાયસન્સ રીન્યુ થઈ ગયું. કોઈ વાતની ખોટ પડતી નથી. ખરેખર પપ્પાજીની દ્રષ્ટિ પડી ને સુખી થઈ ગયા. બહેનોની સેવાથી સુખિયા છીએ. બસ, પપ્પાજીએ જે શ્રમ કર્યો છે તે એળે ના જાય.

દીદી ! તમારા પેટાવેલા દીવડાં છે તે પ્રગટાવેલા જ રાખજો. વિચાર, વાણી ને વર્તન તમારી રીતે કરતાં થઈ જઈએ ને તમે જે ઈચ્છો છો તેવું જીવન જીવવાનું બળ બળે એ જ પ્રાર્થના.

★ *ગુરુજી સાથે સાંકરદા રહેવા મળ્યું છે. ખૂબ રમુજી ભજન, ભક્તિમાં પણ અવ્વલ. ઘણી સૂઝ તેમના જીવન વર્તનથી મળી છે. રમૂજમાં પણ સત્ય મળી જાય એવા ગુરુજીની ખોટ જરૂર લાગશે.*

**મહિમા પ્રાર્થનાભાવ પ.પૂ.શોભનાબેન :** *ગુરુજીના સમાચાર સાંભળીને દુ:ખ થઈ ગયું. પણ આવા સ્વરૂપો તેમના જીવનથી સદેશો આપતા રહ્યાં છે. પોતાના મળેલા સ્વરૂપને કેવી રીતે સેવીને રાજી કરી લેવા તે શીખવ્યું. ગુરુજી કાકાજીરૂપ થઈ ગયા. ગુરુજીએ કાકાજી, પપ્પાજી ને સોનાબાને રાજી કરી લીધાં. ગુરુજીને સાધુ નહોતું થવું. પણ યોગીબાપાની કૃપા હશે તો આવા સ્વરૂપોનો જોગ આપી દીધો. ને*

*તેના ફળસ્વરૂપે સાધુ થયા. તો આજે ગુણાતીત સ્વરૂપ બની ગયા. આવું પ્રત્યક્ષ નિહાળીએ ત્યારે થાય કે આ સ્વરૂપો કેવળ સંબંધ જ જુએ છે. સ્વરૂપોને પ્રકૃતિ, સ્વભાવનો કોઈ ભાર નથી. ગુરુજીએ કેટલો દાખડો કર્યો છે. દિલ્હીમાં સંબંધમાં આવ્યા તે બધાને ભગવાન આપ્યા. એવા ગુરુજી ખરેખર કાકાજીના વારસદાર બન્યા ને કાર્ય કર્યું.*

પપ્પાજીએ જોગીને સેવ્ય સ્વરૂપ માન્યું તે છેલ્લા શ્વાસ સુધી તેમાં રત રહ્યા. કદીય દાસત્વભક્તિ ચૂક્યા નથી. તેમને ના માન-અપમાન નડ્યા, ના અવરોધ-વિરોધ નડ્યા. એ જોગીબાપાને કેવા વશ કર્યા ! આપણને સૌને આવા ગુણાતીતભાવમાં રહીએ તેવી તક આપી છે. આપણા ઈન્દ્રિયો, અંત:કરણ પપ્પાજીની જેમ સ્વરૂપમાં ખોવાયેલા રહે. આ તેમણે વર્તનથી શીખવ્યું.

હે પપ્પાજી ! અમે સૌમાં સંબંધ જોઈને જીવીએ. ને સૌમાં કર્તાહર્તા તમે જ છો તે માનીને વર્તીએ.

પ્રસંગો આવશે પણ આપણે આપણા મુકામમાં રહીશું તો જીવનમાં જે કરવાનું છે તે કરી શકાશે. આપણું તંત્ર નીરવ કરવું છે.

પપ્પાજીને જોગી મહારાજે પૂજન કરવાનું કહ્યું તો પપ્પાજીએ એ અપમાન કરનારનું હોંશે હોંશે પૂજન કર્યું. તો એક મુક્તએ પૂછ્યું કે પપ્પાજી... ! તો પપ્પાજી કહે, એ તો ગઈકાલ હતી... એમ આપણા જીવનમાં પણ આવું કંઈક કંઈક બનવાનું જ છે. તેમાં જે બન્યું તે ગઈકાલ માનીને જીવતાં થઈ જવું છે. બસ તેમની વચનસ્મૃતિમાં ખોવાયેલા રહી પામી જઈએ. પ્રસન્નતા પ્રાપ્ત કરતાં રહીએ. તેવું જીવવાનું આપણને સૌને પપ્પાજી ને સ્વરૂપો બળ આપે તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** *બધા સ્વરૂપો એક થઈને જીવ્યા. દાસ થઈને વર્ત્યા તેનો આખો ઈતિહાસ આપણી પાસે છે.*

*ગુરુજી એવું સ્વરૂપ કે કાકાજીને સેવી કાકાજીરૂપ બની ગયા. કાકાજી, સોનાબા સાથે અસાધારણ પ્રીતિ પણ પપ્પાજી નહોતા ગમતાં. પોતે વિચક્ષણ હતા તો તંત્ર સાથે, મન સાથે નક્કી કરી લીધું કે પપ્પાજી કેમ ના ગમે ? ને પપ્પાજી ગુરુજીને કહેતા કે તું મને ગમે છે ને ! ને પપ્પાજીની રુચિ સમજી કાકાજી જેવું સ્થાન પપ્પાજીનું કર્યું. એ ખપનું દર્શન થયું. ગુરુજીએ તેમના આખા સમાજમાં કાકાજી, પપ્પાજીનો ખૂબ મહિમા ગાયો છે. છેલ્લે ઓગષ્ટમાં ગુજરાત પધાર્યા ત્યારે એકપણ સ્થાન બાકી ના રાખ્યું. બધે પધાર્યા. એ સ્વરૂપો પ્રત્યેની કેવી ભક્તિ ને કેવો ભાવ !*

*ગુરુજીની કથાવાર્તામાંથી સાધનાની સૂઝ મળે તેવી ઉત્તમ વાતો ને સ્વરૂપોના કાર્યના મહિમાની વાતો જ હોય. એવા ગુરુજી દેહથી દૂર છે પણ તે આપણી નજીક ને સાથે છે તેવો અનુભવ કરાવશે. આનંદીદીદી, સંતો, ભાઈઓ એવા વારસદારો તૈયાર કરીને આ કાર્ય કર્યું છે. એટલે તે ખોટ નહીં લાગવા દે.*

આપણે બધા ખૂબ નસીબદાર છીએ કે આવા સ્વરૂપો મળ્યા. પપ્પાજી કહે છે કે, તમે નિર્દોષબુદ્ધિ રાખો તો હું રાજી. તેમણે જીવીને આ વાત શીખવી છે. આપણે સંબંધવાળામાં મહારાજ જોઈશું તો સહેલું છે.

પપ્પાજીની દાસત્વભક્તિ છેલ્લે સુધી એ જ રહી. પોતે લેખ લખીને લાવે કે સંસ્થાકીય કામ હોય તો પણ તે કમિટીમાં મૂકાવે ને કહે આ બરાબર લાગે તો આયોજન ગોઠવજો. પોતાને ભગવાનમાંથી આવેલો અવાજ હોય તો પણ ક્યારેય ડાયરેક્ટ કહ્યું નથી. એ આપણા પ્રાણાધાર હતા પણ વર્તીને બતાવ્યું કે સામા પાસે નમી દઈએ તો અહંકાર ઓગળી જશે. સામાને મોટા માનો. આપણે તેમની પાસેથી લેનારા સાધકો હતા તો પણ દાસત્વભાવે જીવ્યા. આ નજર સમક્ષ રાખીએ. આપણે બધા સાથે નમ્ર ને રાંકભાવે વ્યવહાર રાખીશું તો પપ્પાજી રાજી થવાના જ છે. પપ્પાજી સ્વરૂપ તરીકે નિર્માની, દાસ રહી શક્યા હોય તો આપણે તેમના જીવનમાંથી આ શીખીએ.

દીદી કહે છે કે આપણે પપ્પાજીનું કાર્ય છીએ. તે ક્યારે જીવાશે ? દાસભાવે, રાંકભાવે સૌ સાથે વર્તાશે ત્યારે ઓટોમેટીક પપ્પાજીનું કાર્ય કરતાં જ હોઈશું. આમાં જે છેલ્લું નાનું એવું સ્વ ઊઠે છે તે પ્રત્યક્ષ સ્વરૂપોની હાજરીમાં વહેલામાં વહેલી તકે મૂકાઈ જાય

ને ગુણાતીતના સેવક બનીને જીવીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** ભગવાન જ્યારે જે કાર્ય કરાવે છે તે આપણા હિતમાં જ હોય છે. આપણને પપ્પાજીએ છેલ્લે ૪૩ દિવસ ભજન કરાવ્યું ને બળ આપી દીધું એ અનુભવ છે જ.

*ગુરુજીએ લીલા સંકેલી એવું રાત્રે આનંદીદીદીએ કહ્યું. ગુરુજી – દિલીપભાઈ હતા ત્યારે તારદેવ સાધના મંદિરે જોયા છે. ખૂબ વિચક્ષણ. કાકાજી સ્વધામ ગયા. દિલ્હીમાં મંદિર કર્યું તો ગુરુજી મહારાજે કાકાજીની મૂર્તિ પધરાવી ને તેની બાજુમાં પપ્પાજીની જગ્યા રાખેલી. પપ્પાજી ત્યારે હતા. પછી પપ્પાજી સ્વધામ ગયા પછી ૨૦૦૭માં કાકાજીની બાજુમાં પપ્પાજીની મૂર્તિ પધરાવી. કાકાજી જેવી જ પપ્પાજીમાં નિષ્ઠા હતી.*

*દાસસ્વામીને જોવા ગુજરાત આવેલા ત્યારે ગુરુજી જ્યોતમાં ૮મી ઓગષ્ટે પધારેલા. ત્યારે પણ તેમની તબિયત સારી તો નહોતી. પણ એક ભક્તિ. જ્યોતમાં પધાર્યા. પ્રભુકૃપામાં ને હિંડોળાના દર્શન કર્યા ને આવતા વર્ષે મારા જન્મ દિવસે આવવાનું છે તેવું આમંત્રણ આપેલું. એમને ખબર જ હશે કે હું રહેવાનો નથી... ગુરુજીએ કાકાજીના વારસ બનીને અદ્‌ભુત કાર્ય કર્યું. ને પોતે એવા વારસદાર પણ તૈયાર કર્યા. બસ બધાને બળ મળે. ગુરુજી સાથે રહીને બધાના મનોરથ પૂરા કરશે. પ્રાર્થનાના પોકારથી સાથે રાખવા. તે સાથે રહેશે જ.*

આપણને માનવદેહમાં પપ્પાજી મળ્યા. વાતચીત કરી શકીએ તેવા મળ્યા. તેમને આપણને પોતાનું કાર્ય કરાવી શકે તેવી સામર્થી આપવી છે તો આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરીએ. આપણે પપ્પાજીનું કાર્ય છીએ. કોઈ આપણને ગુણાતીત જ્યોતની બેન છે તે કરતાં પપ્પાજીના છે તેમ ઓળખે તેવું જીવન હોવું જોઈએ. આપણે પપ્પાજીનું કાર્ય છીએ તો કોઈનો અભાવ ના આવે તેવા હોવા જોઈએ ખરું ને ! પપ્પાજીને હંમેશા રહે કે, પ્રથમ પ્રભુ પછી પગલું તેમ જીવીએ. સત્સંગના શરૂઆતથી આ સત્યો આપ્યા છે. આપણે આપણા મટી જવું છે. તેમ થશે તો મુક્તોમાં મહારાજના દર્શન થશે. પપ્પાજી નિરંતર આપણી સાથે છે. ભજન કરીએ, પ્રાર્થના કરીએ, પોકારથી તેમને સાથે રાખીએ તો તે સતત આપણી સાથે રહેવા તૈયાર છે. તેમણે આપેલા વચન આપણા વર્તનમાં લાવવા છે. **આજના દિવસે પપ્પાજી મહારાજને પ્રાર્થના છે કે, પ્રથમ પ્રભુ પછી પગલું એવો હરેક સેકન્ડે ભાવ રહે તેવી કૃપા કરજો. દરેક કાર્યમાં આ સૂત્ર યાદ રાખીએ. આપણે પપ્પાજીને કહીશું કે પ્રથમ પ્રભુ તો તે સાથે રહેશે ને આપણા દરેક પગલાનું રખોપું કરશે.**

ત્યાર બાદ હંસાદીદીની રુચિએ દિલ્હી મંડળને બળ બળે તે માટે પૂ.ઈલેશભાઈએ ધૂન કરાવી.

**ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈ :** ધૂન બાદ ઈલેશભાઈએ ગુરુજીની સ્મૃતિ કરાવી કે, ગુરુજી તા.૮મી ઓગષ્ટના અહીં પધાર્યા ત્યારે તેઓ સાંકરદા ગયેલા. ત્યાંથી પાછા આવતા કહે, આપણે પપ્પાજી તીર્થ જવું છે. ને ત્યાં પધાર્યા. પપ્પાજીના દર્શન કર્યા. હાર પહેરાવ્યો. નાળિયેરનું પાણી ગ્રહણ કર્યું. પછી બોલ્યા કે, સર્વ જાત્રાની જાત્રા અહીં પૂરી થઈ... એ મર્મ અત્યારે સમજાય છે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે વિશ્વશાંતિ દિન. જગતમાં ભયંકર યુદ્ધો ચાલે છે. આ યુદ્ધો અટકે ને શાંતિ રહે તે માટે આ દિવસ નક્કી થયો. ખરેખર ચિત્તમાં શાંતિ થાય, અંદર વૃત્તિઓમાંથી મારું તારું જાય તો શાંતિ વર્તાય. આપણને પ્રત્યક્ષ સ્વરૂપો મળી ગયા. જ્યાં જેને જરૂરિયાત હતી ત્યાં જોડી દીધાં. બસ ગુણાતીત જ્ઞાનનાં નવનીત પ્રમાણે આખો સમાજ વર્તતો થઈ જાય. ભગવાનનો આશરો રાખતા થઈ જઈએ. સંકલ્પ કરીએ કે, આત્માનો આનંદ રાખવો છે. ગુરુઓમાં બ્રહ્મની શક્તિ કામ કરે છે. તે જેમ કહે તેમ કરી લઈએ. અક્ષરધામની સમાધિમાંથી બહાર નીકળ્યા તો પાંચ મિનિટમાં પાછા આવી જઈએ. તેમનું વચન પાળવા તરફ ધ્યાન રાખીએ. સૌમાં નિર્દોષબુદ્ધિ રાખીએ. એવું બધાને સહજ થઈ જાય એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

અંતમાં ધૂન કરીને સભાનું સમાપન કર્યું.

## તા.૧.૯.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૧૦મો પ્રાગટ્યદિન શાશ્વત સંકલ્પ પર્વની સભા...

પ.પૂ.હંસાદીદી અને સ્વરૂપોના સાંનિધ્યે, પપ્પાજી હોલમાં સવારના ૧૦:૩૦થી આવાહ્ન શ્લોક બાદ સુહૃદધૂનથી સભાનો પ્રારંભ થયો. શ્રી ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ કરી પ્રાર્થનાભાવો ધર્યા.

આજની સભાનું સંચાલન કરતાં ગુણાતીત પ્રકાશ પૂ.રાજુભાઈએ ભક્તો, સાધકોને ભજનથી કાર્ય થયા હોય તેવી વિધ વિધ સ્મૃતિઓ કરાવી ને ગુરુહરિ પપ્પાજી મહારાજની સામર્થીનું દર્શન કરાવ્યું. જીવનકાર્યની ઝાંખી કરાવી. ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્યદિનના ઉત્સવનું નામ સંકલ્પ પર્વ નક્કી કરેલું. તો દીદીબાએ જણાવ્યું કે શાશ્વત સંકલ્પ પર્વ રાખીએ. પપ્પાજીનો સંકલ્પ પહેલાંય હતો ને આજેય છે. ને હવે પછી આવનાર માટે પણ ચાલુ રહેશે. આ દીદીબાની દ્રષ્ટિ. આજે આ શિબિર સમૈયો છે. આપણા પપ્પાજીનો પ્રાગટ્યદિન છે.

પાંચ વર્ષની ઉંમરે બધાના કલ્યાણ કરવાનો કોલ આપ્યો એવા પપ્પાજીનો પ્રાગટ્યદિન.

નવ વર્ષની ઉંમરે પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાનો એટલે કે અક્ષરધામ પૃથ્વી પર ખડું કરવાનો સંકલ્પ કર્યો એવા પપ્પાજીનો પ્રાગટ્યદિન.

જીવનના દરેક તબક્કે, દરેક અવસ્થાએ આદર્શ પૂરો પાડ્યો ને આદર્શ જીવન જીવ્યા એવા પપ્પાજીનો પ્રાગટ્યદિન.

૧૯૫૨માં ૩૬ વર્ષની ઉંમરે જોગીનો પ્રકાશ બની ગયા એવા પપ્પાજીનો પ્રાગટ્યદિન.

સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ ને યોગીજી મહારાજનું વચન ઝીલીને બહેનોને પરમ ભાગવત સંત બનાવનાર યુગપુરુષ પપ્પાજીનો પ્રાગટ્યદિન.

અત્યંત કૃપા કરીને નેકટાઈ સાધુ બનાવ્યા એવા પપ્પાજીનો પ્રાગટ્યદિન.

એવા આપણા સૌના પ્રાણાધાર હૃદયેશ્વર ગુરુહરિ પપ્પાજી મહારાજને પુષ્પહાર અર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા.

પ.પૂ.હંસાદીદી ગુરુહરિ પપ્પાજી મહારાજના સંકલ્પ પ્રમાણે જાગ્રત કરી રહ્યાં છે તો વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬ સિદ્ધ કરી એકાંતિક બની જવાની પ્રાર્થના કરી. ત્યારબાદ મહિમાદર્શન માણ્યું.

**પ.પૂ.મધુબેન :** મહારાજે મુસલમાન બાઈનું બાવળનું દાતણ ગ્રહણ કરીને અંતકાળે તેડવા આવીશ તેવા તે બાઈને આશિષ આપ્યા ને તેડવા ગયા. તેવું પપ્પાજીએ એકવાર મને કહેલું કે, ઘરેથી આવે ત્યારે માટલી લઈ આવજે. મારી બાને વાત કરી તો તે ખૂબ હરખાઈ ગયા ને મગસ કર્યો. તે ડબ્બામાં ભરી માટલી મારી સાથે મોકલી. પપ્પાજીને આપી. પણ જ્યારે મારા બા ધામમાં ગયા ત્યારે બા કહે, જોગીબાપા, પપ્પાજી લેવા આવ્યા. તેમ તે બોલતાં હતાં.

પછી બાના બારમાના દિવસે પપ્પાજી મને સામેથી કહે, આજે બાનું બારમું છે ને ! કહેવાનું શું કે પપ્પાજી એવા સર્વોપરી સમર્થ છે. આવી સેવા ગ્રહણ કરી અંતકાળે તેડવા જઈ જન્મ સુધારી દીધો. પપ્પાજી કહેતાં કે, હું પરમહંસ છું, કલ્યાણ કરવા આવ્યો છું. આ સાકાર અનુભવ્યું.

આ દીદીએ મને પપ્પાજી ઓળખાવ્યા. હાક મારતાં શીખવ્યું. અમારી દ્રષ્ટિ આ ચાર બહેનો તરફ હતી તો સાધના સહેલી થઈ ગઈ. શું કરવું ? શું ના કરવું ? તે સૂઝ પાડી. પપ્પાજીનો મહિમા સમજાવ્યો. પપ્પાજી જીવમાં બેઠા તો જે પ્રાર્થના કરીએ તે સાંભળે ને બળ આપી આગળ લઈ ગયા. ને તે ટેવ પાડી તો ખબર ના પડે તેમ સુખેથી સાધના થઈ. પપ્પાજી અંતરનું બધું જાણતા હતા. અંતર તપાસતા કર્યા. આ ગુરુઓનો સંગ આપ્યો તેમાં અમે ફાવી ગયાં. અત્યારે દીદીની ધખણા છે તો આપણે પપ્પાજીનું કાર્ય બનવું જ છે. તે માટે પપ્પાજીને કર્તાહર્તા માનીએ. અભાવ-અવગુણમાં પડીએ નહીં. આવું જીવીશું એટલે કાર્ય બનીને જીવાશે. દીદી ! તારી હયાતીમાં, અમે આ દેહમાં છીએ ને પામી

જવું છે. પપ્પાજીને જે કરાવવું છે તેવું જીવવાનું બળ આપજો એ જ પ્રાર્થના.

**પૂ.ડૉ.ભાવનાબેન :** પપ્પાજી પોતાની સર્વોપરી સામર્થી લઈને અક્ષરધામથી પધાર્યા. આપણામાં તેમના સંકલ્પથી કામ થાય છે. કાળ, કર્મ, માયાના નિયંતા તે છે. તેવી અનુભૂતિ તેમણે જ કરાવી. પપ્પાજીએ ભજન કરવાનું કહ્યું ને હાં હાં ગડથલ કરી તો કાળ ઉડી ગયો.

પપ્પાજી આપણા સૌના સ્વામી છે છતાં દાસભાવે વર્ત્યા છે. પપ્પાજી કહેતા કે, I am paying the cost of my kalyan. એ કેવી ગરજ ને રાંકભાવ! પપ્પાજી જે બોલ્યા તે જીવ્યા તો આપણામાં ઉગે છે. જે કંઈ પોતે વર્તનમાં મૂક્યું પછી આપણને આપ્યું છે. રજની રજ બનીને મુક્તો સાથે ભળ્યા ને સૌના જીવનની એક એક પળની મૂંઝવણ ટળે ને આનંદથી ભરાઈ જાય તેવી સરળતા આપી. પપ્પાજી આપણું બધું જાણતા તો પણ અજાણ રહેતાં. એમણે મનુષ્યદેહમાં પધારી આટલો મોટો સમાજ સ્થાપી દીધો. નિરંતર બાપાની આજ્ઞામાં રત રહ્યાં તો મહામાયાના તાંડવમાં ઊભા રહી બધું પાર પાડ્યું. આપણે ભવિષ્ય છીએ પણ આપણું વર્તમાન પપ્પાજીની રીતે હશે તો ભવિષ્ય બની શકીશું. બસ દરેક પળ સનાતન બનાવીએ ને સ્વરૂપોની પ્રસન્નતા મળે તેવી પપ્પાજી ને સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

ત્યારબાદ પૂ.બેચરભાઈએ ‘રૂડા લાગો જી... પ્રભુજી શોભો ધવલ વેશ મહીં...’ એ ભજન ગાઈને પપ્પાજીમાં લય કર્યા.

**ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈ :** આજની સભા શિબિર જેવી છે. શિબિર ચૈતન્યોના વિકાસ માટે જરૂરી છે. તેમાંથી આત્માને બળિયો બનાવવાનું ભાથું મળે છે.

પપ્પાજીએ ૧૯૬૬ થી ૧૯૮૦ સુધી પ્રભુકૃપામાં બેસીને પ્રાર્થના, સંકલ્પથી આખા સમાજને બળ પમાડ્યું છે. પપ્પાજીએ હંમેશા આપણને વર્તનથી શીખવ્યું છે. આપણે આપણાપણું મૂકીને તેમની સૌરભ બનીએ. દીદીબા આપણને પમાડવા માંગે છે ને પરાસત્યો આપે જ રાખે છે. તો આપણે તે પ્રમાણે જીવવા પ્રયત્ન કરીએ. જીવ ઈશમાં જોડાઈ જાય તો પ્રાપ્તિ સરળતાથી થઈ જાય તેવું છે. ઈંદ્રિયો, અંતઃકરણથી ઉપર જવું છે. પ્રભુ રાજી થાય તેવું પળેપળ જીવતા થઈ જઈએ. પપ્પાજીએ બહેનોનું ભવ્ય કાર્ય કર્યું. ને ગુણાતીત સમાજને એકાંતિક બહેનો મળ્યા. ને તે બહેનોની સેવા કરવાની આપણને તક આપી છે. તો તે સેવા કરીને પામી જઈએ.

આ જ્યોત સાત જડ કોટિ પરની જ્વાલા છે. આ જ્યોતમાં એવા દિવ્ય આંદોલનો વહી રહ્યાં છે. આ બહેનો પપ્પાજીની પ્રસન્નતા અર્થે જીવી રહ્યાં છે તો જ્યોત ને પ્રભુકૃપાની પ્રદક્ષિણા કરવાનું મન થાય છે. પ્રાપ્તિ મોટી થઈ છે. તો હવે પ્રભુ પ્રાપ્તિ વહેલી થાય ને અખંડ અક્ષરધામનું સુખ આવતું જાય તે માટે આ સ્વરૂપો કથાવાર્તા કરીને જાગ્રત રાખે છે. તો અમે એવા પ્રાપ્તિવાળા થઈ જઈએ કે અમે જ્યાં જઈએ ત્યાં પપ્પાજીની ઓળખ બની રહીએ. તેવા અમારા વિચાર, વાણી, વર્તન થાય તેવો સંકલ્પ કરીને સૌ સ્વરૂપો બળ આપજો, તમારા કથાવાર્તારૂપી વહાણમાં બેસીને પાર ઉતરી જઈએ તેવી પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** અમે વ્રતધારી યુવક કે સાધુ નથી. વેપાર, ધંધા કરતા ગૃહસ્થ હતા. કાકાજી, કાંતિકાકા ને અમે સંતોની જોગીબાપાના સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી તો દુઃખના લેશ વગરનું અક્ષરધામનું સુખ લેતાં થઈ ગયા. તેમ તમે બધા સંબંધે સ્વરૂપ માની સૌની માહાત્મ્યેયુક્ત સેવા કરી લ્યો. જેને ગુણાતીત સ્વરૂપ માનતા હો તેને સત્સંગી માત્રમાં જોઈએ. કોઈનો અભાવ લઈએ નહીં ને સૌને પ્રગતિ કરતાં ચૈતન્યો માનીએ. આખો ગુણાતીત સમાજ આ રીતે જીવીને અક્ષરધામનું સુખ ભોગવતો થાય ને સૌના દેહ ને ઘર મંદિર બને એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** ખરેખર ૧લી સપ્ટેમ્બર એટલે આપણા માટે ખૂબ ખૂબ ભાગ્યનો દિવસ. આ દિવસે પપ્પાજી પ્રગટ્યા. ને આપણને સૌને ગ્રહણ કર્યા. આપણે સુખિયા થઈએ તેવો સંકલ્પ કર્યો. સાથે સાથે એમનો મહિમા સમજાવવા આવા સ્વરૂપો બક્ષિસમાં આપ્યા. આપણે ખરેખર હવે સ્મૃતિમાં રહ્યાં

સિવાય કંઈ કરવા જેવું નથી. આ કળિયુગમાં પ્રાર્થના થાય, રાજી કરવાની ભાવના અંતરમાં ચોવીસ કલાક રહે એ પૂર્વના ચૈતન્યો હોઈએ તો જ રહે.

આપણા મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્ એવા છે કે કરવું નથી પણ થઈ જાય છે. છતાંય પપ્પાજી ખૂબ દયાળુ છે. તો કથાવાર્તા, ઉત્તમ મિત્રોનો સંગ આપીને તેનાથી પર લઈ જાય છે. તો આપણે સુખ, શાંતિ, આનંદથી ભગવાન ધારતા થઈ જઈએ. બહેનોને કોઈ પ્રકારની લાચારી ના રહે તેવું દેહે, વ્યવહારે ને આત્માએ કરીને સાનુકૂળ કરી આપ્યું. આધ્યાત્મિક જીવન માટે તેમનો સંકલ્પ વહ્યા જ કરે છે કે બધા સુખે સુખે આગળ જાય. એક એક ચૈતન્ય માટે જે કરવું પડે તે પપ્પાજીએ કર્યું છે. આ સત્પુરુષ વચ.ગ.છે.૨૬ સિદ્ધ કરાવવા આત્માનું કલ્યાણ કરવા આવ્યા. તો કેટકેટલું કર્યું તે આપણને સૌને અનુભવ છે ખરેખર ભવ્ય સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે. પછી આપણે ભાવફેરથી, સ્વભાવથી મૂંઝાતા હોઈએ તો તે તેમનાથી સહન કેમ થાય ? આપણને સ્વરૂપો આપ્યા, સેવાની તક આપી, મહાપૂજા કરનારા આપ્યા. છતાંય જાગ્રત ના રહીએ તો જ મૂંઝવે. બાકી મૂંઝવે જ નહીં.

પપ્પાજીએ તો હસતાં-રમતાં, આનંદથી, સભરતાથી સાધના કરીએ તેવા પ્રયત્નો કર્યા છે. પણ જ્યાં સિદ્ધાંત ભૂલ્યા, ભગવાનને ભૂલ્યા હોઈશું તો જ મૂંઝવણ લાવ્યા હશે. ત્યાં જાગ્રત થઈ જઈએ. તે બળ આપવા બેઠા જ છે. સમજીને પાછા વળી જઈએ. હાં હાં ગડથલ કર્યા કરવી. સામા સામે આંગળી ચીંધ્યા વગર આપણા તરફ નજર રાખીશું તો હસતાં રમતાં વાસનારહિત થઈને તેમની વાસના આપણે પૂરી કરી શકીશું. તેવું જીવન જીવવાનો બુદ્ધિયોગ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** આજે ગુરુહરિ પપ્પાજી મહારાજનો પ્રાગટ્યદિન. જન્મદિનની ઉજવણી શરૂ થઈ ત્યારે પપ્પાજીએ બા, બેનની ઉજવવાની રાખેલી. પછી જ્યોતિબેન, તારાબેનની. પછી એક દિવસ મેં જ્યોતિબેન, તારાબેન સાથે વાત કરી કે, આપણે પપ્પાજીનો ક્યારે ઉજવીશું ? આપણે હિંમત કરવી પડશે. તો મંદિરમાં નાનું એવું નાટક કરીને સાહેબજી ને ૧૦-૧૨ ભાઈઓ, અમે જ્યોતના બહેનો ને થોડા સત્સંગીઓએ ઉજવ્યો. ત્યારથી શરૂ થયો.

ખરેખર આપણને સસ્તામાં પપ્પાજી મળી ગયા છે. આપણે કંઈ સાધન કર્યા નથી. પપ્પાજી કહે છે કે હું મળ્યો એ જ પૂર્ણાહુતિ. આપણે બધા પપ્પાજીની પકડમાં છીએ એટલે છૂટવાના નથી. તે પમાડીને જ જંપશે. પપ્પાજીને પૂછ્યું કે તમે જે કરાવો તે કરીએ છીએ પણ ભગવાનના સુખનો અનુભવ થતો નથી. તેવું કેમ? તો પપ્પાજી કહે, મારા જેવી વફાદારી રાખીને જીવો. આ પપ્પાજી કહે છે. આપણે વફાદારીથી જીવીએ. તે આપણા વિચાર, વાણી, વર્તન જાણે છે. જાગ્રત રહીને વફાદારીથી જીવીએ. નવેમ્બરમાં પપ્પાજીનો જન્મદિન ઉજવીએ ત્યારે આપણે પ્રાપ્તિવાળા થઈને ઉજવવો છે. જ્યારે જે પ્રસંગ બને તે જરૂરિયાતનો માનીને જીવવું છે. તે આપણી શુદ્ધિ માટે પપ્પાજી જ ગોઠવે છે. કથાવાર્તા સાંભળીએ છીએ છતાંય આઉટ થઈ જવાય છે તે ગૂનો નથી. પણ આઉટ થયા ત્યાં મનમાં નક્કી કરીને મંડી પડીએ તો પપ્પાજી બળ આપીને પર કરી દેશે. ચાલો, સહજાનંદસ્વામી મહારાજની જય.

**ગુણાતીત પ્રકાશ પૂ.સુરેશભાઈ :** નાનપણથી અમારા માટે કુટુંબ એટલે કાકાજી, પપ્પાજી, બા અને આ ચાર બહેનો હતા. અમારી નજર એમના તરફ જ. અત્યારે અહીં જ નજર રહે છે એ એમની કૃપા છે.

ખરેખર જોઈએ તો આ બધા મોટેરાં બહેનોની ભૂમિકા જ કંઈક જુદી છે. પપ્પાજીનું, આ સ્વરૂપોનું વચન સો ટકા મનાય તેવું અંદરમાં થાય છે. પપ્પાજીએ બધાનું સાચવ્યું છે. તો અમે આ સ્વરૂપોનું સાચવી શકીએ. આપણે પપ્પાજીની ઓળખ બનવું છે. તો જ આપણી વેલ્યુ છે. બસ આપણું ધ્યેય આ સ્વરૂપોના વચન રહે. તેમની રુચિ પ્રમાણે જીવવાનું તાન રહે. પપ્પાજી, દીદી ને સર્વે સ્વરૂપોને એક જ પ્રાર્થના છે કે, પળેપળ તમારા થઈને જીવીએ. પપ્પાજીના વચન ભૂલી ના જઈએ તેવું જીવાય તેવું બળ આપજો.

અંતમાં શાશ્વત સંકલ્પ પર્વના જયઘોષ સાથે સભાનું સમાપન થયું.

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

'બન્યા ખૂબ ગરજુ, બાંધી પ્રેમ રજુ
નિભાવવાનું ગજુ રહે એવી આરજૂ...'

ભજનની આ પંક્તિ આ જીવ પર પ્રભુની કેવી કૃપા, કેવી કરુણા એ વાતને ઉજાગર કરે છે. અલ્પ જેવા જીવને આવા વિશાળ, આવા અતિ સમર્થ અને સર્વોપરી પ્રભુની પ્રાપ્તિ થવી એ ખરેખર કલ્પનાતીત છે. અકારણ કૃપામાં આવેલા એ જીવોના ન તો સ્વભાવ જોયા, ન પ્રારબ્ધ, ન ગુણ-દોષ કે ન તો કોઈ જ પ્રકારની આવડત, અણઆવડત, લાયકાત કે કાંઈ જ જોયા વિના, પ્રભુ સ્વયં ખૂબ ગરજુ થઈને, કેવળ દિવ્ય પ્રેમની દોરીથી બંધનમાં લઈને, હંમેશને માટે એ જીવને પોતાનો કરે છે. ત્યારે એ જીવ માયાથી મુક્ત બનવાના પગરણ માંડે છે. એ જીવને પણ આવા નિસ્વાર્થ, નિષ્કામ, નિર્વ્યાજ, દિવ્ય પ્રેમને સમજવાની એક ઝંખના જાગે છે કે હવે એ અમૂલ્ય ને સર્વોતમ પ્રેમને હું સમજી શકું, એ પ્રેમને સદાકાળ માટે નિભાવી શકું એવું ગજુ પ્રાપ્ત થાય.

આવા મહાસમર્થ પ્રભુ પાસે જીવની તો કોઈ જ હેસિયત, તાકાત કે લાયકાત પણ નથી. શ્રીજી મહારાજે સમગ્ર બ્રહ્માંડના જીવ પ્રાણી માત્રને અતિ અમૂલ્ય બક્ષીશ આપી. અને એ છે એમણે પોતે પ્રવર્તાવેલો કલ્યાણકારી સંબંધયોગ. એ શ્રીજી મહારાજને વંદન છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજે એ સંબંધયોગને પોતે માન્યો, અપનાવ્યો, માણ્યો ને જીવી બતાવ્યો. શ્રીજી મહારાજ સ્વયં સર્વોપરી પરબ્રહ્મ તત્વ હતું, છતાંય નાજુક અને કુમળી વયે ગૃહત્યાગથી માંડીને ઘોર જંગલો, નદીઓ, પર્વતો ને હિમાલયની કડકડતી ઠંડીમાં પરિભ્રમણ કર્યા. અનંત પ્રકારના કષ્ટ, કઠોર યાતનાઓ સહન કર્યા બાદ પોતાના પરિશુધ્ધ વર્તનથી સૃષ્ટિને સંજીવની સમો જ્ઞાનોપદેશ આપ્યો. બ્ર.સ્વ.યોગીજી મહારાજ પણ અલ્પ જેવા મનુષ્યનેય ભગવાનના ભાવથી જોતા, બોલાવતા, માનતા ને એવા જ ભાવથી એમનો સ્વીકાર કરતા. એટલું જ નહીં સામાન્ય જીવોના વિરોધ, તિરસ્કાર ને અપમાન પણ સહન કરતા. એથીય વિશેષ એની સેવાની એકપણ તક જવા જ ન દેતા. એવા તો અનેક પ્રસંગોથી ભરપૂર એમનું જીવન હતું. પપ્પાજી મહારાજે પણ પોતાના પ્રત્યેક આચરણથી સંબંધયોગનું માહાત્મ્ય સૌ આશ્રિતોને સમજાવ્યું. પ્રત્યેક સાધકો – મુક્તોના આત્માની ઉન્નતિ અને વિકાસ પર જ એમનું ધ્યાન કેન્દ્રિત રહેતું. દેહભાવ કે જીવભાવથી મુક્ત કરી બ્રહ્મરૂપે વર્તાવવાની સાધના સૌને સુખે સુખે કરાવતા.

એક સાધક બહેન, કેવળ પ્રભુના સહારે જીવનારા, ખૂબ સરળતા અને અંતર્દષ્ટિનું જીવન. જાગ્રતતા અને વફાદારીપૂર્વક એમની સાધના ચાલે. સાધનાની શરૂઆતના દિવસો હતા. આ સાધક બહેન પૂર્ણ જવાબદારી, ચોકસાઈ ને માહાત્મ્યપૂર્વક બધી સેવાઓ કરે. ભજન પ્રાર્થના પણ ખૂબ દિલથી કરે. બ્રહ્મરૂપ થવું એટલે દેહભાવથી ખાલી થવું.

એક દિવસ પ્રભુની એમના પર કૃપા થઈ ને દેહભાવના દર્શન શરૂ થયાં. એમના હેડ તરફથી પરીક્ષા શરૂ થઈ. સેવા બાબતે સૂચનો શરૂ થયા. હેડ એટલે પપ્પાજીએ આપેલી સમજ પ્રમાણે જોગીનું સ્વરૂપ. આ સાધકની બાથરૂમ ઘસવાની સેવા હતી તે બરાબર ઘસાતું નથી તેવી ભૂલ બતાવતા. પ્રભુની લીલા માનીને બધું સહન કર્યે રાખ્યું. એ સાધક બહેન પોતે ખૂબ અંતર્દ્રષ્ટિપૂર્વક જીવે ને અંતરમાં થાય કે મારે વધુ સરસ રીતે જોગી સ્વરૂપ મારા હેડ રાજી થાય તેમ જ કરવું છે. પણ તોય એમાં ખામી નીકળે. આજે તો મારા હેડ રાજી થાય તેવું કરવું જ છે. એવા નિશ્ચયે સેવામાં જોડાયા.

ઉનાળાના દિવસો હતા. ગરમી અસહ્ય. ખરા બપોરનો સમય. સૂમસામ વાતાવરણ. પ્રભુકૃપામાં પપ્પાજી અને જ્યોતમાં સૌ બહેનો આરામ કરતા હોય. આવા સમયે કોઈને કઈ કહ્યા વિના ત્રીજા માળે બાથરૂમમાં જઈને અંદરથી દરવાજો બંધ કરીને પરિતાપના આંસુ સાથે પ્રાર્થના કરતા હતા કે હે પપ્પાજી ! આજ તો તમે જ બાથરૂમ સાફ કરવા આવો, તમે જ સહાયરૂપ થાવ. તેવા ભાવ સાથે અવાજ ન થાય તેમ મનમાં ને મનમાં

તીવ્ર પ્રાર્થના સાથે બાથરૂમ ઘસવાની સેવા કરવા લાગ્યા.

અચાનક બાથરૂમના દરવાજે ટકોરા પડ્યા. ચોમેર શાંતિ પથરાઈ ગઇ. એ સાધક બહેનને થયું કે જરૂર મારા હેડ મને શોધતા શોધતા આવ્યા હશે. ફરીથી દરવાજે ટકોરા પડ્યા. પણ દરવાજો ના ખોલ્યો... ત્યાં ફરીથી દરવાજો ખખડ્યો. પણ અંદરથી કોઈ જ પ્રતિભાવ નહીં. થોડી ક્ષણોની શાંતિ પછી બાથરૂમનો દરવાજો ફરીથી ખટખટ્યો. ધીમા અવાજે થોડી હિંમત એકઠી કરીને એ સાધક બોલ્યા 'અત્યારે કોણ ?' સામેથી પણ કોઈ જ જવાબ નહીં. એકદમ શાંતિ પથરાઈ ગઈ. ફરીથી દરવાજે દસ્તક પડી. થોડી હિંમત અને થોડા ગભરાટ સાથે ધીમેથી બાથરૂમનો દરવાજો ખોલ્યો. મસ્તક ઊંચું કરીને સામે જોયું તો આખા શરીરમાં એક અકલ્પ્ય લહેર પ્રસરી ગઈ. નજરની સામે બીજું કોઈ નહીં પણ સ્વયમ્ પ્રાણ પ્યારા પપ્પાજી મહારાજ ઊભા હતા ! સમગ્ર તંત્રમાં એક ખામોશી પથરાઈ ગઈ! પ્રભુને જોઈને અવાચક થઈ ગયા. અત્યારે આરામના સમયમાં ને આવા તાપમાં નીકળી ત્રણ દાદર ચડી મારા અંતરનો પોકાર સાંભળીને દોડી આવ્યા !

અંતર્યામી પપ્પાજીએ પૂછ્યું બહુ થાકી જવાય છે ખરું ને ? સાધક બહેને કહ્યું, 'પપ્પાજી તમારા બળે આ બધું થઈ શકે છે. મહિમાથી સેવા થાય તેવું બળ આપજો.' પપ્પાજીના અનહદ રાજીપાનો હાથ એના મસ્તકે મુકાયો ને પરમ શાંતિનો વરસાદ થયો ! ખૂબ જ ખુશી, આનંદ, પ્રસન્નતાના અંતરમાં પૂર ઉમટ્યા ને આંખોમાંથી હર્ષના આંસુની ધારા વહી. એ સાધકનું આખું તંત્ર સભર સભર થઈ ગયું ! આવા અનેક ચૈતન્યોના પોકાર સુણીને ત્વરિત કાર્ય કરનારા પપ્પાજી મહારાજને કાળ, સ્થળ, ઉંમર કે કોઈ જ પરિસ્થિતિ આડા નથી આવી શકતા કારણ કે એ સાચા ગુણાતીત છે. આ કોઈ ચમત્કાર નથી. આ એક આત્માના ઊંડાણની અનુભૂતિ છે. આવા તો અસંખ્ય આત્માઓ, ચૈતન્યો પપ્પાજી મહારાજની આવી દિવ્ય અનુભૂતિ પામીને આધ્યાત્મિક સાધનાના સોપાનો સર કરી રહ્યા છે. જગતમાં પ્રદર્શિત કરવાની આ કોઈ વાત નથી. આ તો આત્માની અનુભૂતિની એક વાત છે.

અનેક ચમત્કારોથી ઉપર ઊઠીને જોઈએ તો ગુણાતીત જ્યોત એ ઓળખ માટે ભલે એક સંસ્થા છે, પણ એ તો દુનિયાના ઈતિહાસમાં કદી ન બની શકે તેવું પપ્પાજી મહારાજનું એક ભવ્ય આધ્યાત્મિક સર્જન છે. ૪૦૦થી અધિક બહેનો એક જ છત્ર નીચે સંગઠિત થઈને રહેતી હોય, એ વાત સમાજ કે દુનિયાની દષ્ટિએ ભલે બહુ મોટી લાગે, પરંતુ અહી સંસ્થા, સંગઠન કે સંખ્યાનું મહત્વ નથી. મહત્વ તો એક જ વાતનું છે અને એ છે ભગવાન ભજવાની સાચી સાધના. કે જ્યાં નિત્ય નિરંતર પ્રત્યેક સાધકને એક જ વાતનું અનુસંધાન રહે છે કે મારા જીવનનું ધ્યેય શું છે ? સાચી સાધના એટલે મારા બાહ્ય કે આંતરિક સ્વભાવનું રૂપાંતર, પરિવર્તન. સ્વભાવ મૂકવા માટે જ અહી આવ્યા છીએ. દેહભાવથી પર થઈ બ્રહ્મભાવે જીવવાની સાધના એજ મારા જીવનનું મુખ્ય ધ્યેય છે. આવી નિરંતરની એક સભાનતા સાથે પ્રત્યેક સાધકનું જીવવું એ સામાન્ય માનવીની સમજમાં પણ આવે એવું નથી.

અને આવા સાધકોને સારા સારા પ્રવચનો કરવા કે બહાર બધે છવાઈ જવું એ તો એના વિચારમાં પણ નથી આવતું અને કદાચ એવી આવડત ન પણ કેળવી હોય. પણ એમના અંતર મનની પરમ શાંતિ અને આંતરિક દિવ્ય આનંદની અનુભૂતિ અકલ્પ્ય હોય છે. અને એટલે જ કદાચ બાહ્ય વિકાસ તરફ કોઈ સાધકનું ધ્યાન ન જાય એ પણ સ્વાભાવિક છે. બાહ્ય ઝાકમઝોળ કે જગત અંજાઈ જાય એવું અહીં કાઈ જ જોવા ન મળે. કારણ કે એ એમનું ધ્યેય જ નથી. તો આવા એક ધ્યેયી સાધકો અને એ પણ બહેનો. જ્ઞાતિ, જાતિ, સ્વભાવ, વિચાર, પ્રકૃતિ વગેરે અનેક પ્રકારની ભિન્નતા, છતાંય કોઈ ભેદભાવ વિના એક સાથે રહેવું તે અતિ આશ્ચર્યની વાત છે. ઘર છૂટી શકે, કુટુંબ છૂટી શકે, ધન-દોલત છૂટે, વ્યવહાર છૂટે, સમાજ છૂટે, જગતના બંધનો પણ છૂટી શકે, પણ સ્વભાવ છૂટવાની વાત તો દૂર. એ સમજવા પણ અતિ કઠણ છે. એ કોઈથી થઈ શકે તેવું નથી. જીવને મૂળભૂત સ્વભાવથી પર કરી બ્રહ્મભાવે જીવતા કરવાની શક્તિ પપ્પાજી મહારાજમાં છે, એમના સંકલ્પમાં છે.

શાશ્વત સ્વરૂપ પપ્પાજી મહારાજનો સંકલ્પ પણ શાશ્વત છે... તો... હે પપ્પાજી મહારાજ ! આપના એ શાશ્વત સંકલ્પમાં અમારું અસ્તિત્વ હોમાઈ જાય. આપના સ્વરૂપમાં લયલીન થઈ જવાય. કેવળ આપ પ્રસન્ન થાવ એવી અમારી વાણી, એવી અમારી ક્રિયા અને એવા જ અમારા વિચાર રહે. આપનું સમગ્ર જીવન સતત અમારી નજર સમક્ષ રહે, અમારા ધ્યેયમાં રહે તેવી કૃપા કરો એ જ અંતરની પ્રાર્થના છે.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

**નિર્ણય : ઑક્ટાબર–નવેમ્બર**

★ પ.પૂ.મમ્મીજીનો પ્રાગટ્યદિન :
સોમવાર, તા.૨૮.૯.૨૦૨૬
★ ગુરુહરિ પપ્પાજીમહારાજની પ્રાગટ્યતિથિ :
ભાદરવા વદ–૬, શુક્રવાર, તા.૨.૧૦.૨૦૨૬
★ એકાદશી :
ભાદરવા વદ–૧૧, મંગળવાર, તા.૬.૧૦.૨૦૨૬
★ દશેરા, વિજ્યા દશમી :
આસો સુદ – ૧૦, મંગળવાર, તા.૨૦.૧૦.૨૦૨૬
★ એકાદશી :
આસો સુદ–૧૧, ગુરુવાર, તા.૨૨.૧૦.૨૦૨૬
★ અ.મૂ.અ.મૂ. ગુણાતીતાનંદ સ્વામીજીનો પ્રાગટ્યદિન, શરદપૂર્ણિમા :
આસો સુદ –૧૫, રવિવાર, તા.૨૫.૧૦.૨૦૨૬
★ એકાદશી – વાઘબારશ :
આસો વદ–૧૧/૧૨, ગુરુવાર, તા.૫.૧૧.૨૦૨૬
★ ધનતેરશ :
આસો વદ – ૧૩, શુક્રવાર, તા.૬.૧૧.૨૦૨૬
★ અક્ષરચૌદશ :
આસો વદ – ૧૪, શનિવાર, તા.૭.૧૧.૨૦૨૬
★ દિવાળી :
આસો વદ – ૧૪/૩૦, રવિવાર, તા.૮.૧૧.૨૦૨૬
★ નૂતનવર્ષ વિ.સં.૨૦૮૩ :
કારતક સુદ – ૧, મંગળવાર, તા.૧૦.૧૧.૨૦૨૬
★ ભાઈબીજ :
કારતક સુદ – ૨, બુધવાર, તા.૧૧.૧૧.૨૦૨૬

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યાં...

★ ગુણાતીત સમાજના સર્વદેશીય એકાંતિક ભક્તરાજ પૂ.શીલાબેન મલકાની (શીલાઆન્ટી) તા.૧૨.૯.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.



દિલ્હી સ્થિત અ.નિ.પૂ.ઈન્દ્રુ મલકાની અને આખું કુટુંબ ખૂબ નિષ્ઠા, ભક્તિભાવ, રાંકભાવ અને સેવા સમર્પણથી, ૧૯૮૩થી ગુણાતીત સમાજના સભ્ય બનીને, દિન–પ્રતિદિન આધ્યાત્મિક પ્રગતિ કરતા રહીને ગુરુહરિ કાકાજી મહારાજ, ગુરુહરિ પપ્પાજી મહારાજ, બ્ર.સ્વ. પ.પૂ.હરિપ્રસાદસ્વામીજી, બ્ર.સ્વ. પ.પૂ.ગુરુજી (દિલ્હી)ના આશ્રયે અદનામાં અદના સેવક બનીને પોતાના આત્માનું કલ્યાણ કરી દીધું. પરમ ભગવદીય મલકાની અંકલ તા.૯.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા. મલકાની અંકલના સંબંધે સમગ્ર ગુણાતીત સમાજ શીલાબેનને ‘આન્ટી’ નામે પ્રેમલ વિશેષ ઉપનામથી નવાજતા હતા. તેઓના ‘સ્વામિનારાયણ ફાર્મ’માં ગુણાતીત સમાજના બહેનો, ભાઈઓ, ગૃહસ્થોની શિબિર વારંવાર યોજીને સૌને બ્રહ્માનંદ કરાવી પુણ્યનું ભાથુ ભેગું કર્યું.

એવા શીલાઆંટીનું સ્વાસ્થ્ય છેલ્લા ત્રણ–ચાર વર્ષથી સારું ન હતું. છતાંય અખંડ સ્વામિનારાયણ જપયજ્ઞ કરતાં. સભા, કથાના દર્શન નિત્ય પ્રત્યે ટી.વી.માં કરતાં. આમ અખંડ દિવ્ય સત્સંગનું સુખ આત્મામાં ભોગવતા થકા અક્ષરધામ સિધાવ્યાં.

તેમના દીકરાઓ પૂ.અજયભાઈ, પૂ.વિકાસભાઈ પુત્રવધુ પૂ.સુષ્માબેન અને સર્વે પૌત્રોને પણ આવા દિવ્ય અલૌકિક સત્સંગમાં જોડીને આધ્યાત્મિક વારસો આપ્યો. બ્ર.સ્વ. ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સર્વે ગુણાતીત સ્વરૂપો પ.પૂ.હંસાદીદી અને સૌ સદ્ગુરુઓ કુટુંબીજનોને ખૂબ બળ આપે ને ગુણાતીત સમાજમાં રહી, મલકાની પરિવાર આધ્યાત્મિક સમતા, સુખ, શાંતિ પામે તેવી શ્રીજી ચરણે પ્રાર્થના.

## બ્રહ્મલીન...

★ **દિલ્હીના અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરના અધિષ્ઠાતા પ.પૂ.ગુરુજી મહારાજ (પ.પૂ.મુકુંદજીવન સ્વામીજી) તા.૨૯.૮.૨૦૨૬ના બ્રહ્મલીન થયા છે.**



જન્મથી દિલીપ નામ ધર્યું. રાજા દિલીપ ! તેજસ્વી, શૂરવીર અને સદા વિજયી, ગોરક્ષક. સૂર્યવંશી રાજા તેના પુત્રનું નામ રઘુ – જે રઘુવંશનો પ્રથમ રાજા બન્યો.

પ.પૂ.સોનાબાનો પ્રેમ અને પ.પૂ.કાકાજી મહારાજ અને પ.પૂ.પપ્પાજી મહારાજનું આધ્યાત્મિક જતન પામી શ્રી યોગીજી મહારાજના ચરણે પ.પૂ.દિલીપભાઈએ ગુણાતીત સાધુ બનવા ઝંપલાવ્યું. યોગીજીએ નામ અર્પ્યું – મુકુંદજીવન સ્વામી. મુકુંદ એ શ્રી વિષ્ણુનું– શ્રી કૃષ્ણનું એક નામ છે. વળી મુકુંદ એટલે મોક્ષદાતા. તો વળી સંગીત શાસ્ત્રના એક વિશિષ્ટ તાલને પણ મુકુંદ કહેવાય છે. તો કુબેરના નવ નિધિ ખજાનામાંથી એક નિધિ, કિંમતી રત્ન એટલે મુકુંદ. એવાં ગુણાતીત સમાજના અતિશય અનોખા, વિરલ ગુણાતીત સંત પ.પૂ.મુકુંદજીવન સ્વામી તા.૨૯મી ઑગષ્ટના રાત્રે ૧૦:૪૦ વાગ્યે ખૂબ નાની બીમારી પછી અક્ષરધામ સ્થિત થયા !

યોગીજી મહારાજ એકવાર જેતલપુર પધાર્યા હતા અને ત્યાં એક ચિપીયો હતો તે જોઈને મુકુંદજીવન સ્વામી જે સાથે સેવામાં હતા તેમને પૂછયું, 'યાદ છે આ ચિપીયો?' એમને તો ક્યાંથી યાદ આવે ! પ.પૂ.કાકાજીએ આ પ્રસંગની વાત કરતા કહ્યું, 'આપ શ્રી મહારાજના સમયના પરમહંસ સાધુ આનંદાનંદ સ્વામી હતા તેથી યોગીબાપા આપને પૂછતા હતા !'

પૂર્વના આનંદાનંદ સ્વામી આ યુગમાં ૧૩મી માર્ચ, ૧૯૩૭માં મુંબઈમાં પ્રગટ્યા. અને પૂર્વના જ હોઈ તારદેવ જેને યોગીજી મહારાજ અક્ષરધામનું તખત કહેતા તેનો જોગ થયો. સેવા, કથાવાર્તા અને આત્મીયતાના દિવ્ય અલૌકિક વાતાવરણનો આત્મામાં સ્પર્શ થયો અને કાકાજી સ્વયં યોગીજી મહારાજનું જ સ્વરૂપ છે તેવો આત્માનંદ ઉદ્‌ભવ્યો.

ઈ.સ.૧૯૬૧માં યોગીબાપાની સાધુ થવાની સેનામાં જોડાયા. અને ૧૯૬૬માં અમૂલ્ય ગુણાતીત સમાજના અદનામાં અદના સાધુ બન્યા. અહીં સોખડા, સાંકરદામાં ભીડાભક્તિમાં નિરંતરના સાક્ષી બની રહ્યા.

તા.૮મી ડિસેમ્બર ૧૯૬૭માં કાકાજીની પરાવાણી વહી 'બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજની, બ્ર.સ્વ. યોગીજી મહારાજની અંતરની અભીપ્સા છે કે યમુનાને તીરે અક્ષર પુરૂષોત્તમ મહારાજ પધરાવવા છે. તેથી હે મુકુંદ હું તને પસંદ કરું છું...'

ગુરુ પ્રત્યેનો અપાર પ્રેમ અને આજ્ઞાનું મહામૂલ્ય સમજી તત્કાળ 'હાજી' કરીને દિલ્હી પધાર્યા. સાધુ સમાજમાં એ જીવંત ઈતિહાસ છે કે અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિ હોવા છતાંયે શ્રીજી અર્પિત સાધુતાના સર્વે નિયમો અચૂક પાળતાં. નિત્યે પૂજા, પાઠ, સ્વાધ્યાય અને ધન–સ્ત્રીનો સ્પર્શમાત્ર ય નહીં. તેવા શ્રીજી નિયમોમાં ક્યાંયે બાંધછોડ કર્યા વિના કપરી તપસ્યા કર્યા જ કરી. નાજુક કુમળો દેહ અને નાની ઉંમર. સામાન્ય ઉંચાઈ, દેખાવમાં કોઈ વિશેષતા નહીં. પણ આબેહૂબ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના ચહેરા જેવો જ તેમનો ચહેરો. નખશીખ દર્શનીય થાય છે.

અનેક ઝંઝાવાતો અને મુશ્કેલીઓ આવી તેમાં કોઈ ફરિયાદ જ નહીં. નિશદિન ભજન, ભજન ને ભજન. મને મળ્યા તે કાકાજી એ મહારાજનું સ્વરૂપ જ છે ને તે સર્વોપરી છે ને તેમની આજ્ઞાથી અહીં દિલ્હી આવ્યો છું તો બધું એમને સોંપ્યું છે. તો તે જ બધું ગોઠવશે, કરી આપશે. ધીરજ, ધર્મ અને સમતા. અનેક ચડાવ–ઉતાર આવ્યા. અને આજે ૬૦ વર્ષ વીત્યા. એક અદ્‌ભુત આત્મીય ગુણાતીત સમાજનું સર્જન દિલ્હી

અને આસપાસના ગામોમાં થયું છે. કુટુંબભાવ અને સહૃદયભાવ ! નમવું, ખમવું અને સેવામાં હોમાવું તે રીતિનીતિ સૌમાં ઉગાડી અને અનેક જીવંત જંગમ મંદિરનું સર્જન કર્યું છે.

અક્ષરપુરુષોત્તમ મંદિરની સ્થાપના ઈ.સ.૧૯૯૪માં ગુરુહરિ પપ્પાજી અને સર્વે સ્વરૂપોના હસ્તકમળ દ્વારા કરાવી પોતે તો દાસના દાસ. સૌને આગળ કરતા અને પોતે કાંઈ જ નથી તેવી વિચાર, વાણી, વર્તનની જાગરૂકતા રાખી.

સર્વે ભક્તો, આશ્રિતો પાસે સર્વદેશીયભાવ અને ગુણાતીત સમાજની એકતાનો ઉઠાવ લાવી, જ્યારે જે કોઈ પધારે તેને આત્મીય આવકાર અને અદ્‌ભુત સેવા-સરભરાથી તેઓ દિલમાં એકદમ અનોખું સ્થાન લઈ લેતા. એવા હરિભક્તો, વ્રતધારી બહેનો, વ્રતધારી ભાઈઓ, ગૃહસ્થો અને સંતોનું સર્જન કર્યું. સ્વામિનારાયણ માર્ગ, કાકાજી લેન, તીન ફરવરી પાર્ક, અને તાડદેવ મંદિરનું અક્ષરાતીત સર્જન કરીને, દિલ્હીમાં ગુણાતીત પ્રકાશ રેલાવ્યો ! સંબંધે સૌ સ્વરૂપ. અરે નવા નવા માનવોને પણ સંબંધ આપી, અક્ષરમુક્તની પદવી આપી દેતા. ને અનંત જીવોને દ્રષ્ટિમાત્રે ગુણાતીત ભાવનાના આદર્શ માર્ગે સહજતા, સરલતાથી ચઢાવીને સનાતન સુખિયા કરતા.

મૂર્તિના બળે, મૂર્તિની આજ્ઞાએ મૂર્તિમાં અખંડ રહી તેઓ પોતાની ૯૦ વર્ષની આયુએ સ્થૂળ દેહ ત્યાગીને અક્ષરધામે સિધાવ્યા. વચ.ગ.છે. ૨ અને ગ.છે.૭ પ્રમાણે તેઓ તો છતીંદેહે સર્વ પ્રકારે સમગ્ર તંત્ર થકી અક્ષરધામમાં જ બિરાજમાન રહીને સર્વે ક્રિયાયોગો કરતા હતા. તેઓના સ્થૂળ દેહને તા.૩૦.૮.૨૦૨૬ના હૉસ્પિટલમાંથી સવારે અક્ષરજ્યોતિ સાધક બહેનોના આશ્રમમાં લઈ આવ્યા. સંત બહેનો, ગૃહસ્થ બહેનોએ દૂરથી દર્શન કરી અશ્રુભીની અંજલિ અર્પણ કરી.

તે પછી મંદિરમાં તેમની જ અક્ષરઓરડીમાં સરસ રીતે આસન બનાવી પધરાવ્યા. સૌ ભક્તોને કાચમાંથી દર્શન કરાવવાની વ્યવસ્થા હતી. ગુરુજીના આશિષવચન 'મૈં હંમેશા તુમ્હારે સાથ હી હું...' શોભાયમાન મોગરાના પુષ્પના વિવિધ પ્રકારના હાર વગેરેથી સ્થૂળદેહને રોજ રોજ સજાવતા રહ્યા. અમેરિકા, ઈંગ્લેન્ડ અને ભારતના અનેક સ્થાનોથી હરિભક્તો દર્શનાર્થે ઉમટી રહ્યા. અને ૩જી સપ્ટેમ્બરે સાંજે ચાર વાગે તેમના અંત્યેષ્ટિ સંસ્કાર સનાતન હિન્દુ પ્રણાલી પ્રમાણે ચંદનના કાષ્ટથી કરવામાં આવ્યા.

અંગત સેવકો, હરિભક્તોએ ભારે હૃદય અને અશ્રુધારાથી તેમના આ અગ્નિ પ્રકાશને વધાવ્યો અને ગુરુજીને આતમમાં સર્વોપરી સ્થાને બિરાજમાન કર્યા.

અનુપમ મિશન મોગરીથી સંત ભગવંત પ.પૂ.સાહેબજી અને વ્રતધારી ભાઈઓ તેમજ અમેરિકા શિકાગોથી પ.પૂ.દિનકરભાઈ અને ભક્તો, પવઈ મુંબઈથી પૂ.ભરતભાઈ, પૂ.વશીભાઈ, સાધકો અને ભક્તો પૂ.માધુરીબેન અને વ્રતધારી બહેનો પધાર્યા. ગુણાતીત જ્યોતમાં ગુણાતીત સ્વરૂપ પ.પૂ.હંસાદીદીની નાજુક તબિયતને લીધે પધાર્યા નહોતા. પણ સદ્‌ગુરુ પૂ.માયાબેન દેસાઈ, પૂ.ડૉ.નીલમબેન સાથે બહેનો તથા ગુણાતીત પ્રકાશના ભાઈઓ સેવકો, ભક્તો ને કંથારિયાથી પૂ.વિજ્ઞાનસ્વામી પધાર્યા હતા. હરિધામ સોખડાથી પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજી સાથે સંતો, ભક્તો અને સાધક બહેનો પધાર્યા. સાંકરદા મંદિરેથી સંતો અને હરિભક્તો પધાર્યા. આખોય ગુણાતીત સમાજ તેમના આ છેલ્લા દુર્લભ દર્શન કરવા ભારે હૃદયે પધાર્યો હતો. સૌ સ્વરૂપો, હરિભક્તોની સંનિધિમાં સર્વ પ્રકારે અંત્યેષ્ટિ પરિપૂર્ણ થઈ.

તા.૪.૯.૨૦૨૬ સવારે ૧૦ વાગે અંત્યેષ્ટિ વેદી સ્થાનેથી અસ્થિપુષ્પો એકત્રિત કરી તેને શુદ્ધ કરીને તેની મહાપૂજા સવારે ૧૧ થી બપોરે ૧ સુધી કરી. સ્વરૂપોના આશિષ લીધા.

સાંજે ૭ થી ૯ ધૂન, ભજન, આરતી, પ્રાર્થનાસભાના આયોજન હતું. જેમાં સર્વ પધારેલા ગુણાતીત સ્વરૂપો, સાધકો અને ભક્તોએ ખૂબ મોટા સમૂહમાં ભાવભીની અંજલિ અર્પણ કરી.

તા.૫.૯.૨૦૨૬ સવારે સૌ ભક્તો, મુક્તો પોતપોતાના સ્થાને હૃદયમાં ગુરુજીના પ્રેમ, સ્મૃતિ,

સમર્પણ અને મહિમાના અનેક પ્રકારના અનુભવોની સ્મૃતિ વાગોળતા વાગોળતા વિદાયમાન થયા.

તા.૬.૯.૨૦૨૬ રાત્રે સ્વામીની વાતુનું પારાયણ કર્યું.

તા.૭.૯.૨૦૨૬ પ.પૂ.કાકાજીની સ્મૃતિસહ કીર્તનભક્તિ કરી.

તા.૮.૯.૨૦૨૬ સાંજે ૭ થી ૯ પારાયણ કર્યું. તેમાં હરિભક્તોએ લાભ આપ્યો અને સ્વરૂપોના આશિષ માણ્યા.

તા.૯.૯.૨૦૨૬ સવારે સ્વરૂપોના સાંનિધ્યે ગુરુજીના અનંત સંસ્મરણો સાથે મહાપૂજા અને પારાયણની પૂર્ણાહુતિ કરી.

આ રીતે આધ્યાત્મિક જ્ઞાન અને સ્મૃતિસભર સૌ કોઈ રહે તેવા દિવ્ય આયોજનો થયા. પ.પૂ.આનંદીદીદીની સૌ વ્રતધારી બહેનો ને બેન હરિભક્તોના વડીલ જવાબદાર તરીકે નિમણૂંક થઈ. પ.પૂ.સુહૃદસ્વામીની સમગ્ર મંદિરમાં મહંત અને સૌ સંતો હરિભક્તોના ગુરુપદે નિમણૂંક કરવામાં આવી. જે વર્ષોથી પ.પૂ.ગુરુજીએ કરેલી જ હતી અને તેઓ એ રીતે સૌ આશ્રિત સમાજનું આલોક, પરલોક અને આધ્યાત્મિક જતન ગુરુજીના માર્ગદર્શનથી કરતા જ હતા. તેઓ હવેથી પ.પૂ.ગુરુજીની અંતઃપ્રેરણાથી કાર્યભાર સંભાળશે અને સૌનું ગુરુજીની જ રીતિનીતિ ને પ્રીતિથી સર્વ પ્રકારે જતન કરશે.

આપણા સૌનાં આદર્શ ગુણાતીત સાધુ ગુરુજીની ખૂબ મોટી ખોટ આખા ગુણાતીત સમાજને અનુભવાશે. ખાસ ઉત્તર ભારતના સમાજને. આપણે સૌ એકમના થઈ સંપ, સુહૃદભાવ, એકતાથી જીવી, ગુરુજીના સંકલ્પને, જતનને વર્તનથી જીવંત રાખીએ, તેમનું ઋણ ચૂકવીએ. એકપક્ષીય શ્રમ વેઠીને અનેક નાની મોટી દેહની બીમારીઓ અને તન, મન, ધનની તકલીફોને તેમણે સહન કરીને અથાગ શ્રમ કર્યો છે, તો આખોય ગુણાતીત સમાજ તેમના ચીંધ્યા માર્ગે સરળ, સહજ ભાવે જીવન જીવી ગુણાતીત ભાવનાના ધારક બની રહીએ, તેવી તેઓના અને સૌ પ્રગટ, પ્રત્યક્ષ સ્વરૂપોના શ્રી ચરણોમાં કાકલૂદીભરી પ્રાર્થના છે. જાગ્રતતાપૂર્વક આપણે જીવન જીવીએ ને તેમને હૈયે હાશ કરી દઈએ.

★ પ્રગટ અને પ્રત્યક્ષ રહેવાનું વચન શ્રીજી મહારાજનું! તે વચન સર્વે સ્વરૂપો અને આપે સાકાર કરવાનું જ છે.

ગુરુજી ! આપે કુમળા ઋજુ દેહયંત્રને અવર્ણનીય તપસ્યા કરાવી. જેમ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ મંદિર મહારાજની આજ્ઞાથી પ્રગટ કર્યું અને અનંત ઉપશમ ઐશ્વર્યોથી તેને સભર કર્યું !

તેમ આ... 'તાડદેવ' મંદિર.

અનંત દિશાઓમાં તેના દિવ્ય આંદોલનો પ્રસરે છે અને પૂર્વના મુક્તો તો આવે જ, પણ નવા નવા મુમુક્ષોઓને શ્રીજી મહારાજ મોકલે છે. આત્મબુદ્ધિ અને પ્રીતિથી સર્વેનું કલ્યાણ તો ખરું જ. પણ જંગમ મંદિર બનવા તરફ ઉચ્ચ આધ્યાત્મિક ધ્યેય આપો છો. બળ અને પ્રેરણા આપીને ગુણાતીત ભાવ તરફ પ્રગતિ કરાવો છો ! ધન્યવાદ !

મારી પર્સનલ અંગત વાત – સંબંધનું મનન, ચિંતન, નિદિધ્યાસ કરી પ્રગટ પ્રત્યક્ષ આપનું સાંનિધ્ય અનુભવી શકું તેવી ગુણાતીત પ્રીતિનો આંતર અનુભવ કરી આપના જેવું જ પળે પળ અંતર્યામી અને સહૃદયી બનીને પરાભક્તિ કરી શકું.

જરાક દર્દ છે – આપ ૮.૮.૨૦૨૬ના ગુણાતીત જ્યોત વિદ્યાનગર પધાર્યા ! પણ હું અમેરિકા હતી! આપના દર્શન ન થયા. ૨૮.૮ રક્ષાબંધને સતત આલોચ રહ્યો ને ૨૯.૮ના આપના દર્શને આવી... ને હૃદય વિદારક... પળો... !! આત્મસાથી પપ્પાજીના સનાતન પુત્ર બની, તેમનો યથાર્થ મહિમા સમજી મૂર્તિ પધરાવી ! અનંત ઐશ્વર્યો ને આશ્ચર્યો !

એવું આ આપની સાધુ બેન – ગુરુહરિ કાકાજી, પપ્પાજી, સોનાબાની ડૉક્ટર સેવકને ઉગાડો, જગાડો, પ્રેરણા કરો, જબરજસ્તીથી મારી પાસે વર્તાવી લેજો. મન નીરવ ભાવમાં, સુહૃદભાવ ક્રિયામાં, કેવળ પરાભક્તિ આપની જેમ... સંબંધે સ્વરૂપ કુટુંબભાવનાને નિરંતર ઉજાગર કરવા ખૂબ ખૂબ પ્રેમ, પ્રાર્થના કરી છે, કરશો જ. શ્રદ્ધા છે જ. સમગ્ર તંત્ર પ્રભુ નિયંત્રિત બને એવી કૃપા કરજો. સૌએ મારું જીવન ધન્ય કર્યું છે.

અનંત વંદન સહ ડૉ.નીલમના જય સ્વામિનારાયણ.

★ ગુણાતીત જ્યોતના સંત સ્વરૂપ પૂ.સ્મૃતિબેન (ઝૂલીબેન) દવે તા.૩.૯.૨૦૨૬ના બ્રહ્મલીન થયાં છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના યોગમાં આવેલા પૂ.લવજીભાઈ દવેના વંશવેલા માંહેના સત્સંગ પ્રધાન



એકાંતિક પૂ.ભગવતરાય દવે. જે આપણા પ.પૂ.હંસાદીદી અને પૂ.કુસુમબેન દવેના પિતાશ્રી થાય. દિવ્ય માવતર પૂ.કુસુમબેન નલીનકાંતભાઈ દવેને ત્યાં પૂ.સ્મૃતિબેનનું પ્રાગટ્ય થયું. જન્મથી શ્રી યોગીજીમહારાજ અને ગુરુહરિ પપ્પાજી મહારાજની દ્રષ્ટિ અને આશિષ પામેલું ચૈતન્ય. જન્મ્યા ત્યારથી સ્વરૂપોનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. દિવ્ય સંસ્કાર મળતા જગતથી પર ભક્તિમય વાતાવરણમાં ઉછેર થવા લાગ્યો. સ્મૃતિબેનને તેમની મોટી બહેનો પૂ.કલ્પુબેન, પૂ.પન્નાબેન ને નાની બેન પૂ.હરણાબેનનો સથવારો હતો. તો સૌ ભેગાં મળી તેમની કાલીઘેલી પ્રભુભક્તિથી આનંદ માણતાં.

ઈ.સ.૧૯૬૩ની ગણેશપુરી શિબિરમાં આ બધા સત્સંગી બાળકોને પપ્પાજીનું સાંનિધ્ય મળ્યું. સ્મૃતિબેન દવેનું ચૈતન્ય નિહાળીને પપ્પાજીએ કુસુમબેનને કહ્યું હતું કે, 'તમારી સાથે એને એકાંતિક બનાવવી છે.' આવા આશિષથી સ્મૃતિબેન આધ્યાત્મિક પ્રગતિના પંથે આગળ વધવા લાગ્યા. બાળ, કિશોર, યુવાવયે જે જે આજ્ઞા મળતી તે વફાદારીથી પાળવા પ્રયત્ન કરતાં.

ઈ.સ.૧૯૬૬માં વિદ્યાનગરમાં ગુણાતીત જ્યોતની સ્થાપના થઈ. આ સમયે શિબિરો યોજાતી તેમાં ભાગ લેતાં. પોતાની કલાને વ્યક્ત કરવાની તક મળી. પોતાના શોખ, કલા ભગવાન અર્થે વાપરવા લાગ્યા. ગુરુહરિ પપ્પાજી મહારાજે તેઓને જ્યોતમાં ભણવા માટે બોલાવ્યાં. તો પ.પૂ.દયાબેન, પ.પૂ.હંસાબેન ગુણાતીતના નેતૃત્ત્વ નીચે રહીને, કહે તેમ કરીને, પપ્પાજીની ને સ્વરૂપોની પ્રસન્નતા મેળવતાં રહ્યાં.

ઈ.સ.૧૯૭૨માં ગુરુહરિ પપ્પાજી મહારાજ મારા આત્માના કલ્યાણદાતા છે તેવી પ્રતીતિ થઈ. પ.પૂ.દયાબેન સાથે આત્મીયતા થઈ. દયાબેનની આજ્ઞા એ જ જીવન. તેમની પાસે નિખાલસ રહી, નિષ્કપટભાવે વર્ત્યા. ઈ.સ.૧૯૭૬માં વ્રતધારી સાધક બન્યા. રૂપાંતરનું કાર્ય શરૂ થયું. આ પ્રોસેસમાં પ.પૂ.દયાબેને આજ્ઞા કરી કે તું પપ્પાજીની હરેક ક્રિયા, વચન, મૂર્તિની સ્મૃતિમાં લયલીન રહેવાની ટેવ પાડી દે. તો તું સરળતાથી સાધનાના સોપાન સર કરી શકીશ. સ્મૃતિબેને આ વચન અધ્ધર ઝીલીને પપ્પાજીની નાની મોટી ક્રિયાને દિવ્ય રીતે લખવી શરૂ કરી તો અંત:સ્ફુરણાનો ધોધ વહેવા લાગ્યો ને અનુરાગના સંગીતનો સંપૂટ અને હજારો કીર્તનો તેમના થકી આપણને પ્રાપ્ત થયાં.

સ્મૃતિબેન દરેક કાર્યમાં પ્રથમ પ્રભુ પછી પગલું રાખી, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવાના અનુસંધાને વર્ત્યા છે. જીવનમાં યથાર્થ સ્વરૂપનિષ્ઠા, ગુરુ–ગુરુહરિનું પ્રાધન્ય રાખીને દરેક પગલું ભરતાં. તેઓએ જ્યોતમાં બાલિકા, કિશોરી, યુવતીમંડળની શિબિરોમાં જવાબદાર તરીકે, દયાબેનના સેવક તરીકે, પ્રકાશન અને સ્મૃતિમંદિરની સેવામાં, ગ્રંથ રચનામાં, સમૈયામાં પ્રદર્શનની સેવા, આનંદબ્રહ્મ કમિટીના મંત્રી તરીકે, બા કમિટીના સભ્ય તરીકે પ્રભુને વફાદાર રહીને, બુદ્ધિથી પર રહીને પ્રભુની પ્રસન્નતા અર્થે રાંકભાવે સેવા કરી છે.

સ્મૃતિબેને જે અસંખ્ય ભજનો રચ્યાં છે તેમાં ગુરુહરિ પપ્પાજીના, ગુરુસ્વરૂપોના, મુક્તોના મહિમાને કંડાર્યો છે. સાથે સાથે વિધ વિધ ઉત્સવોના, પ્રસંગોને અનુરૂપ ભજન રચીને સનાતન અમૂલ્ય ભજનોનો વારસો આપ્યો છે. તો વળી હંસાદીદીની રુચિ પ્રમાણે તેઓને આગળ રાખીને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ અનેક બનાવ્યા છે. તેની રચના વખતે આધ્યાત્મિક મૂલ્યોને કેન્દ્રમાં રાખીને, અદ્‌ભુત મનન–ચિંતનથી સ્ક્રીપ્ટ તૈયાર કરતાં ને પ્રોગ્રામ રજૂ કરવા માટેની બધી જ કલાઓનો સંગમ એવો સુંદર કરતાં કે, પ્રોગ્રામ નિહાળીને મન પ્રફુલ્લિત બની જતું. સાથે સાથે દિવ્ય જીવન જીવવાનું ભાથું મળી રહેતું. સભા સંચાલનમાં પણ ઉત્સવોને અનુરૂપ વિધ વિધ પ્રસંગોની સ્મૃતિમાં ગરકાવ કરવાની તેમની કલાને વંદન છે.

પોતે પ્રભુના સિદ્ધાંતને, આચારસંહિતાને નજર સમક્ષ રાખીને, અભાવ, અવગુણમાં પડ્યા વિના, ગુણગ્રાહી દ્રષ્ટિ રાખીને પળેપળ જીવ્યા. નાના-મોટા સૌના સૂચનને માન્ય રાખી તે પ્રમાણે વર્તીને સૌની પ્રસન્નતા લીધી છે. પોતે પોતાના રહ્યા વિના જ્યારે જે સેવા આવી તે કરી લીધી. ને પોતાના સંબંધમાં આવેલા ચૈતન્યોનું પણ આવું જતન કર્યું છે. નિયમ લાદયા વિના પ્રેમ ને પ્રાર્થનાથી પ્રભુની રીતે, પ્રભુના સિદ્ધાંતે જીવવા રાહ ચીંધતા જ રહ્યાં. તેઓને ભગવાન આપ્યા. ભગવાનને ઉપાયભૂત કરતાં શીખવી પ્રભુની નજીક લઈ ગયાં.

એવાં સ્મૃતિબેનને ટૂંકી બીમારી આવી તેને પ્રભુનો પ્રસાદ માનીને સ્વીકારી લીધી. ખરેખર દેહાતીત, ભાવાતીત રહીને પ્રભુને જ કર્તાહર્તા માનીને સ્થિતપ્રજ્ઞ રહ્યાં. પ્રભુ સ્મરણ, ચિંતવન, સ્મૃતિસભર રહ્યાં થકાં ગુરુહરિ પપ્પાજી મહારાજના ચરણોમાં બિરાજી ગયાં. પપ્પાજીનું નિમિત્ત કાર્ય કરીને અમર બની ગયાં.

આવા પરમ ભાગવત સંત સ્વરૂપ પૂ.સ્મૃતિબેનને કોટિ કોટિ વંદન છે. સ્મૃતિબેન ! તમે અમને અખૂટ સ્મૃતિનો ખજાનો આપ્યો છે તેને માણીને અખંડ પ્રભુમય રહીને અમે આ જન્મ સફળ કરીએ તેવી પ્રાર્થના સાથે તમને હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ.

## Report on the Felicitation Programme 2026

Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar hosted a grand felicitation ceremony to honor the outstanding achievements of our students on August 16, 2026, at Pappaji Hall, Gunatit Jyot. The event celebrated 9 first-class toppers of 12th standard, 11 bachelor's degree, and 4 master's degree, along with 9 outstanding achievers in extracurricular activities, in the presence of guru Swarupos, saint benos, haribhaktos and proud parents.

Dr.Bhavnaben Sheth welcomed all guests and extended heartfelt congratulations to all students who have earned awards and recognition for their hard work and dedication. Their achievements serve as an inspiration to us all, and we are proud of your accomplishments. It is both an honor and a privilege to stand before you today to felicitate a truly remarkable individual who has set a shining example of dedication and excellence. She also motivated all the students present to excel in the fields of their choice.

★ Event Highlights Award Categories & Winners

| Higher Secondary Certificate (HSC) or Senior Secondary Certificate | | | |
|---|---|---|---|
| Sr.No. | Names | Sr.No. | Names |
| 1 | P. Pratvi Sanjaybhai Maradiya , Manavadar  | 6 | P. Rutu Himanshubhai Vaidya , Baroda  |
| 2 | P. Nensi Sandipbhai Maradiya , Manavadar  | 7 | P. Kavya Tapanbhai Bhatti, Naroda  |
| 3 | P. Twisha Milidbhai Gawade , Jaipur  | 8 | P. Maitri Nimitbhai Patel , Baroda  |
| 4 | P. Trisha Kalpeshbhai Dobariya , Rajkot  | 9 | P. Kavya Gaurangbhai Thakkar , Baroda  |
| 5 | P. Mahir Darshanbhai Kotak , Ahmedabad  | | |

## Bacheolar Degree

| Sr.No. | Names | Sr.No. | Names |
|---|---|---|---|
| 1 | P. Bhakti D. Vaghela, VVN<br>Bachelor of Laws (L L B)  | 7 | P. Mansvi R. Sohaliya , Surat<br>Bacheolar of Computer Application  |
| 2 | P.Muskan H.Purohit,VVN<br>Bacheolar of Arts (Hindi)  | 8 | P. Nirmal G. Kaneriya , Mangrol<br>B Tech ( Computer engineering )  |
| 3 | P. Nenshi H. Changani, Rajkot<br>Bachelor of Biomedical Engineering  | 9 | P. Megh V. Mistry, Nadiad<br>BSc in information Technology  |
| 4 | P. Khushbu P.Vadhadiya, Rajkot<br>Bachelor of Commerce  | 10 | P. Samyak P.Gosaliya, Naroda<br>B Tech (Electrical Engineering )  |
| 5 | P. Ria A Kirange , Ahmedabad<br>Bachelor of Science in Nursing  | 11 | P. Pranav K. Chaudhari, Rajpipla<br>B.Ed  |
| 6 | P. Sujal J. Sohaliya, Surat<br>Bachelor of Science in Information Technology  | | |

## Master Degree

| Sr.No. | Names | Sr.No. | Names |
|---|---|---|---|
| 1 | P. Xama Pankajbhai Patel, VVN<br>MPT in Physiotherapy  | 3 | P. Sanjivani Jigarbhai Modi , Naroda<br>MBA (Finance)  |
| 2 | P. Mahima K. Acharya, Ahmedabad<br>MBA (Public Finance)  | 4 | P. Pranav Zambre , Baroda<br>Master of Technology in Big Data & Block Chain  |

## Extracurricular Activities

| Sr.No. | Names | Sr.No. | Names |
|---|---|---|---|
| 1 | P.Muskan H.Purohit, VVN<br>“Stree Shakti Sanman ” award on IWD  | 6 | P. Rudra Dhruv, Hyderabad<br>Excellent performance as Champion in children's chess tournament  |
| 2 | P. Ranjani Sharma , Mogri<br>“Stree Shakti Sanman ” award on IWD  | 7 | P. Vansh Anilbhai Patel , Naroda<br>Man of the match and best player in the Cricket Tournament  |
| 3 | P. Anvika K. Dewoolkar, Mumbai<br>Gold Medal in English & Mathematics Olympiad Examinations.  | 8 | P. Jevin Dhaval Dattani, Mumbai<br>Outstanding and exemplary performance in the National Phonics Olympiad  |
| 4 | P. Divy D. Parmar,Ahmedabad<br>Excellent performance in Tabla  | 9 | P. Darsh Milankumar Dubal , Than<br>Successfully passed National Cadet Corps (NCC) Certificate 'A' Examination  |
| 5 | P. Shashwat Parsania,VVN<br>Excellent Performance in Principals of management by NPTEL.  | | |

The event was a vibrant celebration of academic excellence, dedication, and perseverance, recognizing those who have brought pride and glory to the institution through their outstanding performance.

The students with first class were awarded certificates in their subjective field in the recently concluded final exams held in the year 2026 along with smruti bhet, prasad and honorarium.

As we celebrate this achievement, we wish our students continued success in their future endeavors. May this milestone inspire and motivate them to strive for excellence in all aspects of life.

We express our heartfelt gratitude to the Guruswarupos, parents and their teachers for their unwavering support and cooperation. Together, we have made this achievement possible.

All the students were applauded for not only their academic brilliance but also for their commitment to learning, discipline, and character — qualities that define true success. The proud faces of the students, combined with the emotional gestures from the audience, made the occasion truly memorable and inspiring for all present.

## Report of Blood Donation Camp

The blood donation camp was organized by Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar on Sunday, 30th August 2026, at Pragati Mandal Hall, Vallabh Vidyanagar, with the support of A.D.Gorwala Blood Bank, Karamsad.

The camp was inaugurated at 2.00 pm with offering of garland & prayers to Thakorji by two of our spiritual leaders, P. Dr.Nilaben Nanavati and P. Sarojben Machhar. We received blessings from them for smooth conduction of the whole programme.

A team 15 members of qualified doctors, nurses, and volunteers from A.D.Gorwala Blood Bank, Karamsad managed the blood collection process. They ensured proper medical facilities, registered donors, and conducted quick health screenings for suitability. Health checks were provided to ensure each donor's safety. The camp continued up to 4.00pm.

Gunatit Jyot sisters, Our haribhaktos, Gunatit Prakash brothers and Pappaji group Bhaio willingly donated blood.

The atmosphere was one of enthusiasm and service. Donors were provided with refreshments, incentives and received appreciation certificates as a token of gratitude. 28 units of blood were collected.

Our trust has been organizing blood donation camps every year since 2011. Blood donation camps are important because they save lives by providing a vital, life-sustaining resource that cannot be manufactured, support emergencies and chronic illnesses, foster a sense of community and social responsibility, raise awareness about donation, provide donors with health screenings, and encourage a culture of compassion and altruism. These camps ensure a steady, safe supply of blood through voluntary donors, which is essential for countless medical procedures and treatments. Donation of blood is very critical and crucial for saving lives of many patients and those who have met with accidents. It is as such a great service & contribution to the society and people living in it.

Shree Gunatit Jyot Mahila Trust expressed their sincere thanks to A.D.Gorwala Blood Bank, Karamsad for its invaluable support and the donors for their generous contribution, promising to continue such meaningful initiatives.



**સ્વામીશ્રીજી ૧/૯/૯૪**

પ્રથમ પ્રભુ પછી પગલું.
મૂર્તિ પાસે કામ કરાવતા શીખો
તે સાધનાની પૂર્ણાહુતિ.
પંચામૃત પ્રમાણે જાગ્રત રહીને
જીવવાથી મૂર્તિ કામ કરતી થશે.
માહાત્મ્યસભર જીવન તે જ
અક્ષરધામનું પૃથ્વી ઉપર જીવન.
તેવુ જીવવાનું સર્વને બળ મળે તેવી
પ્રાર્થના ને આશીર્વાદ

તમારા જ પપ્પાના
જય સ્વામિનારાયણ

## સપ્ટેમ્બર-૨૦૨૬ની આજ્ઞા...
## શાશ્વત પપ્પાજીની પ્રેરણા



શ્યામ મમ મન ધામ રહો...
એ લગન...એવી લગન...એ લગન (૨)
મમ હર પળ સનાતન બનો...
એ લગન...એવી લગન...એ લગન (૨)
હરિ પરથમ સદા રહેજે, પછી કદમ માંડુ સ્હેજે (૨)
જીવું હરદમ રાંકભાવે, લાગે સ્વધર્મ એ જ મને
મારું જીવન હો ‘તું’ માં મગન...(૨)
એ લગન...(૨)




Blood Donation Camp, Vallabh Vidyanagar











તા.૧૫.૮.૨૦૨૬ : ભાઈઓની શિબિર...

























## તા.૨૦.૮.૨૦૨૬ : પ.પૂ.હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન
## ‘પ્રેરણા પીયૂષ પર્વ’ નિમિત્તે મહિમાગાનની સભા...



સ્વાગત અને ભાવાર્પણ...



ગરિમામાં રત ભક્તવૃંદ...



# તા.૨૩.૮.૨૦૨૬ : પ.પૂ.હંસાદીદીના 'પ્રેરણા પીયૂષ પર્વ'ની ઉજવણી...



સ્વાગત વંદના...









ભાવનૃત્ય અને સંવાદ મહિમા દર્શન...


















ભાવ વંદના...





















ભક્તો તરફથી હાર અર્પણ...




























ગરિમા વંદના...









## પ.પૂ.હંસાદીદીના 'પ્રેરણા પીયૂષ પર્વ'ની જય જય જય...

તા.૧.૯.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના પ્રાગટ્યદિનની ઉજવણી...





















ભાવાર્પણ અને માહાત્મ્ય વંદના...








તા.૧.૯.૨૦૨૬ : પ્રભુકૃપા તીર્થધામે ગુરુહરિ પપ્પાજી મહારાજના પ્રાગટ્ય નિમિત્તે અન્નકૂટ ઉત્સવ...







કીર્તન આરાધના...







ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્યદિનની સભા...
પ.પૂ.ગુરુજી મહારાજ (દિલ્હી) બ્રહ્મલીન થયાં તે નિમિત્તે પ્રાર્થના સભા...









## તા.૨૯.૮.૨૦૨૬ : બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય ગુરુજી મહારાજની બ્રહ્મલીન લીલા....









પૂજન અને ભાવાંજલિ...













અંતિમ દર્શન અને અશ્રુભીની વિદાય...











પરમ પૂજ્ય કાકાજી મહારાજના સમાધિ સ્થાને અંત્યેષ્ટિ વિધિ...





તા.૯.૯.૨૦૨૬ : ત્રયોદશીની મહાપૂજા...







To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



દિલ્હી :'તાડદેવ' શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરના અધિષ્ઠાતા
બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય ગુરુજી મહારાજ (પ.પૂ.મુકુંદજીવનસ્વામીજી)
સંપ, સુહૃદભાવ, એકતા દ્રઢ કરાવો...

Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India